શિર્ક ઠેહરે જિસ મેં તાઝીમે હબીબ
ઉસ બુરે મઝહબ પે લાનત કીજીયે
અઝ : ઈમામ અહમદ 'રઝા'

# વહાબી-ફિત્નાનો ઈતિહાસ




લેખક : મુનાઝિરે એહલેસુન્નત, માહિરે રઝવીયાત
અલ્લામા અબ્દુસ્સતાર હમદાની "મસરૂફ"(બરકાતી-નૂરી)



:: પ્રકાશક ::
મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા
ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર. (ગુજરાત)

● કિતાબનું નામ ●

# વહાબી ફિત્નાનો ઈતિહાસ

● લેખક ●

મુનાઝિરે એહલે સુન્નત

**અલ્લામા અબ્દુસ્સતાર હમદાની 'મસ્રૂફ'**

(બરકાતી–નૂરી)

● પ્રસ્તાવના ●

(મર્હુમ) ખત્રી અલ્હાજ અલીમોહંમદ મુસા ગિરાચ

● પ્રુફ રિડીંગ ●

હાજી શબ્બીર અ. સત્તાર હામદાણી

પ્રકાશન વર્ષ : ઓક્ટોબર – ૨૦૦૯

આવૃતિ : પહેલી

પ્રત : ૧૧૦૦

**કિતાબ મેળવવાનું સ્થળ**

(૧) મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા – પોરબંદર (ગુજરાત)

(૨) કલીમ બુક ડીપો, ખાસ બજાર, અમદાવાદ (ગુજરાત)

(૩) બોમ્બે સ્ટેશનરી માર્ટ, લીબર્ટી રોડ, પોરબંદર (ગુજરાત)

# અભિપ્રાય

## વાંચો વંચાવો અને ઈમાન સુરક્ષિત કરી લો !

સર્વે તારીફ અલ્લાહ રબ્બુલ ઈઝઝતને માટે છે અને સમગ્ર પ્રસંશા અલ્લાહના પ્યારા રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને માટે છે.

મારા સુન્ની બિરાદરો ! આપના હાથમાં જે પુસ્તક છે, તે આજથી અમુક સમય પહેલાં લખાઈ ચુકયું હતું પણ સંજોગવશાત તે પ્રગટ થઈ શકયું નહીં આજે આ પુસ્તક **"વહાબી ફિત્નો"** પ્રસ્તુત કરતાં ખૂશી અનુભવું છું એટલા માટે કે સામાન્ય જનોને વહાબી ફિત્નાની જાણકારી નથી. ભોળા મુસલમાનોને ઈસ્લામના નામે ગુમરાહ કરનારા નમાઝ કલ્મા શિખવાડનારી તબ્લીગી જમાત કે એહલે હદીષ, નજદી વહાબી કે દેવબંદી વહાબી વિષે ઉંડું જ્ઞાન ધરાવતા નથી. જેથી આવા બાતિલ ફિર્કાઓના શિકાર બની જાય છે. બાતિલ ફિર્કાઓ અમલની ચમકથી સુન્ની મુસલમાનોને આંજી દે છે. સુન્ની મુસલમાનો ગુમરાહ બાતિલ ફિર્કાઓની જાળમાં ન ફસાય જાય, તે માટે આ પુસ્તક સચોટ માર્ગદર્શન આપી દીવાદાંડીનું કામ કરશે. ઈન્શાઅલ્લાહ !

અત્યારે આ પુસ્તકના બે પ્રકરણ આપની સમક્ષ પહેલા ભાગ સ્વરૂપે પ્રસ્તુત છે. બીજો ભાગ ઈન્શાઅલ્લાહ હવે પછી સંપુર્ણ થઈ જતાં વહેલી તકે આપના હાથમાં હશે. "વહાબી–ફિત્ના" ના લેખક સુન્નીયતના અમલ બરદાર, મસ્લકે આલા હઝરતના સાચા શયદાઈ, દીને હકના મુજાહિદ **જનાબ અ. સત્તાર સાહેબ હામદાણી છે**. રબ્બે કદીર આપના ઈલ્મમાં અમલમાં, ઈખ્લાસમાં બરકત અને નૂરાનીયત આપે અને આ પુસ્તકમાં જો કાંઈ ક્ષતિ વાંચક વર્ગને જણાય આવે તો મેણા–ટોણા મારવા કરતાં ગંભીરતા પૂર્વક અમોને જાણ કરે જેથી હવે પછીની આવૃતિમાં નિવારણ થઈ શકે.

**જહાં ભૂલૂં બતા દે તૂં, બહક જાઉં હિદાયત કર,**
**જો હો લગઝિશ તો મુજ કો થામ મેરા મહેરબાં હોકર.**

દુઆગો,

પોરબંદર, **(મર્હુમ) ખત્રી અલ્હાજ**

૧૧–૭–૯૯ **અલીમોહંમદ મુસા ગિરાચ**

૭૮૬/૯૨

**" મસ્લકે આલા હઝરત ઝિન્દાબાદ. "**

**મુલ્કે સુખન કી શાહી તુમ કો રઝા મુસલ્લમ**
**જિસ સમ્ત આ ગએ હો સિક્કે બિઠા દીયે હૈં**

(અઝ : આલા હઝરત)

જે કિતાબનો ખૂબ જ આતુરતા પૂર્વક ઈન્તેઝાર હતો, તે કિતાબ – હદાઈકે બખ્શિશનું સ્પષ્ટીકરણ (શર્હ) ઉર્દુમાં દળદાર બે વિભાગમાં, લગભગ ૧૨૦૦ પેજમાં ખૂબ જ સરળ શૈલીમાં એહલે સુન્નતના ઓલમા તથા ઉર્દુ જાણનારાઓ માટે અણમોલ ભેટ –

# ઇરફાને રઝા
# દર
# મદહે મુસ્તફા

**–:: સ્પષ્ટીકરણ કર્તા ::–** મુનાઝિરે એહલે સુન્નત

**અલ્લામા અબ્દુસ્સત્તાર અ. હબીબ હામદાણી 'મસ્રૂફ'**

કિંમત રૂા. ૧૫૦/– (૨ જિલ્દના) પોસ્ટેજ ખર્ચ ૨૫/– અલગ

**◈ પ્રાપ્તિ સ્થાન ◈**

## મરકઝે એહલે સુન્નત બરકાતેરઝા

**ઈમામ એહમદ રઝા રોડ, પોરબંદર (ગુજરાત)**

# પ્રસ્તાવના

ઈસ્લામના ઉદયકાળથી લઈને અત્યાર સુધી મિલ્લતે ઈસ્લામીયાએ અનેક ફિત્નાઓનો મુકાબલો કર્યો છે. બાની–એ–ઈસ્લામ, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના મુકદ્દસ ઝમાનામાં જ "ઈસ્લામ વિરોધી લોબી" અસ્તિત્વમાં આવેલી. તે લોબીએ ઈસ્લામને નષ્ટ કરી નાખવા અનેક પેંતરા અજમાવી જોયા. કયારેક ખુલ્લમ ખુલ્લા શત્રુ તરીકે મેદાનમાં આવ્યા, તો કયારેક છુપા સ્વરૂપે આવ્યા. ખુલ્લમ ખુલ્લા મેદાનની જંગમાં ઈસ્લામના શત્રુઓ હમેશાં ધૂળ ચાટતા થએલા, જેથી તેઓ મેદાનની લડાઈમાં, પ્રત્યક્ષ સ્વરૂપે સામે આવવાનું હમેશાં ટાળતા રહ્યા અને પરોક્ષ રીતે પડદા પાછળના સંચાલન દ્વારા, ઈસ્લામના જાણભેદુ બની, હિતેચ્છુનો સ્વાંગ સજીને હિત–શત્રુ તરીકેની વ્યવસ્થિત કામગીરી બજાવતા આવ્યા.

પહેલી સદી હિજરીથી લઈને ચૌદમી સદી હિજરી સુધી ઈસ્લામમાં મઝહબના નામે અનેક વિવાદો ફિત્નાઓ સ્વરૂપે ઉપસ્થિત થયા. તે ફિત્નાઓએ મિલ્લતે ઈસ્લામીયાની એકતા અને અખંડિતતાના પાયા હચમચાવી નાખ્યા, પણ દરેક યુગમાં ઉત્પન્ન થએલા ફિત્નાઓના માથા કચડી નાખવા માટે ઇસ્લામના મહાન બુઝુર્ગોએ મહાન સેવાઓ બજાવીને તે ફિત્નાઓની આંધી સામે મિલ્લતે ઈસ્લામીયાનું મઝબૂત કિલ્લા રૂપે રક્ષણ કર્યુ. ભૂતકાળ ના તે ફિત્નાઓમાંના મોટા ભાગના ફિત્નાઓ તો એવા નેસ્તો–નાબૂદ થયા કે તેના અવશેષો પણ બાકી નથી રહ્યા ત્યાં સુધી કે તે ફિત્નાનું નામ, તેના સર્જક, સમર્થકો અને અનુયાયીઓના

નામ પણ ઈતિહાસના પૃષ્ઠોમાં ઓઝલ થઈ ગયા છે. સામાન્ય જન સમુદાય તેવા ફિત્નાઓથી સદંતર અજ્ઞાન છે.

પણ...

ચૌદમી સદી હિજરીમાં ઈસ્લામમાં એક મહાન ફિત્નો **"નજદી–વહાબી–ફિત્નો"** ઉત્પન્ન થયો. તે ફિત્નાના સર્જકો, સંશોધકો, ઉત્પાદકો અને સમર્થકો શિયાળ જેવા લુચ્ચા બ્રિટીશરો હતા. મિલ્લતે ઈસ્લામીયાની એકતા અને સંગઠનને મઝહબના નામે છિન્ન ભિન્ન કરી નાખવા વ્યવસ્થિત આયોજન હેઠળ ઈસ્લામના મઝબૂત પાયાઓને વિશ્વસ્તરે ઉખેડી નાખવા માટે અંગ્રેજોએ **"નજદી–વહાબી–પંથ"** ની યોજના બનાવી અને તે અંગેના નિયમો અને મુદ્દાઓ ઘડી કાઢયા. આ યોજનાના સફળ અને અસરકારક પરિણામો લઈ આવવા માટે અંગ્રેજોએ સંયમ અને ધીરજથી કામ લીધું. નાટકના તખ્તા પર **"નટ"** તરીકેની ભૂમિકા ભજવવા માટે યોગ્ય પાત્ર માટે મહેનત પૂર્વકની શોધખોળ આરંભી અને તેઓને મન–માનીતો **"કલાકાર"** મળી ગયો.

અંગ્રેજ જાસૂસ મિસ્ટર હમફ્રેના અથાગ પ્રયત્નો અને જહેમત ભરી કામગીરીને અંતે નાટકના સર્જકો અને આયોજકોને પોતે પડદા પાછળ રહીને પોતાના નાટકમાં સફળ અદાકારી કરી શકે તેવો **"નાયક"** નહી બલ્કે **"ખલનાયક"** મળી ગયો. જેનું નામ **"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી"** હતું . જેને હવે પછી આપણે **"શયખે નજદી"** ના નામે સંબોધન કરશું.

"શયખે નજદી" એક જીજ્ઞાસુ, ઈર્ષાળુ, લાલચુ અને અતિ મહત્વાકાંક્ષી શખ્સ હતો. તુર્કીસ્તાનની "ઉસ્માની સલ્તનત" પ્રત્યે તેને પૂર્વગ્રહ અને વેરભાવ હતો. તેને પોતાની નામનાની બહુ જ ખેવના હતી. કંઈક કરી છુટીને નામના મેળવવી હતી. **"નામાંકિત"** નહીં તો છેવટે **"નામચીન"** તરીકે પણ પંકાવવું હતું. તેની આ મનોવૃત્તિનો **અંગ્રેજ જાસૂસ હમફ્રેએ** પૂરેપૂરો ગેરલાભ ઉઠાવીને તેને **"બલીનો બકરો"** બનાવી દીધો. વ્યવસ્થિત આયોજનના સફળ અમલીકરણ માટે અંગ્રેજ જાસૂસ હમફ્રેએ વહાબી–તબલીગી જમાઅત પંથના સ્થાપક **"શયખે નજદી"** ને **"શરાબ"** અને **"સુંદરી"** ના રવાડે ચડાવી દઈને તેને **"શરાબો – શબાબ"** નો પાકો બંધાણી બનાવી દીધો. જેની વિસ્તારપૂર્વક ની માહિતી આ પુસ્તકમાં આધારભૂત કિતાબોના સચોટ હવાલાઓ અને પુરાવાઓ સાથે આલેખવામાં આવી છે.

અગાઉ વર્ણન કર્યું તે મુજબ ઈસ્લામમાં ઉત્પન્ન થએલા અનેક ફિત્નાઓ સદંતર નષ્ટ થઈ ગયા, પણ અંગ્રેજોએ ઉત્પન્ન કરેલો **"વહાબી મઝહબનો ફિત્નો"** દિન–પ્રતિ–દિન નવા નવા વાઘાઓ પહેરી, નવા નવા સ્વાંગો સજીને પોતાની **"બાતિલ–શક્તિ"** નો પરચો બતાવી રહ્યો છે. શયખે નજદીએ આરંભેલો "વહાબી ફિત્નો" સમગ્ર વિશ્વમાં છવાઈ ગયો. વહાબી ફિત્નાના વિનાશક વાવાઝોડા સામે મિલ્લતે ઈસ્લામીયાના મહાન બુઝુર્ગો અને આલિમોએ જબરી ટક્કર લીધી. પણ વહાબી મઝહબના અકીદાઓની ગંદકી જાહેર કરી ગુસ્તાખીએ રસૂલની બદ–અકીદગીની ગંદકીથી ખરડાએલા વહાબી નજદી પંથી મુનાફિકોએ તૌબા અને દિલગીરીના અમૃત જળ દ્વારા પાક થવાની પ્રેરણા લેવાના બદલે પોતાના ગંદા અકીદાઓની ગંદકી ઉપર તબલીગ જમાતનું

રેશમી આવરણ ઢાંકી **"નયા જાલ લાએ પુરાને શિકારી"** ની કહેવત સાર્થક કરી રહ્યા છે.

શયખે નજદી કોણ હતો ? તેના અકીદાઓ શું હતા ? તેણે મિલ્લતે ઈસ્લામીયા પર કેવા અમાનુષી અત્યાચારો કરેલા ? તે સમગ્ર દાસ્તાન આ કિતાબમાં વાંચવા મળશે. શયખે નજદીએ પોતાના બાતિલ અકીદાઓના પ્રચારાર્થે કુરઆન અને હદીષના મનઘડત અર્થઘટનો કરીને ગુમરાહ કરનારી એક કિતાબ **"અત્તૌહીદ"** નામે લખેલી. જેમાં **અંબિયાએ કિરામ** અને સૈયેદુલ અંબિયા **હુઝૂરે અકદસ રહેમતે આલમ** (સલ્લલ્લાહો તઆલા અલયહે વ અલૈહીમ વસલ્લમ) ની પેટ ભરીને ગુસ્તાખીઓ કરેલી. આ કિતાબની ઉર્દુ આવૃતિ એટલે **"તકવીયતુલ ઈમાન"**. જેનો લેખક વહાબી–તબલીગી જમાઅતનો ભારત ખાતેનો ઈમામે અવ્વલ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી. મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીને તેના ગંદા અકીદાઓના કારણે "બાલાકોટ" ખાતેના સરહદના સુન્ની મુસ્લિમોએ મારી નાખેલો. જેની વિસ્તૃત માહિતી મારી લખેલી કિતાબ **"ભારતના દોસ્ત અને દુશ્મન"** માં છે. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીને વહાબી–તબલીગી જમાઅતના લોકો "મૌલાના–શહીદ" ના નામે યાદ કરે છે. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની વર્ણનીય કિતાબ **"તકવીયતુલ–ઈમાન"** આરંભથી અંત સુધી કુરઆને મજીદ અને હદીષ શરીફના મનઘડત અર્થઘટનો અને ઉપજાવી કાઢેલા ભાવાર્થો પર જ આધારિત છે. આ કિતાબમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ આગ ઓકતા કથનો લખીને હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ, તમામ અંબિયાએ કિરામ તથા ઔલિયા–એ– કિરામની જનાબમાં હળહળતી ગુસ્તાખીઓ કરીને સમગ્ર ઈસ્લામી જગતને આઘાતનો આંચકો આપવાની સાથે

સાથે કાયમી ધોરણે મુસ્લિમોને મઝહબના નામે વિવાદ, વિખવાદ, વમુખતા, વિનાશકતા, ઝઘડા અને ઝંઝાવાતમાં સંડોવી દીધા. જેનો અંદાઝો મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની વર્ણનીય કિતાબના ફકરાઓથી આવી જશે.

◉ નબી અને વલી માટે ઈલ્મે ગૈબનો અકીદો રાખનારો તથા નબી અને વલીને પુકારનારો મુશરિક છે. (તકવીયતુલ ઈમાન, પેજ નં. ૧૮,૧૯, પ્રકાશક : દારૂસ્સલફીયા, મુંબઈ)

◉ જેનું નામ મોહમ્મદ અથવા અલી છે, તે કોઈપણ ચીઝનો મુખ્તાર નથી. (પેજ નં. ૭૦)

◉ અંબીયા અને ઔલીયા અલ્લાહની રૂબરૂ ઝર્રએ નાચીઝ (તુચ્છ કણ) થી પણ તુચ્છતર છે. (પેજ નં. ૯૨).

◉ દરેક મખ્લૂક મોટો હોય કે નાનો, તે અલ્લાહની શાન સમક્ષ ચમાર થી પણ વધુ તુચ્છ છે. (પેજ નં. ૩૦)

◉ અલ્લાહના સમગ્ર મુકર્રબ બંદાઓ એટલે કે ઔલીયા, અંબીયા ઈમામઝાદા, પીર અને શહીદ લાચાર બંદા અને આપણા મોટાભાઈ છે. (પેજ નં. ૯૯)

◉ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ મરીને માટીમાં ભળી ગયા. મઆઝલ્લાહ. (પેજ નં. ૧૦૦)

ઉપરોક્ત સાત (૭) કથનો દ્રષ્ટાંત રૂપે વાંચકોની સેવામાં રજૂ કર્યા છે. **"તકવીયતુલ ઈમાન"** કિતાબ આરંભથી અંત સુધી આવા ઈમાન વિહોણા અને ઈમાન ભક્ષક કથનોથી ભરેલી છે. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની વર્ણનીય કિતાબ વહાબી તબલીગી—જમાઅત માટે **"સંસ્થાકીય બંધારણ"** ની હેસીયત ધરાવે છે.

**◉ તબલીગ જમાઅતના સ્થાપક મોલ્વી ઈલ્યાસ કાંધેલવીના પીર અને ઉસ્તાદ મોલ્વી રશીદ અહમદ ગંગોહીનો એક ફત્વો અત્રે રજૂ છે :–**

**"ઔર કિતાબ તકવીયતુલ—ઈમાન નિહાયત ઉમદા કિતાબ હે ઔર રદ્દે શિર્કો—બિદઅત મેં લા—જવાબ હૈ. ઈસ્તદલાલ ઉસ કે બિલ્કુલ કિતાબુલ્લાહ ઔર અહાદીષ સે હૈં. ઉસ કા રખના ઔર પઢના ઔર અમલ કરના અયન ઈસ્લામ હૈ ઔર મોજિબ અજ્ર કા હૈ."**

(હવાલા માટે જુઓઃ— **"ફતાવા—રશીદીયા"** અઝઃ— મોલ્વી રશીદ અહમદ ગંગોહી, પ્રકાશક :— મકતબા થાન્વી, દેવબંદ (યુ.પી.) પ્રકાશન વર્ષ ૧૯૮૭, પેજ નં. ૭૮)

**–: અનુવાદ :–**

"અને કિતાબ તકવીયતુલ ઈમાન અત્યંત સરસ પુસ્તક છે અને શિર્ક તથા બિદઅતના ખંડનમાં લા—જવાબ છે. તે પુસ્તકમાં રજુ કરેલી દલીલો અલ્લાહની કિતાબ અને હદીષો પર આધારિત છે. તે પુસ્તક રાખવું કે વાંચવું અને અમલ કરવું વાસ્તવિક ઈમાન અને પુણ્યનું કારણ છે."

ઉપરોક્ત ફકરા પર સ્થળ સંકોચના કારણે વિસ્તૃત વિવેચન ન કરતાં ફકત એટલું જ કહેવાનું કે **"શયખે—નજદી"** ની ગુમરાહ કરનારી કિતાબ **"અત્તૌહીદ"** ની ઉર્દુ આવૃતિ રૂપે આલેખાએલી કિતાબ **"તકવીયતુલ—ઈમાન"** ને મોલ્વી રશીદ અહમદ ગંગોહી સરસ પુસ્તક અને કુરઆન અને હદીષો પર આધારિત કહીને તેને રાખવાની, વાંચવાની અને અમલ કરવાની પ્રેરણા આપી રહ્યા છે અને ત્યાં સુધી લખી નાખ્યું કે **"વાસ્તવિક ઈમાન"** અને સવાબનું કારણ છે.

◉ શયખે—નજદી વિષે મોલ્વી રશીદ અહમદ ગંગોહીનો એક ફત્વો વાંચકોને માહિતી પ્રદાન કરવાના આશયથી અત્રે રજૂ છેઃ—

**સવાલ :– અબ્દુલ વહાબ નજદી કૈસે શખ્સ થે ?**

**જવાબ :– "મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કો લોગ વહાબી કહેતે હૈં. વો અચ્છા આદમી થા. સુના હૈ કે મઝહબ હમ્બલી રખતા થા ઔર આમિલ બિલ હદીષ થા. બિદઅત વ શિર્ક સે રોકતા થા, મગર તશદદુદ ઉસ કે મિઝાજ મેં થી."**

(હવાલા માટે જુઓ :— **"ફતાવા રશીદીયા"**, પેજ નં. ૨૮૦)

◉ એક અન્ય ફત્વો નિરક્ષણ કાજે પ્રસ્તુત છે.

**સવાલ :– વહાબી કોન લોગ હંય, ઔર અબ્દુલ વહાબ નજદી કા કયા અકીદા થા, ઔર કોન મઝહબ થા, ઔર કૈસા શખ્સ થા ?**

**જવાબ :– "મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કે મુકતદીયોં કો વહાબી કહેતે હંય. ઉન કે અકાઈદ ઉમદા થે ઔર મઝહબ ઉન કા હમ્બલી થા."**

(હવાલા માટે જુઓઃ– **"ફતાવા રશીદીયા"**, પેજ નં. ૨૮૦)

ઉપરોકત બન્ને ફત્વામાં મોલ્વી રશીદ અહમદ ગંગોહી "શયખે નજદી" ને સારો માણસ, હદીષ પર અમલ કરનારો અને ઉમદા અકીદાઓ વાળો કહી રહ્યા છે. શયખે–નજદી કેવો શખ્સ હતો ? તેનો ફેસલો આ કિતાબમાં રજૂ કરેલા સચોટ પુરાવાઓના વાંચન બાદ ખૂદ વાંચકો જ કરે. પણ વહાબી તબલીગી જમાઅતના પેશ્વા **"શયખે–નજદી"** ના "મૌ–ફાટ–વખાણ" કરી રહ્યા છે.

ગામે–ગામ અને ગલીએ–ગલીએ ખંભે ગાભાં–પોટલા નાખી, લાંબા ઝભ્ભા અને ટુંકા ચડ્ડી જેવા લેંઘા પહેરી, નમાઝની તબલીગના નામે ભટકતા, દંભી અને રિયાકારોની ટોળકી અવાર–નવાર દ્રષ્ટિગોચર થાય છે. **આ લોકો નમાઝના પ્રચારના નામે "વહાબી–અકીદાઓ" નો વ્યવસ્થિત અને ગુપ્તપણે પ્રચાર કરે છે.** અકીદાઓની બાબતમાં તેઓને જયારે પ્રશ્ન પૂછવામાં આવે છે, ત્યારે **"જાન છોડાવવા"** ગોખી રાખેલો ટૂંકો ને ટચ એક જ ઉત્તર આપે છે **કે અમો બહેસ (વાદ – વિવાદ) નથી કરતા, બહેસ કરવાની અમોને મનાઈ છે.** વિશેષમાં ભોળાભાળા અને અજ્ઞાની મુસ્લિમોને પોતાની પ્રપંચી જાળમાં ફસાવવા એવું હળાહળ જુઠાણું ચલાવે છે કે અમો વહાબી

પંથી નથી. અમારી જમાત તો અલગ છે. અમારૂં કામ તો ફકત કલ્મા અને નમાઝની ચળવળ ચલાવવા પુરતું જ મર્યાદિત છે. ઘણા લોકો તેઓના બાહ્ય દેખાવ, પવિત્રતાના ડોળ ડફોળ, નમાઝની પ્રવૃતિની દંભી ચેષ્ટાઓ, અને કાર્ય પદ્ધતીથી ભોળવાઈને તેઓ પ્રત્યે આકર્ષાઈ જાય છે. અને તેઓનો લૂલો બચાવ કરે છે કે આ લોકો તો બિચારા ભોળાભાળા અને સીધા સાદા નમાઝના પ્રચારકો છે. આ લોકો વહાબી નથી અને આ લોકોના અકીદાઓ પણ ખરાબ નથી.

પણ....

✪ તબલીગ જમાઅતના સ્થાપક મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વી, સોગંદપૂર્વક કહે છે કે આ નમાઝની ચળવળ નથી. એક હવાલો અત્રે રજૂ છે :–

**"એક મરતબા અપને અઝીઝ મોલ્વી ઝહીરૂલ હસન સાહબ (એમ.એ અલીગઢ) સે ફરમાયા જો એક વસીઉન્નઝર આલિમ થે" :–**

**"ઝહીરૂલ હસન ! મેરા મુદ્દઆ કોઈ પાતા નહીં. લોગ સમઝતે હંય કે યે તેહરીકે સલાત હય. મૈં કસમ સે કહેતા હૂં કે યે હરગિઝ તેહરીકે સલાત નહીં" એક રોઝ બડી હસરત સે ફરમાયા કે, – "મીંયા ઝહીરૂલ હસન, એક નઈ કૌમ પેદા કરની હય."**

(હવાલા માટે જુઓ :– "મૌલાના મુહમ્મદ ઈલ્યાસ ઔર ઉન કી દીની દાવત" લેખક :– અબૂલ હસન નદવી, પ્રકાશકઃ– ઈદારા ઈશાઅતે દીનીયાત, દિલ્હી પેજ નં. ૨૩૪)

## -: અનુવાદ :-

એક વખત પોતાના પ્રિયજન મોલ્વી ઝહીરૂલ હસન સાહેબ (એમ.એ. અલીગઢ) થી કહ્યું કે જે એક દીર્ઘ દૃષ્ટિવાળા આલીમ હતા :–

"ઝહીરૂલ હસન ! મારા ધ્યેયની કોઈને ખબર નથી. લોકો એવું સમજે છે કે આ નમાઝ ની ચળવળ છે. હૂં સૌગંદપૂર્વક કહૂં છું કે આ નમાઝની ચળવળ હરગિઝ નથી." એક દિવસ જીજ્ઞાસા ભર્યા સ્વરે કહ્યું કેઃ "મીયાં ઝહીરૂલ હસન ! એક નવી કૌમ પૈદા કરવી છે."

✪ તે **"નવી કૌમ"** એટલે **"વહાબી કૌમ"**, તબલીગ જમાઅતનો મુખ્ય ધ્યેય વહાબી અકીદાઓનો પ્રચાર જ છે. જેનો એકરાર પણ ખૂદ તબલીગ જમાઅતના સ્થાપક મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વીએ કર્યો છે. હવાલો રજૂ છે :–

**"એકબાર ફરમાયા : હઝરત મૌલાના થાન્વીને બહોત બડા કામ કિયા હૈ. બસ મેરા દિલ યે ચાહતા હૈ કે તા'લીમ તો ઉન કી હો, ઔર તરીકએ તબલીગ મેરા હો કે ઈસ તરહ ઉન કી તા'લીમ આમ હો જાએગી."**

(હવાલા માટે જુઓ:– "મલ્ફૂઝાત મૌલાના ઈલ્યાસ" સંપાદક:– મોલ્વી મન્ઝૂર નોઅમાની, પ્રકાશક :– ઈદારા ઈશાઅતે દીનીયાત, દિલ્હી. મલ્ફૂઝ નં. ૫૬, પેજ નં. ૫૮)

## -: અનુવાદ :-

"એક વખત કહ્યું: હઝરત મૌલાના થાન્વીએ બહુજ મોટું કામ કર્યું છે. બસ, મારૂં દિલ ઈચ્છે છે કે શિક્ષણ તો તેઓનું હોય અને તબલીગની કાર્ય પદ્ધતી મારી હોય કે જેથી તેઓનું શિક્ષણ ફેલાઈ જશે."

✪ અન્ય એક હવાલો અત્રે રજૂ છે :–

**"ફરમાયા: હઝરત ગંગોહી ઈસ દૌર કે કુતુબે ઈર્શાદ ઔર મુજદ્દિદ થે, લૈકીન મુજદ્દિદ કે લિયે ઝરૂરી નહીં કે સારા તજદીદી કામ ઉસી કે હાથ પર ઝાહિર હો, બલ્કે, ઉસ કે આદમીયોં કે ઝરીએ જો કામ હો વો સબ ભી બિલ–વાસ્તા ઉસી કા હૈ."**

(હવાલા માટે જુઓ :– "મલ્ફૂઝાત મૌલાના ઈલ્યાસ" મલ્ફૂઝ નં. ૧૪૭ પેજ નં. ૧૨૨)

## -: અનુવાદ :-

"કહ્યું :– હઝરત ગંગોહી આ યુગના કુતુબે–ઈરશાદ (વલી) અને મુજદ્દિદ હતા, પરંતુ મુજદ્દિદ માટે જરૂરી નથી કે મુજદ્દિદને લગતું સમગ્ર કામ તેના હાથે જ પરિપૂર્ણ થાય બલ્કે તેના અનુયાયીઓ દ્વારા જે કામ થાય, તે બધું પણ તેના માધ્યમ દ્વારા જ છે."

ઉપરોક્ત બન્ને ફકરામાં તબલીગ જમાતના સ્થાપક મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વી એ હકીકતનો સ્વીકાર કરે છે કે તબલીગ જમાતનું કાર્ય ધ્યેય મોલ્વી રશીદ અહમદ ગંગોહી અને મોલ્વી અશરફ અલી થાન્વીની તાલીમ અને માઘ્યમને અનૂસરીને તથા અનુલક્ષીને છે. મોલ્વી ગંગોહી અને મોલ્વી થાન્વી બન્નેનો સમાવેશ વહાબી–દેવબંદી વર્ગના પેશ્વાઓમાં થાય છે.

**◉ મોલ્વી રશીદ અહમદ ગંગોહીના કુફ્રી અકીદાઓ, અશ્લીલ ચેષ્ટાઓ અને બેહયાઈ ભરી તાલીમ ✦ફતાવા રશીદીયા ✦બરાહીને કાતેઆ ✦તઝકેરતુર્રશીદ ✦અરવાહે સલાષા વગેરે કિતાબોમાં જોવા મળશે.**

**◉ મોલ્વી અશરફઅલી થાન્વીના કુફ્રી અકીદાઓ, હાસ્યાપદ કથનો અશ્લીલ વાણી, ધૃણાસ્પદ વલણ, ચસ્કેલ ભેજાના ઘડી કાઢેલા નિયમો, ઢંગ ધડા વગરના સંશોધનો, દીની મસાઈલમાં વાળેલા છબરડાઓ, વાસના વર્ધક નુસ્ખાઓ, વિકૃત વાસનાના હવાતીયા મારતા વર્ણવેલા પ્રસંગો અને કથનો, ટાઢા પહોરના ગપગેળા જેવી વાર્તાઓ, ચરિત્ર અને સંસ્કારને લાંછનરૂપ વર્ણવેલા કિસ્સાઓ, ઉબકા આવે તેવા ગંદકી ચાટવાના મસ્અલા વગેરે રસ–રમુજ અને રંગતરંગના ઉંધીયાં જેવું ફુટપાથ ટાઈપનું સાહિત્ય ✦હિફઝુલ ઈમાન ✦બહિશ્તી ઝેવર ✦બસ્તુલ બનાન ✦મઝીદુલ મજીદ ✦અલ–કલામુલ હસન ✦અલ–ઈફાદાતિલ યવમીયા ✦હિકાયાતે ઔલીયા (અરવાહે ષલાષા) હુસ્નુલ અઝીઝ ✦અશરફુસ્સવાનેહ ✦ અશરફુત્તમ્બીહ ✦ અલ કવલુલ**

જલીલ ✦જામેઉલ મુજદ્દેદીન ✦અલ–ઈમદાદ (માસિક) ✦ઈમદાદુલ ફતાવા ✦અશરફુલ હિકાયાત વગેરે કિતાબો અને સામયિકોમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે.

◉ તબલીગ જમાઅતના સ્થાપક મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વીનો વહાબી નજદી દેવબંદી વર્ગના પેશ્વાઓ સાથેના સંબંધો, તેઓની શિષ્યવૃતિ, મુરીદ હોવાની હકીકત અને આત્મીયતા અંગેના પુરાવા અત્રે રજુ છે. જેનાથી એ હકીકત નક્કર સ્વરૂપે પુરવાર થશે કે તબલીગ જમાતે વહાબીયતની કુખેથી જન્મ લીધો છે. અને તબલીગ જમાત એટલે વહાબીયતનું "મોર્ડન–મોડેલ" એટલે કે વહાબીયતની સુધારેલી આવૃતિ કે તેનું આધુનિકરણ છે.

◉ "મૌલાના મુહમ્મદ ઈલ્યાસ સાહબ કા વો ઝમાના ગંગોહ મેં ગુઝરા. જબ ગંગોહ આએ તો દસ ગ્યારહ સાલ કે બચ્ચે થે. ગોયા દસ બરસ કા અર્સા મૌલાના કી સોહબત મેં ગુઝરા." (હવાલો :— મૌલાના ઈલ્યાસ ઔર ઉન કી દીની દાવત, પેજ—૫૩)

◉ "ગંગોહ ઉસ વક્ત સુલહા વ ફુઝલા કા મરકઝ થા, ઉન કી ઓર ખૂદ હઝરત મૌલાના રશીદ અહમદ સાહબ કી સોહબત ઔર મજલિસ કી દોલત મૌલાના મુહમ્મદ ઈલ્યાસ સાહબ કો શબો રોઝ હાસિલ થી."

(હવાલો :— "દીની દાવત" પેજ નં. ૫૩)

◉ "મૌલાના ગંગોહી બિલ ઉમૂમ બચ્ચોં ઔર તાલિબ ઈલ્મોં કો બયઅત નહીં કરતે થે ફરાગત ઔર તકમીલ કે બાદ ઉસ્કી ઈજાઝત હોતી થી, મગર મૌલાના ઈલ્યાસ સાહબ કે ગૈર મા'મુલી હાલાત કી બિના પર ઉન કી ખ્વાહિશ વ દરખાસ્ત પર બયઅત કર લિયા."

(હવાલો :– "દીની દાવત" પેજ નં. ૫૪)

◉ "સ.હી. ૧૩૨૬ મેં આપ શયખુલ હિન્દ મૌલાના મેહમૂદ હસન સાહબ કે હલ્ક–એ–દર્સ મેં શિરકત કે લિયે દેવબંદ તશરીફ લે ગએ ઔર તિર્મિઝી ઔર બુખારી શરીફ કી સમાઅત કી." (હવાલો:– "દીની દાવત" પેજ નં. ૫૭)

◉ "હઝરત મૌલાના રશીદ અહમદ સાહબ કી વફાત કે બાદ આપને શયખુલ હિન્દ મૌલાના મેહમૂદ હસન સાહબ સે દરખાસ્ત કી, આપને મૌલાના ખલીલ અહમદ સાહબ સે રૂજુઅ કા મશ્વરા દીયા. ચુનાંચે આપને મૌલાના સહારનપુરી સે અપના તઅલ્લુક કાઈમ કર લીયા ઔર આપ કી નિગરાની ઔર રહેનુમાઈ મેં મનાઝિલે સુલૂક તય કીયે" (હવાલો :– "દીની દાવત" પેજ નં. ૫૮)

◉ "ઈસ અર્સે મેં દુસરે મશાઈખ ઔર મૌલાના ગંગોહી કે દુસરે ખુલ્ફા સે અકીદત મંદી ઔર સોહબત વ ઈસ્તેફાદા કા તઅલ્લુક બરાબર કાઈમ રહા. શાહ અબ્દુર્રહીમ સાહબ રાએપુરી, મૌલાના મેહમુદ સાહબ દેવબંદી ઔર મૌલાના અશરફઅલી સાહબ થાન્વી સે અયસા તઅલ્લુક થા કે ફરમાતે થે યે હઝરાત મેરે જીસ્મ વ જાન મેં બસે હૂએ થે

**ઔર ઉન હઝરાત કો ભી મૌલાના કી ઈમ્તેયાઝી ખુસૂસિયત કી વજહ સે ખુસૂસી મહોબ્બત ઔર લેહાઝ થા."**

(હવાલો :– "દીની દાવત" પેજ નં. ૫૯)

ઉપરોક્ત વર્ણન કરેલા છ (૬) ફકરાઓનું તારણ એ છે કે :–

✪ તબલીગ જમાઅતના સ્થાપક મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વીઃ–

◉ દસ વર્ષની કુમળી વયથી જ વહાબીઓના પેશ્વા મોલ્વી રશીદ અહમદ ગંગોહીની સેવામાં પહોંચી ગયેલ અને લગભગ દસ વર્ષ સુધી રાત–દિવસ સતત ગંગોહી સાહેબની સેવામાં હાજર રહીને શિક્ષણ લીધું.

◉ ગંગોહી સાહેબના મુરીદ અને શાગિર્દ હતા.

◉ દારૂલ ઉલૂમ દેવબંદના શયખુલ હદીષ મોલ્વી મેહમુદુલ–હસનના શિષ્ય બની, તિર્મિઝી અને બુખારી શરીફ પઢી

◉ વહાબીઓના પેશ્વા મોલ્વી ખલીલ અહમદ અંબેઠવીના મુરીદ બની તેમની છત્રછાયા હેઠળ શિક્ષણ લીધું.

◉ વહાબીઓના અન્ય પેશ્વાઓ જેવા કે મોલ્વી અશરફઅલી થાન્વી, મોલ્વી અબ્દુર્રહીમ રાએપુરી વગેરેની સાથે એક આત્મા અને અનેક શરીર જેવા આત્મીયતા ભર્યા સંબંધો હતા.

ટુંકમાં ... મુસ્લિમોમાં વગોવાઈ ગએલી વહાબી જમાતનું મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વીની આગેવાની હેઠળ નવા રૂપ રંગ અને શૃંગાર સાથે **"તબલીગ જમાત"** ના નામે આધુનિકરણ કરવામાં આવ્યું. બન્નેનો ઉદ્દેશ એક જ છે ફકત કાર્યપદ્ધતિ અને

નામકરણમાં વિવિધતા અને ભિન્નતા છે. **"શયખે નજદી"** દ્વારા સ્થાપિત કરેલ **"વહાબી નજદી મઝહબ"**ના પ્રચાર અને પ્રસાર ના મુખ્ય ધ્યેય સાથે તબલીગ જમાતની સ્થાપના કરવામાં આવી છે. પણપોતાના મુખ્ય ધ્યેયને નમાઝ અને કલ્માની ચળવળની ચાદર દ્વારા ઢાંકી ભોળા મુસ્લિમોને ઠગવામાં આવે છે. અને સમય તથા સંજોગની અનુકુળતા પ્રાપ્ત થતાં જ નમાઝ–કલ્માની ચાદરને વળ ચઢાવી તેનો રસ્સો બનાવી, તે રસ્સાનો ગાળીયો બનાવી મો'મીનના ઈમાનના ગળાને વહાબીયતનો ટુંપો આપી દેવામાં પાછી પાની કરવામાં નથી આવતી. શરૂ શરૂમાં નમ્ર, વિનયી સુલેહ પસંદ, એકતાના આગ્રહી, ઉદાર, ભાઈચારાની ભાવનાના સમર્થક અને ગરીબડા દેખાતા તબલીગ જમાતના આખલાઓ પોતાનો પગદંડો જમાવી લીધા બાદ, પોતાનું વર્ચસ્વ જમાવી ખુલ્લમ ખુલ્લા ગુંડાગિરી આચરતા હોય છે. પોતાના ગુમરાહ પંથમાં જોડાવાનો ઈન્કાર કરનારાઓ, કે તેઓનો વિરોધ કરનારા **"હક–ગો"** મોમીન બંધૂઓ પ્રત્યે ક્રુર, ઘાતકી, અત્યાચારી બની ઝઘડો–ફસાદ, મારધાડ બલ્કે હત્યા કરવા સુધીના દરજજે પણ પહોંચી જાય છે. આવા અનેક દાખલાઓ બન્યા છે.

વાંચક મિત્રો જો તબલીગ જમાતની પોલીસીનું ઝીણવટ ભર્યું નિરક્ષણ કરી તેનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવે, તો એ હકીકત સ્પષ્ટ રૂપે સામે આવશે કે તબલીગ જમાત વહાબીયતની સાંકળની એક કડી જ છે. જેને નીચે મુજબ ક્રમમાં ગોઠવી શકાય.

**✪ શયખે નજદી ઈબ્ને અબ્દુલ વહાબ નજદી :–**

વહાબી ધર્મનો સ્થાપક અને **"અત્તોહીદ"** કિતાબનો લેખક.

### ✪ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી :–

શયખે નજદીની ઉપરોક્ત કિતાબને **"તકવીયતુલ ઈમાન"** ના નામે ઉર્દુમાં રૂપાંતર કરી ભારતમાં વહાબીયતના બીજ રોપનાર.

### ✪ મોલ્વી રશીદ એહમદ ગંગોહી :–

વહાબીઓના પેશ્વા જેણે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની ઉપરોક્ત કિતાબને અતિ મહત્વતા અને અગ્રતા આપી તેનો વ્યાપક ફેલાવો કરી વહાબી ધર્મ ને આગળ વધાવ્યો. ઉપરાંત, **ફતાવા રશીદીયા, બરાહીને કાતેઆ** અને ફત્વાઓ દ્વારા કુફ્રી અકીદાઓ ફેલાવ્યા.

### ✪ મોલ્વી અશરફઅલી થાન્વી :–

તબલીગ જમાતવાળા જેને હકીમુલ ઉમ્મતના હુલામણા લકબથી સંબોધિત કરે છે તે વહાબીઓના પેશ્વાએ પોતાની કિતાબ **"હિફઝુલ ઈમાન"**માં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઈલ્મે ગૈબને બચ્ચાઓ, પાગલો અને જાનવરો સાથે સરખાવેલ. ઉપરાંત, અન્ય કિતાબોમાં શયખે નજદીની પગદંડી પર ચાલીને વહાબી ધર્મનો બહોળો ફેલાવો કર્યો.

### ✪ મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી :–

"બરાહીને કાતેઆ" કિતાબમાં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઈલ્મ કરતાં શયતાનના ઈલ્મને વધુ લખ્યું તથા અન્ય કુફ્રી અકીદાઓ લખીને વહાબી ધર્મના પ્રસારમાં મહત્વનો ફાળો આપ્યો.

### ✪ મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વી :–

તબલીગ જમાતનો સ્થાપક તથા ગંગોહી, અંબેઠવી, થાન્વીનો

મુરીદ, શાગિર્દ અને તેઓના અધૂરા કાર્યોને આગળ ધપાવવા તબલીગ જમાતના નામે વહાબીયત ફેલાવી.

### ✪ મોલ્વી યૂસુફ કાંધેલ્વી (હઝરતજી) :–

મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વીનો પુત્ર અને તેનો અનુગામી, જેણે પોતાના પિતાના અવસાન બાદ તબલીગ જમાતની ધૂરા સંભાળી.

### ✪ મોલ્વી ઝકરીયા સહારનપુરી :–

મોલ્વી ઈલ્યાસ કાંધેલ્વીના જયેષ્ઠ બંધુ મોલ્વી યાહ્યા કાંધેલ્વીનો પુત્ર અને મોલ્વી ઈલ્યાસનો જમાઈ, જેણે પોતાના સાળા મોલ્વી યુસુફ કાંધેલ્વીના અવસાન બાદ તબલીગ જમાતના પ્રસાર અને પ્રચાર કાર્યને વેગવંતુ બનાવ્યું અને **"ફઝાઈલે–આમાલ"** નામની કિતાબ લખી.

### ✪ મોલ્વી ઈન્આમુલ હસન :–

મોલ્વી ઝકરીયા સહારનપુરીના અવસાન બાદ તેના અનુગામી તરીકે તબલીગ જમાતના **"અમીર"** ના પદે બિરાજયો.

ઉપરોકત ક્રમવાર આપેલી વિગત મુજબ પૃથ્થકરણ કરવામાં આવશે તો પુરવાર થશે કે, **વહાબીયતનું પહેલું પગથીયું તબલીગ જમાત છે અને તેનું અંતિમ પગથીયું વહાબીમઝહબનો સ્થાપક શયખે નજદી છે.** શયખે નજદીના અકીદાઓ, અત્યાચારો અને આચરણો આ કિતાબમાં વાંચીને ચોકકસ માનસિક રીતે ખળભળી ઉઠશો અને આશ્ચર્ય માં ગરકાવ થઈ જશો કે આવા નિર્દય, લૂંટારા, હત્યારા, દારૂડીયા, વાસના ભૂખ્યા અને ઈસ્લામના મહાશત્રુને શયખુલ ઈસ્લામ, મુજદ્દિદ, હાદિયે મિલ્લત અને તેના જેવા અનેક માનવંતા ખિતાબોથી નવાઝીને વહાબી–નજદી–દેવબંદી–તબલીગી પંથના લોકો

**મુસ્લિમોની સાથે ભયંકર વિશ્વાસઘાત કરીને લેશ માત્ર શરમ પણ નથી અનુભવતા.**

**વાંચક વર્ગને નમ્ર વિનંતી કે સત્યનો સ્વીકાર કરી તેને અપનાવી, ઈમાનના ડાકુઓ અને ઠગોથી પોતાના તથા પોતાના સ્નેહીજનોના રક્ષણમાં સતત જાગૃત અને સતર્ક રહી સત્યનો "પરચમ" સદા બુલંદ રાખવા પોતાની યથા શકિત યોગદાન આપે.**

**ખુદા તઆલા તેના પ્યારા મહેબૂબે આઝમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમના સદકામાં દરેક મો'મીનને ઈમાનની સલામતી સાથે નેક અમલ કરવાની તૌફીક આપે આમીન.**

બારગાહે **'રઝા'** નો અદના સવાલી

**અ. સત્તાર અ. હબીબ હામદાણી**

**"મસ્રૂફ"** (બરકાતી–નુરી)

**પોરબંદર.**

**તા. ૩–૮–૧૯૯૮,**

# પ્રકરણ – ૧

# અંગ્રેજોની આંતરરાષ્ટ્રિય નિતી

વિશ્વમાં બ્રિટીશ સામ્રાજયની પકડ અને તેનો બહોળો ફેલાવો તેની કુટનિતી અને ધૃણાસ્પદ પોલીસીને આભારી છે. વિશ્વમાં પોતાનું વર્ચસ્વ વ્યાપક બનાવવા માટે બ્રિટિશ સામ્રાજય દ્વારા જે ષડયંત્રો રચવામાં આવ્યા છે અને જે પ્રકારની ખટપટો કરવામાં આવી છે તેનું દ્દષ્ટાંત ઈતિહાસમાં શોઘ્યું મળે તેમ નથી.

ઈસાઈ મઝહબના પ્રચારની સાથે સાથે દેશ–પરદેશમાં શાસન સ્થાપિત કરવું, એ બ્રિટિશરોનો મુખ્ય ઉદ્દેશ હતો. પોતાના ઉદ્દેશને ફળીભૂત કરવા અનિતી, ખટપટ, અમાનવીય વર્તન, કાવા દાવા, અત્યાચારો, આતંક, હત્યાઓ, પ્રલોભનો, કટુતા, નીચતા, ષડયંત્રો, વગેરે દુઃષણોનો એટલો વ્યાપક ઉપયોગ કર્યો અને એવા દંભ સ્વરૂપે ઉપયોગ કર્યો કે તેની ગંધ પણ ન આવી અને **'સફેદ ચામડીવાળા કાળા–શૈતાનો'** એ પોતાનો "શૈતાની–પંજો" સર્વત્ર ફેરવી દીધો.

ઈતિહાસના પૃષ્ઠો એ વાતની મુક સાક્ષી આપી રહ્યા છે, કે અંગ્રેજોએ દુનિયાના મોટાભાગના દેશોમાં પોતાની જાસૂસી જાળ બિછાવીને જુદા જુદા સ્વરૂપે તે દેશોને આંતરિક ઝઘડાઓમાં વ્યસ્ત રાખી, તેઓની શકિત છીનભિન્ન કરી નાખી અને સમય આવ્યે તે દેશ ઉપર શાસન જમાવી દીધું. અહી એટલી શકયતા નથી કે અંગ્રેજોના કાળા–કરતૂતોની સમગ્ર કથની સવિસ્તાર રજુ કરૂં. આ પુસ્તકમાં અંગ્રેજોએ **"ઈસ્લામ મઝહબ"** અને **અખંડ–ભારતને** નબળા પાડી, કચડી નાખવા માટે અપનાવેલી નિતીઓ આધારભૂત કિતાબોના હવાલાથી રજુ કરવામાં આવી છે.

એ હકીકત તો સર્વ માન્ય છે, કે ઈસાઈઓ અને યહૂદીઓ ઈસ્લામના સૌથી મોટા અને કાયમી શત્રુઓ છે. ઈસ્લામ અને મુસ્લિમોની વિરૂદ્ધ તેઓની પ્રવૃતિઓ દરેક યુગમાં અલગ અલગ સ્વરૂપે અપનાવવામાં આવી. કયારેક ઈસાઈઓએ ઈસ્લામ ઉપર **"સલીબી જંગ"** સ્વપે ચઢાઈઓ કરી, તો કયારેક સામ્રાજયના સ્વરૂપે **ઈરાન** અને **તુર્કિસ્તાનની** હુકૂમતો બરબાદ કરી નાખી.

ઈસ્લામ અને મુસ્લિમોને બરબાદ કરવાના દુષ્ટ આશયથી અંગ્રેજોએ મુસ્લિમોની અંદર મઝહબી ગ્રુપબંધી, કોમવાદ, પ્રદેશવાદ, ભાષાવાદ, ફિર્કાબંદી, રાજકીય કાવાદાવા, મિલ્કતોના ઝઘડા વગેરે જેવા **"ન નાથી શકાય"** તેવા વિવાદો ઉભા કરીને તેઓના **તખ્તો–તાજ** ઉપર કબ્જો જમાવી લીધો. મુસ્લિમોને ચારિત્ર, કલચર, ફેશન, આર્ટ વિજ્ઞાન, તર્ક, રાજકારણ, સાહિત્ય, ભાષા, સિદ્ધાંત, નિતી, સમાજ, વેપાર અને વાણિજયના

ક્ષેત્રે તોડી નાખવા માટે **અમૃત સ્વરૂપે મીઠું ઝેર** પાઈ પાઈને અંદરથી એવા ખડખડાવી નાખ્યા કે તેઓ સાહસિક મટીને **'નમાલા'** અને **'કાયર'** બની ગયા.

સરઝમીને અરબના નિગેહબાન **તુર્કો ને અરબો** સામે લડાવી, તુર્કોને સરઝમીને અરબ તજી દેવા માટે મજબૂર કર્યા. તુર્કોને અરબસ્તાન થી હાંકી કાઢી સરઝમીને અરબમાં **નજદીઓની** ઝાલિમ હુકૂમત સ્થાપી દેવાનો યશ અંગ્રેજો ખાટી ગયા. મુસ્લિમો ક્યારેય પણ સુખ—શાંતિથી જીવી ન શકે એટલા માટે મધ્ય પૂર્વમાં અંગ્રેજોએ **ઈઝરાઈલ**નું અસ્તિત્વ ઉભું કર્યુ. એશિયા—ખંડમાં **કાદયાની મઝહબ** અને સુદાનમાં **મેહદીયત**નો ફિત્નો પણ અંગ્રેજોની દૈન છે. અંગ્રેજ સામ્રાજય એ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીને પોતાનો એજન્ટ બનાવી તેને ધન—દૌલત અને વાસનાની તૃપ્તિ માટે સ્ત્રીઓની વ્યવસ્થાની સાથે યુદ્ધ માટેના સરંજામની વ્યવસ્થા કરી આપીને સરઝમીને **હિજાઝે મુકદ્દસ**માં મુસ્લિમોની **'કત્લે—આમ'** કરાવીને એક નવા મઝહબ **"વહાબી—મઝહબ"** ની સ્થાપના દ્વારા જે મહા—ફિત્નો ઉભો કર્યો છે તેને કારણે આજે સૈકાઓ પછી પણ મુસ્લિમો સુખ ચૈનથી જીવી શકતા નથી અને મઝહબના નામે અંદરો—અંદર લડીને પોતાની શકિત અને સંપત્તિ વેડફી રહ્યા છે. અકીદાઓની વિરોધાભાસી માન્યતાઓના કારણે મુસ્લિમો અનેક ફાંટાઓમાં વહેંચાઈ ગયા છે. સંગઠન તથા સંગબળના અભાવે સંજોગોની થપાટો ખાઈ ખાઈને અતિ નબળા પુરવાર થઈ રહ્યા છે.

# અંગ્રેજો એ બિછાવેલી જાસૂસી જાળ

અંગ્રેજ સામ્રાજય પોતાના દેશ બ્રિટનની સરહદોની બહાર પોતાનું શાસન સ્થાપિત કરવા ગમે તેના ભોગે, ગમે તે કરવા સદા તત્પર અને તલપાપડ હતું. અરબસ્તાન, તુર્કિસ્તાન, ઈરાન અને ઈરાક વગેરે દેશોમાં પગદંડો જમાવવાની સફળતા મેળવવાની સાથે સાથે **મધ્ય પૂર્વ**ના દેશો ઉપરાંત **અખંડ ભારત** અને **ચીન**ને પોતાના વર્ચસ્વ અને શાસન હેઠળ લાવવા માટે અંગ્રેજો વિશેષ ઉત્સુક અને ઈચ્છુક હતા. આ બધા દેશોની એકતા અને તાકતને ખંડિત કરી પોતાના ગુલામ બનાવવા માટે કઈ પધ્ધતી અપનાવવી યોગ્ય અને ફાયદાકારક છે. તેનું સર્વે (વિશ્લેષણ) કરવા અંગ્રેજો એ દરેક સ્થળે પોતાના ખાસ વિશ્વાસુ અને ચુનંદા જાસૂસો **"ઈસ્ટઈન્ડિયા કંપની"**ના મ્હોરા હેઠળ રવાના કર્યા અને તે જાસૂસોને તેઓની કામગિરી સમજાવી દેવામાં આવી અને ખાસ સુચના આપવામાં આવી કે તમારી કામગિરીના નિયમિત રીપોર્ટ **લંડન** ખાતેના **હેડ–ક્વાર્ટર**ને મોકલતા રહેવું. તમારા રીપોર્ટોના ઊંડા અભ્યાસ બાદ તમોને તમારી કામગિરી અંગેની સલાહ અને સુચનો મોકલવામાં આવશે.

અંગ્રેજો એ જુદા જુદા સ્થળોએ મોકલેલા જાસૂસો પૈકીના એક જાસૂસ Mr. Humphrey (મિસ્ટર હમફ્રે)ની ડાયરીના અમુક અંશો બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન **જર્મનો**એ

જર્મનથી પ્રગટ થતા મુખપત્રક **"સ્પેગલ"** (SPAGUL) માં હપ્તાવાર પ્રગટ કરીને અંગ્રેજોની **"મેલી–નિતી"** ના ધજાગરા ઉડાવેલા. ત્યાર બાદ **"સ્પેગલ"** માં પ્રગટ થએલી લેખમાળાનો એક **લેબનાની** સાહિત્ય લેખકે જર્મન ભાષામાંથી અરબી ભાષામાં અનુવાદ કરેલો. મિસ્ટર હમફ્રેની ડાયરીના અંશોમાંથી અમુક મહત્વની નોંધો **Colonization Ideal** ના હવાલાઓના આધારે અત્રે રજુ કર્યા બાદ બીજી અનેક આધારભુત કિતાબોના હવાલાઓ દ્વારા અંગ્રેજોની મેલી–નિતી અંગ્રેજ જાસૂસોની મલીન પ્રવૃતિઓ અને અંગ્રેજોના પીઠુઓએ પોતાના દેશ સાથે કરેલી ગદ્દારીની હકીકતો રજૂ કરવામાં આવી છે. જેના વાંચનથી ઈન્શાઅલ્લાહ સત્ય હકીકત મધ્યાહનના સૂર્યની જેમ દ્દષ્ટિગોચર થશે.

અંગ્રેજ જાસૂસની ડાયરીનો લેબનાનમાં અરબી અનુવાદ થયા બાદ ભારત અને પાકિસ્તાનમાં તેનો ઉર્દુ અનુવાદ થયો છે અને તે અનુવાદ કિતાબ સ્વરૂપે **"હમફ્રે કે એતરાફાત"**ના નામે પ્રકાશન પામેલ છે.

અહીં એક મહત્વની બાબત લક્ષ ખેંચે છે કે :–

**"ઈંગલિસ્તાન કી નૌ–આબાદિયાતી ઈલાકોં કી વઝારતને મઝકૂરા પ્રોગ્રામો કો રૂ–બ–અમલ લાને કે લિયે ઈસ બાત કી ઝરૂરત મેહસૂસ કી કે વો નૌ–આબાદિયાતી યા નીમ–નૌ–આબાદિયાતી ઈલાકોં મેં જાસૂસી ઔર હુસૂલે ઈત્તેલાઆત કે લિયે વુફૂદ રવાના કરે. મૈં ને નૌ–આબાદિયાતી ઈલાકોં કી વઝારત મેં મુલાઝેમત કે શુરૂ હી સે હુસ્ને કારકર્દગી કા મુઝાહેરા કિયા ખાસ, તૌર પર**

**"ઈસ્ટ ઈન્ડિયા કંપની" કે ઉમૂર કી જાંચ–પડતાલ કે સિલસિલે મેં અચ્છી કારકર્દગીને મુઝે વઝારતે ખઝાના કે એક અચ્છે ઓહદે પર ફાઈઝ કિયા. યે કંપની બ–ઝાહિર તિજારતી નૌઈયત કી થી, મગર દર હકીકત જાસૂસી કા અડ્ડા થા ઔર ઈસ કે કયામ કા મકસદ 'હિન્દુસ્તાન' મેં ઉન સૂરતોં યા ઉન રાસ્તોં કી તલાશથી, જિન કે ઝરીએ ઈસ સર–ઝમીન પર મુકમ્મલ તૌર પર બરતાનિયા કા અષર વ નુફૂઝ કાઈમ હો સકે ઔર મશરિકે વુસ્તા પર ઈસકી ગિરફત મઝબૂત કી જા સકે"** (હવાલા માટે જુઓ **"હમફે કે એતરાફાત"** પેઈજ નં. ૬)

**–: અનુવાદ :–**

"ઈંગ્લેન્ડની નવી વસાહતોના પ્રાંતિક પ્રધાનો એ ઉપરોકત પ્રોગ્રામોને અમલી બનાવવા માટે એ વાતની અગત્યતા સમજી કે તેઓ નવી અને અર્ધ નવી વસાહતોમાં જાસૂસી કરવા અને માહિતી મેળવવા માટે ટુકડીઓ રવાના કરે. મૈં નવી વસાહતોની સરકારી નોકરીમાં શરૂથી જ સંતોષકારક કામગિરીનો દેખાવ કરેલો. ખાસ કરીને **"ઈસ્ટ ઈન્ડીયા કંપની"**ના કાર્યોના નિરિક્ષણની સુંદર કામગિરીએ મને નાણાં ખાતામાં એક સારા હોદ્દા પર નિયુકત કર્યો. આ કંપની બાહ્યરૂપે વેપારી પ્રકારની હતી પરંતુ વાસ્તવમાં તે જાસૂસીનો અડ્ડો હતી. તેનો મુખ્ય ધ્યેય હિન્દુસ્તાનમાં તેવા માર્ગો અને પ્રકારોની શોધખોળ હતી જેના દ્વારા તે ધરતી (ભારત) ઉપર બ્રિટિશરોનો સંપુર્ણ વર્ચસ્વ સ્થાપી શકાય અને મધ્યપૂર્વ ઉપરની પકડ મજબૂત કરી શકાય."

ઉપરોક્ત ફકરાના વાંચનથી સ્પષ્ટ પુરવાર થઈ રહ્યું છે કે મધ્ય પૂર્વના દેશો તથા **અખંડ ભારત** ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા બ્રિટિશરોએ **"ઈસ્ટ ઈન્ડિયા કંપની"** દ્વારા વેપાર–વાણિજ્યના મહોરા હેઠળ જાસૂસી પ્રવૃતિઓ કરવા માટે જુદી જુદી ટુકડીઓ રવાના કરેલી. અને તે ટુકડીના સભ્યો પૈકી એક **શ્રીમાન હમફ્રે** પણ હતા. મિસ્ટર હમફ્રે એક જગ્યાએ વર્ણન કરતાં લખે છે કે :–

**"ઈ.સ. ૧૭૧૦મેં ઈંગલિસ્તાન કી નૌ–આબાદિયાતી ઈલાકોં કી વઝારતને મુઝે મિસર, ઈરાક, ઈરાન, હિજાઝ ઔર ઉસ્માની ખિલાફત કે મરકઝ ઈસ્તંબૂલ કી જાસૂસી પર મા'મુર કિયા. મુઝે ઉન ઈલાકોં મેં વો રાહેં તલાશ કરની થીં. જિન સે મુસલમાનોંકો દરહમ બરહમ કરકે મુસ્લિમ મમાલિક મેં સામ્રાજી નિઝામ રાઈજ કિયા જા સકે.મેરે સાથ નૌ આબાદિયાતી ઈલાકોં કી વઝારત કે નૌ ઔર બહેતરીન તજરબાકાર જાસૂસ ઈસ્લામી મમાલિક મેં ઈસ કામ પર મા'મૂર થે, ઔર બડી તુંદી સે અંગ્રેજ સામ્રાજી નિઝામ કે તસલ્લુત ઔર નૌ–આબાદિયાતી ઈલાકોં મેં અપને અષરો–નૂ ફૂઝ કે ઈસ્તેહકામ કે લિયે સર ગર્મે અમલ થે"**

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેઈજ નં. ૧૭)

**–: અનુવાદ :–**

"ઈ. સ. ૧૭૧૦ માં ઈગ્લેન્ડની નવી વસાહતોના વિભાગે મને **ઈજીપ્ત, ઈરાક, ઈરાન, હિજાઝ** તથા ઉસ્માની ખિલાફતના કેન્દ્ર **ઈસ્તમ્બૂલ**માં જાસૂસી કરવા નિયુક્ત કર્યો. મારે

તે વિસ્તારોમાં તેવી યુકિતઓ શોધવાની હતી કે જેના કારણે મુસ્લિમોને વેરવિખેર કરીને, મુસ્લિમ દેશોમાં બ્રિટિશ સામ્રાજય સ્થાપી શકાય. મારી સાથે બીજા (૯) નવ ચુનંદા અને અનુભવી જાસૂસો ઈસ્લામી દેશોમાં જાસૂસીની કામગિરી માટે નિયુકત હતા. જેઓ તે વિસ્તાર માં અંગ્રેજી સામ્રાજયનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે ઘણી જ ઝડપ થી કામગિરી અંજામ આપી રહ્યા હતા."

અંગ્રેજોએ મિસ્ટર હમફ્રેની સાથે બીજા (૯) ચુનંદા જાસૂસની ટોળકી ઈસ્લામી દેશોમાં મોકલેલી. જે ટોળકીની મુખ્ય ફરજ ઈસ્લામી દેશોમાં આંતરિક ખટપટો, વિગ્રહો, વિખવાદો, કલેલ, મતભેદો, ધાર્મિક ઝઘડાઓ, સામાજિક ઝઘડાઓ વગેરે દ્વારા અંધાધૂંધી ફેલાવી મુસ્લિમો અને મુસ્લિમ દેશોને નબળા પાડી બને તેટલી વહેલી તકે અંગ્રેજી સામ્રાજયનું વર્ચસ્વ સ્થાપી દેવાનું હતું.

માંજરી આંખો વાળા, પત્થર દિલ, બે રહેમ, ઘાતકી, નપાવટ, ક્રુર, ઢોંગી અને દંભી જાસૂસો પોતાની જાસૂસી વિધામાં એટલા પાવરધા હતા કે ગમે તેવા ઠગને પણ તેઓ આંખના પલકારામાં ઠગી લેવાની કુનેહ અને કળા ધરાવતા હતા. ઈસ્લામી દેશોમાં જાસૂસીમાટે ગએલા જાસૂસો એ મુસ્લિમોને છેતરવા માટે દંભનો આશરો લીધો. ઈસ્લામી નામ ધારણ કર્યુ. ઈસ્લામી પહેરવેશ ધારણ કર્યો. ઈસ્લામી કલચર અપનાવ્યું. ઈસ્લામી રીત–રસ્મો અને ઈબાદતો અદા કરવી આરંભી, બલ્કે ત્યાં સુધી દંભ આદર્યો કે ઈસ્લામી તાલીમ મેળવી. એક સામાન્ય મુસ્લિમને જ નહી બલ્કે એક વિદ્વાન આલિમની સરખામણીમાં ઉભા રહી શકે તેટલી **"ઈસ્લામી–તાલીમ"** મેળવી. કુરઆન હદીષ, ફિકહ

જેવા ઈસ્લામના મૂળભૂત વિષયોમાં પારંગત બની ગયા. અરબી ભાષાની ફક્ત જાણકારી જ નહીં બલ્કે તેમાં પ્રભુત્વ મેળવી લીધું. ત્યાંની પ્રાદેશિક ભાષાઓ જેવી કે ફારસી, તુર્કી, લેબનાની ભાષામાં એટલી હદે પારંગત બની ગયા કે ત્યાંના સ્થાનિક લોકોને એવી શંકા પણ ન આવે કે આ લોકો પરદેશી છે.

પરદેશી લુટેરાઓ ધર્મ, ભાષા, જ્ઞાન, બંદગી અને રહેણી કરણીના ક્ષેત્રે સ્થાનિક લોકોમાં **દુધમાં સાકાર ભળે** તેમ ભળી ગયા. પણ સ્થાનિક લોકો એ હકીકતથી સંપૂર્ણ અજાણ અને અજ્ઞાન હતા કે ઈસ્લામી તેહઝીબના સાંચામાં ઢળેલા અને મુકદ્દસ બુઝુર્ગ જેવા લાગતા આ લોકો ઈસ્લામના હમદર્દ નહીં બલ્કે ઈસ્લામના કટ્ટર શત્રુઓ છે.

# હમફ્રેની કામગિરીનો આરંભ

ઈસ્લામી દેશોમાં ઉતરી પડેલા દસ (૧૦) અંગ્રેજ જાસૂસો પૈકી ના એક જાસૂસ **મિસ્ટર હમફ્રે** એ અંજામ આપેલી કામગિરી એ પ્રમાણે હતી કે :

હમફ્રે **લંડન** થી **ઈસ્તમ્બૂલ** આવ્યો. ત્યાં તેણે **તુર્કી ભાષા** શીખી અને પોતાનું નામ **'મુહમ્મદ'** ધારણ કર્યુ. શહેરની જામેઅ મસ્જીદના શાંત વાતાવરણનું નિરિક્ષણ કર્યુ. ત્યાર બાદ ત્યાંના મહાન આલિમ અને બુઝુર્ગ **અહમદ આફંદી** થી તેની

મુલાકત થઈ. હમફ્રે એ અહમદ આફંદી સમક્ષ એવું જાુઠાણું ચલાવ્યું કે તેના માં–બાપ, ભાઈ–બહેન કોઈ જીવીત નથી અને તેને વારસામાં અઢળક સંપત્તિ મળેલી છે પણ તે સંપત્તિનો વેપાર–ધંધામાં ઉપયોગ કરતાં પહેલાં મઝહબી શિક્ષણ મેળવી લેવું છે. જેથી જ ઈસ્તમ્બૂલ આવ્યો છું.

અહમદ આફંદી એ હમફ્રે ને ઘણા જ ઉત્સાહ, લાગણી, લક્ષ અને વાતસલ્ય થી દીની તા'લીમ આપી અને બે વર્ષમાં હમફ્રેએ **કુરઆન**ની સાથે સાથે અરબી અને તુર્કી ભાષા શીખી લીધી. તે બે વર્ષ દરમિયાન હમફ્રે તુર્કીની રજે રજની માહિતી અને ઈસ્લામી શિક્ષણ મેળવવામાં કરેલી પ્રગતિની માહિતી નિયમિત બ્રિટિશ સામ્રાજયના વડા મથક **લંડન**ને મોકલતો હતો. બે (૨) વર્ષ પછી હમફ્રે લંડન પરત ગયો અને ત્યાં છ માસ રહ્યો. ત્યાર બાદ તેને **ઈરાક** જવાનો આદેશ આપવામાં આવ્યો. ઈરાક રવાના થતી વખતે તેને જે બે (૨) ખાસ સુચના આપવામાં આવેલી તે એ હતી કે :–

**(૧) મુસ્લિમોની તેવી નબળાઈઓ શોધી કાઢો કે જે તેઓ ના જુદા જુદા વર્ગોમાં ફાટફૂટ પડાવવામાં ઉપયોગી નિવડે. કેમકે દુશ્મનો ઉપર સફળતા મેળવવાનો ભેદ તેમના પ્રશ્નોના પરિચય ઉપર આધારિત છે.**

**(૨) તેવી નબળાઈઓ જાણી લીધા બાદ તમારૂં કામ મુસ્લિમો માં ફાટફૂટ પડાવવાનું છે અને આ કામમાં તમારી સંપૂર્ણ શકિતનો ઉપયોગ કરી નાખવો, જો તમો ત્યાંના અમુક ભાગમાં "શીયા" અને "સુન્ની" વચ્ચે રમખાણો કરાવી દેશો, તો તમારી આ કામગિરી બ્રિટીશ ગવર્મેન્ટ ની મહાન સેવા તરીકે આલેખાશે.**

હમફ્રે લંડનથી રવાના થઈ ઈરાકની રાજધાની **બસરા** પહોંચ્યો. ત્યાં તેણે એહલે સુન્નતના મશહૂર આલિમ **શયખ ઉમર તાઈ** થી મુલાકત કરી. પ્રથમ મુલાકાતમાં શયખ ઉમર તાઈને હમફ્રે શંકાશીલ જણાયો. પણ હમફ્રે એ પોતાની આગવી કુનેહ થી **ઈસ્તમ્બૂલ**માં અહમદ આફંદી પાસેથી લીધેલી તા'લીમનું વર્ણન કર્યું અને પોતે તુર્કિસ્તાનમાં આવેલા **આગદીર** વિસ્તારનો રહેવાશી છે, તેવું જુઠાણં ચલાવીને શયખ ઉમર તાઈને વિશ્વાસ સંપાદન કરાવી દીધો. બસરામાં હમફ્રે શયખ ઉમર તાઈની મસ્જીદની સમીપ આવેલ એક મુસાફરખાનામાં સ્થાયી થઈ ને રહેવા લાગ્યો. જ્યાં તે પાબંદીની સાથે પાંચ વખતની નમાઝ  પઢતો, બલ્કે ફજરની નમાઝ બાદ દરરોજ એકથી દોઢ કલાક સુધી **કુરઆને મજીદ**ની નિયમિત તિલાવત કરતો. અમુક સમય પછી હમફ્રે મુસાફરખાનામાંથી નિકળી ગયો અને **શેઠ અબ્દુર્રઝા તરખાન**ને ત્યાં નોકરીમાં રહી ગયો. જ્યાં તેને રહેવાની અને જમવાની સુવિધા પ્રાપ્ત હતી.

**અબ્દુર્રઝા તરખાન** મૂળ અસલી **શીયા પંથી** અને **ખુરાસાન**નો રહેવાશી હતો. તેની દુકાને ઘણા લોકોની ઉઠક—બેઠક હતી. બપોરના સમયે અબ્દુર્રઝાને ત્યાં **બસરા** શહેરના અનેક લોકો આવતા. તે લોકો ભેગા થઈને ધંધાકીય અને રાજકીય ચર્ચાઓ કરતા. તે લોકોમાં એક શખ્સ **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી** પણ ઘણી વખત આવતો. કેમ કે તે પણ અબ્દુર્રઝા તરખાનનો મિત્ર હતો. જો કે અબ્દુર્રઝા તરખાન **"શીયા પંથી"** હતો અને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી **"શીયા પંથી"**

નહોતો, છતાં પણ તે બન્ને વચ્ચેની મિત્રતાનું એક કારણ એ હતું કે તેઓ બન્ને તે સમયના ઈરાક ખાતેના તુર્કી શાસનના **ઉસ્માની ખલીફા**ના વિરોધી હતા.

**"ઉન દિનોં જબ મૈં તરખાન કા કામ કરતા થા, મેરી મુલાકાત એક ઐસે શખ્સ સે હૂઈ, જો વહાં આતા જાતા રહેતા થા ઔર તુર્કી, ફારસી ઔર અરબી ઝબાનોં મેં ગૂફતગૂ કરતા થા, વો દીની તાલિબ ઈલ્મોં કા લિબાસ પહનતા થા. ઉસકા નામ 'મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ' થા. વો એક ઉચા ઉડને વાલા, એક જાહ તલબ ઔર નિહાયત ગુસ્સીલા ઈન્સાન થા. ઉસે ઉસ્માની હુકૂમત સે સખ્ત નફરત થી ઔર વો હંમેશા ઉસકી બુરાઈ કરતા થા લૈકિન હુકૂમતે ઈરાન સે ઉસે કોઈ સરોકાર નહીં થા."**

(હવાલા માટે જુઓ :— **'હમફ્રે કે એતરાફાત'** પેજ નં. ૪૪ અને ૪૫)

**–: અનુવાદ :–**

"જે દિવસોમાં હૂં તરખાનનું કામ કરતો હતો, મારી મુલાકાત એક એવા શખ્સ સાથે થઈ જે ત્યાં આવતો જતો હતો અને તુર્કી, ફારસી અને અરબી ભાષાઓમાં વાતચીત કરતો હતો. તે મઝહબી વિદ્યાર્થીઓ જેવા વસ્ત્રો પહેરતો હતો. તેનું નામ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ હતું. તે એક ઊંચે ઉડનારો, માન ભૂખ્યો અને ક્રોધી ઈન્સાન હતો. તેને ઉસ્માની હુકૂમતથી સખ્ત નફરત હતી જેથી તે હંમેશા તેની બુરાઈ કરતો હતો. પરંતૂ ઈરાની હુકૂમતથી તેને કશી લેવા દેવા ન હતી."

ઉપરોક્ત ફકરાથી એ વાતનો સચોટ પુરાવો મળે છે કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી ઈરાક ખાતેના તુર્કિસ્તાનના સુન્ની શાસનના ઉસ્માની ખલીફાનો વિરોધી હતો અને સાથે સાથે તેના ઘમંડી માનસના કારણે તે વધુ પડતો જિજ્ઞાસુ, માન ભૂખ્યો અને તોછડા સ્વભાવનો હતો. બસરામાં અબ્દુર્રઝા તરખાનને ત્યાં તેની આવક જાવકના કારણે તે અંગ્રેજ જાસૂસ મિસ્ટર હમફ્રેના સંપર્કમાં આવ્યો અને તેની વર્તણુંક અને તેના વિચારો જાણ્યા બાદ હમફ્રે એ પોતાનો જે અભિપ્રાય આપ્યો તે ધ્યાન ખેંચે તેવો છે. મિસ્ટર હમફ્રે પોતાની ડાયરીમાં લખે છે કે :—

**"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ એક આઝાદ ખ્યાલ આદમી થા"**

(હવાલો :— **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૪૫)

વર્તમાન યુગના વહાબી—તબલીગી જમાઅતના પેશ્વા અને વહાબી ફિર્કાનો પાયો નાખનાર **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી** તેના આઝાદ ખ્યાલો, બુઝુર્ગાને દીન પ્રત્યેની બદ—ગુમાની, પોતાના ઈલ્મનો ઘમંડ, લીડર બનવાની ખેવના, મોટા—ભા બનવાની ઘેલછા અને અન્યોને તુચ્છ સમજવાની હલકી વિચારધારાના કારણે અંગ્રેજ જાસૂસ મિ.હમફ્રેની આંખોમાં વસી ગયો અને હમફ્રે એ તેને પંપાળવો શરૂ કર્યો અને તેને પોતાની જાસૂસી માયાજાળમાં ફસાવી તેના દ્વારા પોતાની મેલી મુરાદ બર લાવવાના સ્વપ્નો જોવા લાગ્યો.

**"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ સે મેલ જોલ ઔર મુલાકાતોં કે એક સિલસિલે કે બાદ મૈં ઈસ નતીજે પર**

**પહોંચા કે બરતાનવી હુકૂમત કે મકાસિદ કો અમલી જામા પહેનાને કે લિયે યે શખ્સ બહોત મુનાસિબ દિખાઈ દેતા હય. ઈસ કી ઊંચા ઉડને કી ખ્વાહિશ, જાહ તલબી, ગુરૂર, ઓલોમા વ મશાઈખે ઈસ્લામ સે ઈસ કી દુશ્મની, ઈસહદ તક ખૂદસરી કે ખોલોફાએ–રાશેદીન ભી ઈસ કી તન્કીદ કા નિશાના બનેં ઔર હકીકત કે સરાસર ખિલાફ કુરઆનો હદીષ સે ઈસ્તેફાદા ઈસ કી કમઝોરીયાં થીં. જિસસે બડી આસાની સે ફાયદા ઉઠાયા જા સકતા થા"**

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૫૧)

**–: અનુવાદ :–**

"મોહંમદ ઈબ્ને અબ્દુલ વહાબ સાથેના મેળ–મેળાપ અને મુલાકાતોના ક્રમ પછી હૂં એ નિર્ણય ઉપર આવ્યો કે બ્રિટિશ સામ્રાજ્યની યોજનાને અમલી બનાવવા માટે આ વ્યકિત ઘણી જ યોગ્ય જણાય છે. તેના ઊંચા ઉડ્ડયનની મહેચ્છાઓ, માન–મોભાની ઝંખના, અભિમાન, આલિમો તથા ઈસ્લામના બુઝુર્ગો પ્રત્યેની તેની દુશ્મની, બલ્કે ત્યાં સુધી સ્વાભિમાનીપણું કે ખોલોફાએ રાશેદીન પણ તેની ટીકા–ટીપ્પણનું કેન્દ્ર બનતા અને વિશેષ રૂપે હકીકતથી સંપૂર્ણ વિમુખ સ્વરૂપે તે શખ્સ કુરઆન અને હદીષના જે અર્થ ઘટનો કરતો, તે તેની નબળાઈઓ હતી. જેના કારણે તેનાથી ઘણી જ સરળતાથી ફાયદો ઉપાડી શકાશે"

હમફ્રેને પ્લેટફોર્મ મળી ગયું. બ્રિટિશ સામ્રાજયની યોજનાને સફળ બનાવવા માટે **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ**

**નજદી**ની પસંદગી કરવી અને તેનો ઉપયોગ કરવો યોગ્ય જણાઈ રહ્યો છે. કેમ કે તે **'નજદી–શયખ'** ઈસ્લામના મહાન બુઝુર્ગોની શાનમાં બે–અદબીઓ અને ગુસ્તાખીઓ કરવાની સાથે સાથે કુરઆન અને હદીષના મનઘડત અને મનફાવે તેવા અર્થઘટનો કરી રહ્યો છે. આ શખ્સને જો આપણી 'જાળ'માં ફસાવી લેવામાં આવે તો આપણા મિશનને તે અકલ્પનીય લાભકર્તા પુરવાર થાય તેમ છે. કેમ કે તેના વિચારો અને વિધાનો એટલા **'વિસ્ફોટક'** છે કે જેના કારણે મિલ્લતે ઈસ્લામિયામાં ખળભળાટ મચી જશે. મઝહબના નામે એક નવો ફિત્નો ઉભો થશે અને તે ફિત્નાની આગમાં મુસ્લિમ એકતા અને મુસ્લિમ સંગઠન **'સુકા ઘાસ'**ની જેમ સળગીને રાખ થઈ જશે.

**વહાબી–તબલીગી** જમાઅતના પ્રથમ પેશ્વા **ઈબ્ને અબ્દુલ વહાબ નજદી**ના વિધાનો કેટલા **'જલદ'** હતા, તે અંગ્રેજ જાસૂસ મિસ્ટર હમફ્રેના શબ્દોમાં જુઓ :–

**"શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ, અબુ હનીફા કી તેહકીર કરતા થા–ઔર ઉસે ના–કાબિલે એતબાર સમઝતા થા. મુહમ્મદ કેહતા થા–** "મૈં અબુ હનીફા સે ઝિયાદા જાનતા હું ." **ઉસકા દા'વા થા કે નિસ્ફ સહીહ બુખારી બિલ્કુલ લચ્ચર ઔર બેહુદા હય"**

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૫૧)

**–: અનુવાદ :–**

"શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ અબુહનીફાની હલકાઈ કરતો હતો અને તેઓને વિશ્વાસ પાત્ર

નહોતો સમઝતો. મુહમ્મદ કહેતો હતો કે અબુ હનીફાથી વધુ હૂં જાણું છું. તેનો દા'વો હતો કે અર્ધી સહીહ બુખારી અર્થહીન અને બેહુદા છે"

શયખે નજદીના ઘમંડ અને હૂં –**પણા**ની પરાકાષ્ટતા જુઓ કે અઈમ્મએ મુજતહેદીનના સરતાજ પેશ્વા અને ઈમામ હઝરત **ઈમામે આઝમ અબૂ હનીફા** (રદીઅલ્લાહો તઆલા અન્હો) ની શાનમાં કેવા ગુસ્તાખી ભર્યા વાકયો ઉચ્ચારી રહ્યો છે. આલમે ઈસ્લામમાં જેના અનૂયાયીઓની સંખ્યાની ગણત્રી કરી શકાય તેમ નથી. અને જેના અનુયાયીઓને **'હનફી'** મઝહબના અનુયાયીઓના ગૌરવવંતા અને માનવંતા ઉપનામથી સન્માનિત કરવામાં આવે છે, તે ઈમામે આઝમને **"શયખે નજદી"** બિન–વિશ્વાસ પાત્ર કહેવા ઉપરાંત અહંકાર ભર્યા સ્વરે એવું કહી રહ્યો છે કે **ઈમામ અબૂ હનીફાથી વધુ હૂં જાણું છું.** વિશેષમાં ખુદાની કિતાબ **કુરઆને મજીદ** પછી જેનો દરજજો છે અને ઈસ્લામી સાહિત્યમાં કુરઆન પછી સૌથી વધુ આદરણીય, વિશ્વાસને પાત્ર, આધારભૂત અને સર્વ માન્ય એવી હદીષની મશહૂર કિતાબ **"સહીહ બુખારી શરીફ"**નું મહત્વ ઘટાડવાના ના–પાક ઈરાદાથી શયખે–નજદી કહે છે કે અડધી બુખારી શરીફ અર્થહીન અને બેહૂદા છે.

મુસ્લિમો એ જે વાત કદી સાંભળી પણ ન હોય, બલ્કે તેવી વાત કદી સ્વપ્નમાં પણ કલ્પી ન હોય, તેવી ગંદી વાતો શયખે નજદીના મુખેથી જો મુસ્લિમો સાંભળશે, તો મુસ્લિમ સંપ્રદાયની શાંતિમાં **'પલીતો'** ચંપાશે અને મુસ્લિમોને આંતર વિગ્રહની અગ્નિ ભરખી જશે, એ વિચાર અને કલ્પનાએ **અંગ્રેજ**

**જાસૂસ હમફે**ને આનંદ અને ઉત્તેજનાની લાગણીમાં ગરકાવ કરી દીધો. જેથી તેણે કોઈપણ ભોગે **શયખે નજદી**ને પોતાના **"મિશન"**માં ભેળવી લેવાનો દૃઢ સંકલ્પ કર્યો.

# શયખે નજદી અંગ્રેજ જાસૂસની જાળમાં

શયખે નજદીને પોતાની જાળમાં ફસાવવા માટે હમફેએ શયખે—નજદી સાથેના સંબંધો અતિ ગાઢ સ્વરૂપે વિકસાવ્યા. તે સંબંધો અતૂટ—મિત્રતાની કક્ષાએ પહોંચી ગયા. હમફેએ શયખે નજદીનો એટલી હદે વિશ્વાસ જીતી લીધો કે શયખે નજદી તેને પોતાનો સાચો હિતેચ્છુ, હમદર્દ અને સલાહકાર સમજવા લાગ્યો. હમફેને શયખે નજદીની ઘમંડી વૃત્તિની જાણકારી હતી અને તેથી તેણે દુખતી રગ દબાવ્યે રાખી અને તેને સતત એ વાત કહેતો કે ખુદાએ તમને હઝરત અલી અને હઝરત ઉમર (રદીઅલ્લાહો તઆલા—અન્હુમા) કરતા વિશેષ શકિત અને જાણકારી અર્પી છે (મઆઝલ્લાહ) અને તમારી બુઝુર્ગી અને શાન એટલી મહાન છે કે જો તમો પયગંમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ)ના ઝમાનામાં જન્મયા હોત તો ચોકકસ આપ સલ્લલ્લહો અલૈહે વસલ્લમની—જા—નશીનીનું સ્થાન તમને જ મળ્યું હોત.

આવી લલચામણી, લોભામણી, છેતરામણી અને ચાપલૂસી ભરી વાતો હમફ્રે વારંવાર શયખે નજદી **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી**ને કહેતો. પોતાની ખૂશામત અને મહાનતાની વાતો હમફ્રેના મુખેથી સાંભળીને શયખે નજદી અહંકારના આનંદમાં ઝુમી ઉઠતો.હમફ્રે તેને એક વાત સતત કહેતો કે પયગંમ્બરે ઈસ્લામ પછી જે કંઈ પણ દરજજો અને જે કંઈ પણ ઈલ્મી લાયકાત છે તેના તમો એકલા જ હકદાર છો. તમો જ એક એવી વિભૂતી છો કે જેના શુભ હસ્તે ઈસ્લામનો ઉદ્ધાર છે અને તમો જ ઈસ્લામને અસ્ત થવાથી બચાવી શકો તેમ છો. ઈસ્લામના સૂર્યને પુનઃપ્રકાશિત કરવા માટે ઈસ્લામી સંપ્રદાય ફકત તમારા ઉપર જ આશા અને આધાર રાખે છે. તમારા જે વિચારો છે તેજ ખરા અર્થમાં ઈસ્લામનો હાર્દ—ભાવ છે.

હમફ્રે ની ચાલાકી એ હતી કે શયખે નજદીના ઈસ્લામ વિરોધી વિચારોને બને તેટલીવહેલી તકે પ્રસારિત અને પ્રચલિત કરાવીને ઈસ્લામ ઉપર **'કારમો—ઘા'** કરી દઉ અને મારી વર્ષોની મહેનતના **'મીઠા ફળ'** મેળવી લઉં. સફળતાની વરમાળા પહેરવા અંગ્રેજ જાસૂસ ઉત્સુક હતો. પણ સઘળો આધાર શયખે નજદીની સંમતિ ઉપર હતો. હમફ્રે દ્રઢ સંકલ્પ અને વિશ્વાસથી શયખે નજદીને પીગળાવી પોતાની **'જાસૂસી જાળ'** માં ફસાવવા સતત પ્રયત્નશીલ હતો અને અંતે... તે પળ પણ આવી ગઈ કે :—

**"મૈંને મુહમ્મદ કે સાથ તેય કિયા કે હમ દોનોં બેઠકર ઓલોમા, મુફસ્સેરીન, પેશવાયાને દીનો—મઝહબ,**

**ઔર સહાબાએ કિરામ સે હટ કર નયે ઈફકાર કી બુનિયાદ પર કુરઆને મજીદ પર ગુફતગૂ કરેં. હમ કુરઆન પઢતે ઔર આયાત કે બારે મેં ઈઝહારે ખયાલ કરતે. મેરા લાએહએ અમલ યે થા કે મૈં કિસી તરહ ઈસે અંગ્રેજ નૌ–આબાદિયાતી ઈલાકોં કી વિઝારત કે દામ મેં ફંસા દૂં.**

**મૈં ને આહિસ્તા આહિસ્તા ઉસ ઊંચી ઉડાનવાલે ખૂદ પરસ્ત ઈન્સાન કો અપની ગુફતગૂ કી લપેટ મેં લેના શુરૂ કિયા, યહાં તક કે ઉસને હકીકત સે કુછ ઝિયાદા હી આઝાદ ખયાલ બનને કી કોશિષ કી."**

(હવાલો :– **"હમફે કે એતરાફાત"** પેજ નં. પર)

**–: અનુવાદ :–**

"મૈં મુહમ્મદની સાથે નકકી કર્યુ કે અમો બન્ને સાથે બેસીને આલિમો, મુફસ્સીરો, મઝહબી પેશ્વાઓ અને સહાબાએ કિરામના વિચારોથી અલગ એક નવી વિચારસરણીના પાયે કુરઆન ઉપર ચર્ચા કરીએં. અમો કુરઆન પઢતા અને આયતો વિષે વિચારો વ્યકત કરતા. મારી કાર્ય પધ્ધતિ એ હતી કે હું તેને કોઈપણ ભોગે અંગ્રેજ નવી વસાહતોના વિભાગના ફંદામાં ફસાવી દઉ.

મૈં ધીમે ધીમે તે ઊંચા ઉડ્ડયનવાળા સ્વાર્થી ઈન્સાનને મારી વાણીની લપેટમાં લેવાનો આરંભ કર્યો, ત્યાંસુધી કે તેણે હકીકતથી કંઈક વિશેષ **'આઝાદ ખયાલ'** બનવાની કોશિશ કરી."

ઉપરોક્ત ફકરાથી એ વાત સાબિત થઈ કે શયખે નજદી અને અંગ્રેજ જાસૂસના સહિયારા પ્રયાસથી એક નવો મઝહબ અસ્તિત્વમાં આવી રહ્યો હતો. તે મઝહબ એક નવો ચીલો પાડવાના આશયથી રચવામાં આવી રહ્યો હતો. ઈસ્લામમાં અત્યાર સુધી થઈ ગયેલા મહાન સહાબાઓ, તાબેઈન, તબ્એ તાબેઈન, ઓલોમાએ મુફસ્સેરીન, મજતહેદીન, મુસ્ત'મ્બેતીન, મોહદ્દેષીન, મુફકકેરીન વગેરેના વિચારો અને માન્યતાઓને એક બાજુ રાખી દઈને એક નવા પ્રકારની વિચાર પધ્ધતિ દ્વારા કુરઆનની આયતોના અર્થઘટનો કરવામાં આવી રહ્યા હતા. આ નવા મઝહબની સ્થાપનાના મુખ્ય બે સુત્રધારો સ્વરૂપે પડદા ઉપરના કલાકાર તરીકેની કામગિરી શયખે નજદી **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી** એ અદા કરવાની હતી અને પડદા પાછળની હસ્તી તરીકે **અંગ્રેજ જાસૂસ મિસ્ટર હમફ્રે** ડાયરેકશન આપી રહ્યો હતો.

ઈસ્લામની સેવાના નામે, કુરઆને મજીદનો આશરો લઈ, ઈસ્લામી પેશ્વાનો સ્વાંગ રચી, ઈસ્લામની જડો ખોદવાની 'સ્કીમ' અમલમાં આવી રહી હતી. પડદા ઉપરની વ્યકિત જાહેરમાં ઈસ્લામી રૂપ ધારક હતો. આલિમ હતો, ફાઝિલ હતો પણ ભીતરથી અંગ્રેજોના હાથે વેચાઈ ગયો હતો. જેમ તે 'મુસ્લિમ' હોવાની બાબતમાં ઢોંગી હતો તેમ ચારિત્રની બાબતમાં પણ ઢોંગી જ હતો. તે વધુ પડતો સ્વછંદી. ઉછાછળો, અદકો, સ્વતંત્ર વિચાર સરણી અને જાતીય મહેચ્છાઓ વાળો હતો. તેની નબળાઈઓ પડદા પાછળની વ્યકિતને ખબર હતી. જેથી તેણે તેનો લાભ લીધો.

# શયખે નજદી શરાબ–સુંદરીની લપેટમાં

હમફ્રેએ ધીરે ધીરે શયખે નજદીને "અમલી" મામલામાં ઈસ્લામી શરીઅતની વિરૂદ્ધના કામોમાં એવી સિફતથી સંડોવી દીધો કે શયખે નજદી તેના મોહપાશમાં જકડાઈને અંગ્રેજ જાસૂસ હમફ્રેના હાથની કઠપુતલી બની ગયો. મર્યાદાઓનો પડદો ચીરી નાખી હમફ્રેએ તેને એવું બંધાણ વળગાડી દીધું કે શયખે નજદી તેનો ગુલામ બની ગયો. ઈમાનની બરબાદીની સાથે સાથે અમલની બદી ભળી અને **કારેલાનો વેલો લીમડે ચડે** તેમ ઈમાન અને અમલ બન્ને ક્ષેત્રે હીનતાના કાદવથી ખરડાઈને શયખે નજદીએ કયામત સુધી બાકી રહેનારો **વહાબી મઝહબ**નો ફિત્નો અંગ્રેજોના ઈશારાથી ઉભો કર્યો.

શયખે નજદી અને અંગ્રેજ જાસૂસ હમફ્રેના સબંધો જીગરજાન મિત્રોની કક્ષાએ પહોંચી ગયેલા અને તે કક્ષાએ પહોંચ્યા બાદ સંકોચ અને મર્યાદાનો બાધ રહેતો નથી. શયખે નજદી તે સમયે નવ–યુવાન અને અપરણિત હતો. લપસી જવાની વયમાં લપસાવવું સરળ રહેશે તેમ સમજી હમફ્રેએ શયખે નજદી સાથે **"રસીક વિષય"**ની ચર્ચા ઉપાડી અને સ્પષ્ટ રૂપે પૂછી લીધું કે

મોજમસ્તીનો લહાવો લુંટવો હોય તો હૂં પ્રબંધ કરી આપું. ભાવતું હતું અને વૈધે ચીંધ્યું પછી ઈન્કાર કરવાની શકયતા જ નહોતી.

"મૈં અપને ફરાઈઝ કે ઈન્તેહાઈ અહમ મોડ પર પહોંચ ચુકા થા. મૈંને ઉસ સે વઅદા કિયા કે મૈં બહર હાલ તુમ્હારે લિયે ઈસ કા ઈન્તેઝામ કરૂંગા. મુઝે સિર્ફ ઈસ બાતકા ખદશા થા કે કહીં મુહમ્મદ બસરા કે ઉન સુન્નીયોં સે ખૌફઝદા ન હો જાએ. જો ઈસ બાત કે મુખાલિફ થે. મૈંને ઉસે ઈતમિનાન દિલાયા કે હમારા પ્રોગ્રામ બિલકુલ મખફી રહેગા. યહાં તક કે ઔરત કો ભી તુમ્હારા નામ નહી બતાયા જાએગા. ઈસ ગુફતગૂ કે ફૌરન બાદ મૈં ઉસ બદ કુમાશ નસ્રાની ઔરત કે પાસ ગયા જો ઈંગલિસ્તાન કે નૌ—આબાદિયાતી ઈલાકોં કી વઝારત કી તરફ સે બસરા મેં અસ્મત ફરોશી પર મામૂર થી ઔર મુસ્લિમનૌજવાનોં કો બે—રાહરવી પર ઉભારતી થી. મૈં ને ઉસ સે તમામ વાકેઆત બયાન કિયે. જબ વો રાઝી હો ગઈ તો મૈં ને ઉસ કા આરઝી નામ "સફીયા" રખા ઔર કહા કે મૈં શયખ કો લેકર ઉસ કે પાસ આઉંગા.

મુકર્રરા દિન મૈં શયખ મુહમ્મદ કો લેકર સફીયા કે ઘર પહોંચા, હમ દોનોં કે સિવા વહાં ઓર કોઈ નહીં થા. મુહમ્મદને એક અશરફી મહેર પર એક હપ્તા કે લિયે સફીયા સે અકદ કિયા. મુખ્તસર યે કે મૈં બાહર સે ઔર સફીયા અંદર સે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કો અપને આઈન્દા કે પ્રોગ્રામોં કે લિયે તૈયાર કર રહે થે. સફીયાને એહકામે દીન કી પામાલી ઔર આઝાદી—એ—રાએ કા પુર કૈફ મઝા મુહમ્મદ કો ચખા દિયા થા.

**મૈં ઈસ તકરીબ કે તીસરે દિન ફિર મુહમ્મદ સે મિલા ઔર હમને એકબાર ફિર અપની ગુફતગૂ કા સિલસિલા જારી કિયા. ઈસ બાર ગુફતગૂ શરાબ કી હુરમત કે મુતઅલ્લિક થી."**

(હવાલો માટે જુઓ **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૫૫ અને ૫૬)

ઉપરોક્ત ફકરાનો ટુંકસાર એટલો કે, હમફ્રેએ જયારે જાણ્યું કે શયખે નજદી જાતીય વાસનાની તૃપ્તિ માટે ઈચ્છુક છે તો તેણે શયખે નજદીને વચન આપ્યું કે હૂં તમારા માટે અવશ્ય પ્રબંધ કરી આપીશ. હમફ્રેની કામગિરી પરાકાષ્ટાની ટોચે આવીને ઉભી હતી. આ એક એવું કૃત્ય છે કે જો શયખે નજદીને એક વખત તેનો સ્વાદ ચખાડી દેવામાં આવે, તો પછી આપો આપ શયખે નજદીને તેનો ચસ્કો લાગી જશે અને શયખે નજદી બ્રિટીશ સામ્રાજયનો કહ્યાગરો ગુલામ બની જશે અને આપણું કહ્યું બધું જ કરી છુટશે. શયખે નજદીને શૈયા—સુખ માણવા દેવાની બીના હમફ્રે સદંતર ગુપ્ત રાખવા માંગતો હતો, કેમકે જો આ વાતની 'ઈરાકના સુન્ની લોકોને ખબર પડી જાય તો તેના પરિણામો માઠા આવે.

જો કે ખૂદ શયખે નજદી આ બાબતને ગુપ્તતાના પરદામાં રાખવા માંગતો હતો. જેથી હમફ્રેએ તેને એવી ધરપત આપી કે આપણો પ્રોગ્રામ ખાનગી રહેશે. ત્યાં સુધી કે જે સ્ત્રીની સાથે તમો આનંદ માણશો, તેણીને તમારા નામ સુધ્ધાંની ખબર નહીં પડે. હમફ્રેએ શયખે નજદીને ગુપ્તતાની ખાતરી કરાવી દીધી અને ત્યારબાદ તે **'બસરા'**માં દેહ વેચવાનો ધંધો કરનારી એક ઈસાઈ વેશ્યા પાસે ગયો. તે **ઈસાઈ વેશ્યા** પણ બ્રિટીશ સામ્રાજયની

કામ—ગિરીના ભાગરૂપે બસરાના મુસ્લિમ નૌજવાન વર્ગને અનિતીના માર્ગે ઢસડી જવાની પ્રવૃતિ કરતી હતી. હમફ્રેએ તેણીને સમગ્ર બીના જણાવી અને તેણીને શયખે નજદીની **"શૈયા—સંગીની"** બનવા સમજાવી લીધી અને તેણીનું કામ ચલાઉ નામ **"સફીયા"** રાખ્યું અને સફીયાને કહ્યું કે હૂં ફલાણા દિવસે શયખને લઈને તારી પાસે આવીશ.

નિશ્ચિત દિવસે હમફ્રે શયખે નજદીને **"સફીયા"** પાસે લઈ ગયો અને તે દિવસે સફીયાએ પોતાની આગવી કળાથી શયખે નજદીને ભરપૂર મોજ—મજા કરાવીને પોતાના હુસ્નો—જમાલનો બંદીવાન બનાવી લીધો. ટુંકમાં ઈસ્લામની મજબૂત જડોને ખોદી નાખવા માટે **મુહમ્મદ ઈબ્ને અ.વહાબ નજદી** સ્વરૂપે **'કોદાળી'** તૈયાર કરવામાં આવી રહી હતી. જેને બહારથી હમફ્રે અને અંદરથી સફીયા પાણી ચઢાવી રહ્યા હતા અને તેની ધારને પાણીદાર બનાવી રહ્યા હતા.

શયખે નજદી **'સફીયા'**ની ઝુલ્ફોની ઝંજીરમાં જકડાઈ ગયા બાદ **'સફીયા'** તેની પાસે ધાર્યું કામ કરાવવા માટે સમર્થ હતી. રૂપ લલનાના **હુશ્નના નશા**ની સાથે સાથે **શરાબના નશા**નું બંધાણ શયખે નજદીને થઈ જાય તેવી પેરવી હમફ્રે કરવા લાગ્યો અને તેના પહેલા પગથિયા રૂપે હમફ્રેએ શયખે નજદી સાથે શરાબના હરામ હોવા અંગેની ચર્ચા શરૂ કરી અને કેટલાય દિવસોની દલીલબાજી પછી હમફ્રેએ કંઈક અંશે શયખે નજદીના શરાબ પ્રત્યેની નફરતના વલણને કુણું પાડી દીધું. ત્યાર પછી તેને શરાબના નશામાં ડુબાડી દેવાની કામગિરી પણ **"સફીયા"**ને સોંપી.

**"મૈંને મુહમ્મદ કે સાથ શરાબ સે મુતઅલ્લિક ગુફતગૂ કો સફીયા કે ગૌશે ગુઝાર કિયા ઔર ઉસે તાકીદ કી કે મૌકા મિલતે હી મુહમ્મદ કો નશે મેં ચુર કર દો ઔર જિતના હો સકે શરાબ પિલાઓ.**

**દુસરે દિન સફીયાને મુઝે ઈત્તેલઅ દી કે ઉસને શયખ કે સાથ જી ખોલ કર શરાબ નોશી કી. યહાં તક કે વો આપે સે બાહિર હો ગયા ઔર ચીખને ચિલ્લાને લગા. રાત કી આખરી ઘડી મેં કઈ મરતબા મૈંને ઉસ સે મકારેબત કી ઔર અબ ઉસ પર નકાહત કા આલમ તારી હય ઔર ચેહરે કી આબો–તાબ ખત્મ હો ચુકી હય. ખુલાસએ કલામ યે કે મૈં ઔર સફીયા પૂરી તરહ મુહમ્મદ પર છા ચુકે થે."**

(હવાલો :–**"હમફે કે એતરાફાત"** પેજ નં. ૫૬ અને ૫૭)

**–: અનુવાદ :–**

"મેં મુહમ્મદ સાથે શરાબ વિષે થએલી ચર્ચાથી સફીયાને માહિતગાર કરી અને તેણીને સુચના આપી કે મોકો મળતાં જ મુહમ્મદને નશામાં ચકચુર કરી દેવો અને શકય હોય તેટલો વધુ શરાબ પીવડાવવો.

બીજા દિવસે સફીયાએ મને જણાવ્યું કે તેણીએ શયખની સાથે દિલ ખોલીને **'દારૂ'** પીધો. ત્યાં સુધી કે શયખે પોતાનું સમતોલપણું ગુમાવી દીધું અને મોટેથી ચીખવા અને બરાડવા લાગ્યો. રાત્રીના અંતિમ ભાગમાં તેણે અનેકવાર મારી

સાથે **'સંભોગ'** કર્યો અને હવે તેના ઉપર નબળાઈ છવાઈ ગઈ છે. તેના ચહેરાની ચમક—દમક લુપ્ત થઈ ચુકી છે. ટૂંકમાં હૂં અને સફીયા સંપૂર્ણપણે મુહમ્મદ ઉપર છવાઈ ગયા હતા."

ઉપરોક્ત ફકરો અને તેનો અનુવાદ અનેક વખત વાંચવાથી એ વાતની ખાત્રી થશે કે શયખે નજદી નિતીના નિયમોની સરહદો ફલાંગી ગએલો અને સફીયાની મોહજાળ અને મોહપાશમાં હોશ—કોશ ગુમાવી બેઠો હતો. સફીયાની બાંહોમાં જકડાઈને તેણે બધા બંધનો તોડી નાખેલા, ત્યાં સુધી કે જેનું એક ટીપું પાક પાણીના કૂવામાં પડી જાય તો સમગ્ર કૂવો નાપાક થઈ જાય, તેવી નાપાક શરાબને તેણે **'સફીયા'**ના કહેવાથી અપનાવી. શરાબ એટલીહદે પીધી કે ભાન ભૂલી ગયો. કન્ટ્રોલ બહાર મદીરાપાન કરવાના પ્રતાપે તેણે અવ્યવહારૂ વર્તન કર્યું. જાનવરોની જેમ અનેક વખત વાસનાની તૃપ્તિ માટે **'સંભોગ'** કર્યો. શરાબ અને સુંદરીના 'ચક્કર'માં ફસાઈને શયખે નજદીએ પોતાનું સર્વત્ર ગુમાવી દીધું. પોતાનું સ્વમાન, સ્વાસ્થય, સિધ્ધાંત અને નિતી બધાને નેવે મૂકીને શયખે નજદી, **અંગ્રેજ જાસૂસ** અને **અંગ્રેજ વેશ્યા**નો ગુલામ બની ગયો અને તે બન્નેના આદેશો અને ઈશારાઓ પર નાચવા લાગ્યો અને સંપૂર્ણપણે પરાધિન બની ગયો.

**અંગ્રેજ જાસૂસ હમફ્રે**એ શયખે નજદીને શરાબ અને સુંદરીનો બંદીવાન બનાવ્યા બાદ તેને ઈસ્લામના મૂળભૂત ફરજો **નમાઝ** અને **રોઝા**થી વંચિત કરતો ગયો. શયખે નજદીએ નમાઝની પાબંદી તજી દીધી અને મુખ્યત્વે ફજરની નમાઝ તો તેણે

સંપૂર્ણપણે તજી દીધી. ટુંકમાં ઈબાદતથી દૂર કરીને અને અનિષ્ટોમાં સપડાવીને હમફ્રેએ શયખે નજદીને અંદર અને બહારથી ખોખરો કરી નાખ્યો અને ધીરે ધીરે બ્લેકમેલીંગ કરીને તેના ઈમાન અને અમલનું આવરણ ઉતારતો ગયો. આ વાતનો એકરાર કરતાં ખૂદ હમફ્રે લખે છે કે :—

**"કિસ્સા મુખ્તસર આહિસ્તા આહિસ્તા મૈં મુહમ્મદ કે બદન સે ઈમાન કા લુબાદા ઉતારને મેં કામિયાબ હો ગયા."**

(હવાલો :— **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૬૦)

**—: અનુવાદ :—**

"ટુંકમાં ધીરે ધીરે હું મુહમ્મદના અસ્તિત્વ પરથી ઈમાનનો પોશાક ઉતારવામાં સફળ થઈ ગયો."

અંગ્રેજ જાસૂસની વિશ્વ વિખ્યાત **"બ્રિટીશ પોલીસી"** અંતે સફળ થઈ અને શયખે નજદી **"ઈમાન"**ના વર્તુળ થી લગભગ બહાર આવી જવાની તૈયારીમાં જ હતો. હવે તેની પાસેથી ધાર્યું કામ કઢાવી શકાય તેમ હતું પણ તેમાં એક વાતની ખાસ તકેદારી એ રાખવાની હતી કે શયખે નજદીને એ વાતથી સંપૂર્ણ અજાણ રાખવો હતો કે તેનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવી રહ્યો છે. બ્રિટીશ સામ્રાજયનો મૂળ હેતુ તો ઈસ્લામની મજબૂત જડોને ઉખેડી નાખવાની હતી પણ સામી છાતીએ લડીને ઈસ્લામને પરાજય આપવો અશકય હતો.

ભૂતકાળનો ઈતિહાસ અંગ્રેજોને બરાબર યાદ હતો કે હથિયાર વિહોણા, મુઠ્ઠીભર, શારિરીક રીતે અશક્ત, પણ ઈમાનની તાકાતના કારણે મહા શકિતશાળી એવા ઈસ્લામના **મુજાહિદો**એ લાખોની સંખ્યા ધરાવતા ઈસાઈ લશ્કરને **ધૂળ ચાટતા** કરી દીધેલા. હથિયારોથી સજ્જ ઈસાઈ યોદ્ધાઓને **ગાજર મૂળાની જેમ કાપી નાખેલા.** અરબસ્તાનથી નિકળેલું ઈસ્લામી લશ્કર બહુ જ ટુંકા ગાળામાં વિજયના ઝંડા ફરકાવતું છેક **"સ્પેન"** સુધી પહોંચી ગએલું. **ઈશ્કે રસૂલ**ની ઈમાની તાકાત ધરાવતા ઈસ્લામી લશ્કરને આગેકૂચ કરતું અટકાવવામાં ઈસાઈ લશ્કરની વિશાળ સંખ્યાબળ ધરાવતી શકિત **વામણી** પુરવાર થએલી. જેથી છેલ્લા ઘણા સૈકાઓથી ઈસાઈઓ ઈસ્લામની સામે સામી છાતીએ યુધ્ધ મોરચે લડવાનું સતત ટાળતા જ આવ્યા છે અને **કાયર નિતી** અપનાવી ઈસ્લામને નબળો પાડવા માટે કહેવાતા મુસ્લિમ એવા **ગદ્દારો** દ્વારા મઝહબના નામે આંતર વિગ્રહ કરાવી રહ્યા છે. ઈસ્લામી રાષ્ટ્રોમાંથી ભાગ્યે જ એવું કોઈ રાષ્ટ્ર બાકાત રહ્યું હશે કે જ્યાં અંગ્રેજોએ મઝહબી અને સામાજિક ઝઘડાઓ કરાવ્યા ન હોય. અંગ્રેજો એ વાત સારી પેઠે જાણતા હતા કે મુસ્લિમોની સફળતાનું રહસ્ય મુસ્લિમોના **'ઈમાન'**ની તાકત અને **ઈશ્કે રસૂલ**નો જઝબો છે.અંગ્રેજ વાઈસરોય મિસ્ટર **લોર્ડ કર્ઝન**નું એક કથન ખાસ ઘ્યાન ખેંચે છે કે :—

**"મુસ્લિમોના દિલોમાં જ્યાં સુધી તેઓના નબીની મહોબ્બતનો જઝબો જીવંત છે ત્યાંસુધી દુનિયાની કોઈપણ તાકત તેઓના ઉપર શાસન નહી કરી શકે. માટે મુસ્લિમોની ઉપર વિજય મેળવવા મુસ્લિમોના દિલોમાં રહેલો તેઓના નબીની મહોબ્બતના જઝબાને મૃત:પાય કરવો જરૂરી છે."**

ઉપરોક્ત પોલિસી દ્વારા **અંગ્રેજો**એ દુનિયાના તમામ દેશોમાં **ગદ્દારો** મારફત, ઈમાન વિહોણાં અને રસૂલની ગુસ્તાખી ઉપર આધારિત અકીદાઓ પ્રચલિત કરાવ્યા અને મુસ્લિમોને અંદરો અંદર લડી મરવા માટે એવા ગુંચવી દીધા કે સૈકાઓથી મુસ્લિમો આંતર વિગ્રહની અગ્નિની લપકારા મારતી જવાળાઓમાં સળગી રહ્યા છે.

# શયખે નજદી દ્વારા નવા મઝહબની તૈયારી

**અંગ્રેજ જાસૂસ હમફ્રે**એ શયખે નજદી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબને **સફીયા** નામની વેશ્યા દ્વારા પોતાના સકંજામાં પૂરેપૂરો લઈ લીધો. હમફ્રેને વિશ્વાસની કક્ષામાં ખાત્રી થઈ ગઈ કે શયખે નજદી હવે કોઈપણ બાબતમાં મારૂં કહ્યું ટાળી શકે તેમ નથી. ત્યારે હમફ્રેએ નકકી કર્યું કે હવે આ માતેલા સાંઢને મેદાનમાં ઉતારવો જોઈએ અને તેના મારફત એક નવા **ફિર્કા** (પંથ)ની સ્થાપના કરી દેવી જોઈએં.

**"ઉસ દિન કે બાદ મેરા મકસદ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કો રેહબરી ઔર પેશવાઈ કી ફિક્ર દેના હો ગયા. મુઝે ઉસ કે કલ્બો–રૂહ મેં ઉતર કર શીયા – સુન્ની ફિર્કો કે**

ઈલાવા ઈસ્લામ મેં એક તીસરે ફિર્કે કી સરબરાહી કી પૈશકશ કો ઉસ કે લિયે કાબિલે અમલ બનાના થા. ઈસ મકસદ કે હુસૂલ કે લિયે ઝરૂરી થા કે પહલે મૈં ઉસ કે ઝહન કો બેજા મહોબ્બતોં ઔર અંધે તઅસ્સુબાત સે પાક કર દૂં ઔર ઈસ ઉન્વાન સે ઉસ કી આઝાદ ખ્યાલી ઔર બુલંદ પરવાઝી કો તકવીયત પહોંચાઉં. ઈસ કામમેં સફીયા ભી મેરી મદદગાર થી, કયું કે મુહમ્મદ ઉસે દીવાનોં કી તરહ ચાહતા થા. ઔર હર હફતે મુતઅ કી મુદ્દત કો બળ્હાતા જાતા થા. મુખ્તસર યે કે સફીયાને મુહમ્મદ સે સબ્રો–કરાર ઔર ઉસ કે તમામ ઈખ્તેયારાત છિન લિયે થે."

(હવાલો :– **"હમક્રે કે એતરાફાત"** પેજ નં. ૬૧)

**–: અનુવાદ :–**

"તે દિવસ પછી મારો આશય મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબને આગેવાની અને ધાર્મિક વડપણ તરફ લક્ષ અપાવવાનો હતો. મારે તેના દિલ અને આત્મામાં પ્રવેશી તેને શીયા–સુન્ની પંથો ઉપરાંત ઈસ્લામમાં એક ત્રીજા પંથની નેતાગિરી સંભાળી લેવા માટે કાર્યશીલ બનાવવો હતો. આ મકસદ પૂરો કરવા માટે ઝરૂરી હતું કે પ્રથમ હૂં તેના માનસને નિઃર્થક મહોબ્બત અને અંધ શ્રદ્ધાથી સ્વચ્છ કરી દઉં અને એ રીતે હૂં તેની સ્વછંદી વિચારસરણી અને મહેચ્છાઓને પ્રબળ બનાવું. આ કામમાં સફીયા પણ મને મદદરૂપ હતી કેમકે મુહમ્મદ તેને પાગલપણાની હદે ચાહતો હતો અને દર અઠવાડિયે મુતઅની મુદત વધારતો જતો હતો. ટુંકમાં એટલું કે, સફીયાએ મુહમ્મદની ધીરજ–શાંતિ અને તેની સમગ્ર શકિત છીનવી લીધી હતી."

શયખે નજદીને એક નવા પંથનો પાયો નાખી તેના વડા તરીકે કાર્યરત બનાવવા માટે હમફ્રે અને સફીયા સતત કાર્યશીલ હતા. હમફ્રેની સુફિયાણી વાતો અને સફીયાના લોભામણા અને લલચામણા નખરાના મિશ્રણથી તૈયાર થએલું **ગુમરાહીનું ઝેર** શયખે નજદી હોંશે–હોંશે પીવા ઉત્સુક હતો. સફીયાના પ્રેમમાં અંધ બની શયખે નજદી કહ્યાગરો ગુલામ બની, ગમે તે કરવા તત્પર હતો. શયખે નજદીની શાંતિ, સુખ, ચૈન, શકિત બલ્કે સર્વત્ર **"સફીયા"** ના ચરણો ઉપર ન્યોછાવર હતું. સફીયાએ શયખે નજદી ને જે કક્ષાએ પહોંચાડેલ તેને એ રીતે પણ કહી શકાય કે :–

**બનતી નહીં હય સબ્ર કો રૂખ્સત કિયે બગેર**
**કામ ઉન કી બે–કરાર નિગાહોં સે પળ ગયા**

**અને**

**સિતમ સિતમ દિલે ઉમ્મીદવાર લૂટ ગયા,**
**ગઝબ ગઝબ મેરા સબ્રો–કરાર લૂટ લિયા.**
**મિલી જો આંખ, તો ઉન મસ્ત મસ્ત આંખોં ને,**
**મિલા મિલા કે નઝર, બાર બાર લૂટ લિયા.**

અંગ્રેજ જાસૂસને પોતાની સફળતાના મીઠા ફળ મળવાની આશા સચોટ ખાત્રી રૂપે દ્રષ્ટિગોચર થઈ રહી હતી. અત્યાર સુધી કરેલી મહેનતથી **લોઢું તપીને લાલ** થઈ ગયું હતું અને હવે ફકત **હથોડો મારવો** જ બાકી હતો. આ અંતિમ તબકકાની કામગિરીમાં હમફ્રે સતત સતર્ક અને સજાગ બની ગયો. શયખે નજદીથી તે એક પળ માટે પણ વિખુટો પડતો નહીં અને તેને સતત એ વાત કહેતો એક **ઝળહળતું ભવિષ્ય તમારી પ્રતિક્ષા કરી રહ્યું છે**. તેની સમક્ષ અસત્ય સ્વપ્નો વર્ણન કરતો કે, પૈગમ્બરે ઈસ્લામ તમને આદેશ આપી રહ્યા છે કે તમો તમારા મનમાંથી ભય કાઢી

નાખો. તમારો મરતબો તમારી કલ્પનાથી પણ વિશેષ બુલંદ છે. તમો જ પૈગમ્બરે ઈસ્લામના ઈલ્મના વારસદાર છો. મુસ્લિમોની દીની અને દુનિયાવી બાબતોનો ઉદ્ધાર તમારા થકી જ છે.

હમફ્રેએ શયખે નજદી સમક્ષ પોતાનો મન–ઘડત અને જૂઠો ખ્વાબ વર્ણન કરેલો તે અંગે ખૂદ લખે છે કે :–

**"એક દિન મૈંને ઉસ સે અપના એક જૂઠા ખ્વાબ બયાન કિયા ઔર કહા કે રાત મૈંને જનાબ ખતમી મરતબત કો બિલકુલ ઉસી સરાપા કે સાથ કુર્સી પર બૈઠે દેખા, જૈસે ઝાકેરીન ઔર વાએઝીન મિમ્બરોં પર બયાન કરતે રહેતે હંય. બડે બડે ઓલોમા ઔર બુઝુર્ગાને દીન ને જિન સે મેરી કોઈ વાકફીયત નહીં થી, ચારોં તરફ સે ઉન કો ઘૈર રખા થા. ઐસે મે મૈંને દેખા કે અચાનક તુમ ઉસ મજમે મેં દાખિલ હો ગએ. તુમ્હારે ચેહરે સે નુર કી શુઆઐં ફુટ રહી થીં. જબ તુમ રિસાલત મઆબ કે સામને પહોંચે તો ઉન્હોં ને ખડે હો કર તુમ્હારી તઅઝીમ કી ઔર માથા ચુમા ઔર કહા "એ મેરે હમનામ મુહમ્મદ. તુમ મેરે ઈલ્મ કે વારિસ ઔર મુસલમાનોં કે દીની ઔર દુન્યવી ઉમૂર કો સંવારને મેં મેરે જાનશીં હો."**

**"યે સુન કર તુમને કહા "યા રસુલલ્લાહ ! લોગોં પર અપને ઈલ્મ કો ઝાહિર કરતે હૂએ મુઝે ખૌફ મેહસૂસ હોતા હય."**

**"જનાબ રિસાલત મઆબ ને ફરમાયાઃ ખૌફ કો અપને દિલ મેં જગહ ન દો, કયૂંકે જો કુછ તુમ અપને બારે મેં સોચતે હો ઉસ સે કહીં ઝિયાદા સાહિબે મરતબા હો."**

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૬૩)

## -: અનુવાદ :-

"એક દિવસ મેં તેને મારૂં એક જૂઠું સ્વપ્નું વર્ણવતાં કહ્યું કે રાત્રે મેં જનાબ અંતિમ નબીને બિલકુલ તેવી રીતે ખુરશી ઉપર બિરાજેલા જોયા કે જેવી રીતે ઝાકેરીન અને વાએઝીન મિમ્બર ઉપર બેસીને બયાન કરે છે. મોટા મોટા આલિમો અને બુઝુર્ગાને દીન કે જેઓને હૂં ઓળખતો નથી, તેઓ આપ જનાબને ચૌતરફથી ઘેરી લીધેલા. એવામાં મૈં જોયું કે અચાનક તમો તે સમુહમાં પ્રવેશ્યા. તમારા ચેહરાથી નુરની કિરણો ફૂટી રહી હતી. જયારે તમો રિસાલત મઆબની સામે પહોંચ્યા તો તેઓ તમારા સન્માન માટે ઉભા થઈ ગયા અને તમારૂં કપાળ ચુમ્યું અને કહ્યું કે એ મારા સમ—નામ મુહમ્મદ ! તમો મારા ઈલ્મના વારસદાર છો અને મુસ્લિમોની દીની તથા દુન્યવી બાબતો વ્યવસ્થિત રાખવામાં મારા ઉતરાર્ધી છો."

આ સાંભળી તમે કહ્યું કે "યા રસુલલ્લાહ ! લોકો સમક્ષ મારૂં જ્ઞાન વ્યકત કરતાં હૂં ભય અનુભવું છું."

જનાબ રિસાલત મઆબે ફરમાવ્યું કે ભયને તમારા હૃદયમાં સ્થાન ન આપો કેમકે તમો તમારા વિષે જે કંઈ પણ વિચારો છો તેનાથી વિશેષ તમારો દરજજો છે.

ઉપરોકત સ્વપ્ન સાંભળી શયખે નજદી **ફુલાઈ ગયો** અને **હરખ પદુડો** થઈને હમફ્રેને વારંવાર પૂછતો કે શું વાસ્તવમાં તમારા સ્વપ્નો સત્ય હોય છે ? હમફ્રેને તો શયખને બે—વકુફ જ બનાવવો હતો એટલે તેણે શયખે નજદીને ધરપત આપી કે નિઃશંક હૂં જે સ્વપ્નો જોઉં છું તે સત્ય ઉપર જ આધારિત હોય છે.

અંગ્રેજ જાસૂસની ચાલાકી ચરમ સીમાએ પહોંચી ગઈ અને શયખે નજદી જે નવી વાતો અને ગુમરાહી ભરેલા અકીદાઓ લોકો સમક્ષ વ્યકત કરતાં ભયની લાગણી અનુભવતો હતો તેને બેધડક અને નિર્ભય રીતે લોકો સમક્ષ રજુ કરવા માટે પ્રોત્સાહિત કરવા તેણે શયખે નજદી સમક્ષ જુઠું સ્વપ્ન વર્ણન કર્યું. કે સ્વપ્નમાં જનાબ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તમને મનમાંથી ભયને હાંકી કાઢીને મુસ્લિમોના ઉદ્ધારકની હેસિયતથી તમારા વિચારો વહેતા મુકવાનો આદેશ આપી રહ્યા છે. ઈસ્લામના મહાન નબીના ઈલ્મના સાચા વારસદાર તમે જ છો અને જેથી હવે તમો નબીના સાચા વારસદાર હોવાની તમારી ફરજ અદા કરી નાખો કેમકે તમો જ નબીના કામને આગળ ધપાવી શકો તેમ છો.

આવી રીતે જુઠા—ખ્વાબ વર્ણન કરી કરીને હમફેએ શયખે નજદીનો આત્મ વિશ્વાસ દ્રઢ બનાવી ઈસ્લામ મહઝબમાં નવી વિચાર શૈલી તાત્કાલિક અમલમાં મુકવાની પ્રેરણા આપી. તેનું પરિણામ એ આવ્યું કે :—

**"મૈંને મેહસૂસ કિયા કે ખ્વાબ કે તઝકરે કે સાથ હી ઉસને અપને દિલ મેં નએ મઝહબ કે ઐલાન કા મુસમ્મમ ઈરાદા કર લિયા હય."**

(હવાલો :— **"હમફે કે એતરાફાત"** પેજ નં. ૬૪)

## -: અનુવાદ :-

"મેં અનુભવ્યું કે સ્વપ્નોના વર્ણનની સાથે જ તેણે પોતાના મનમાં નવા મઝહબની જાહેરાતનો દૃઢ નિર્ણય કરી લીધો છે."

શયખે નજદી હમફ્રે દ્વારા બિછાવેલી જાળમાં ફસાઈને હવે બરાબર **'લાઈન'** ઉપર આવી ગયો હતો. જે કામ માટે હમફ્રેએ રાત દિવસ એક કરેલા તે કામ કરવા શયખે નજદી તૈયાર થઈ ગયો અને મિલ્લતે ઈસ્લામીયાને સૌથી વધુ નુકશાન પહોંચાડનાર **'વહાબી મઝહબ'** અસ્તિત્વમાં આવ્યો. મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીના નામ ઉપરથી તે નવા મઝહબનું નામ 'વહાબી મઝહબ' પડયું.

વહાબી મઝહબની સ્થાપના કર્યા બાદ તેને વધુ ઝડપથી ફેલાવવા શયખે નજદીએ શું શું કામગિરી કરેલી અને નિર્દોષ મુસ્લિમો ઉપર કેવા કેવા અત્યાચારો કરેલા તેની વિસ્તૃત માહિતી હવે પછીના પૃષ્ઠોમાં કરશું. અહીં અમુક જરૂરી મુદ્દાઓની ચર્ચા કરવી ઘણી જ આવશ્યક છે કે હમફ્રે દ્વારા પ્રોત્સાહિત થઈને **વહાબી મઝહબ**ની સ્થાપના કરનાર શયખે નજદી માટે બ્રિટીશ સામ્રાજયના **હેડ કવાર્ટર લંડન**થી કેવી દોરવણીઓ કરવામાં આવેલી અને હમફ્રેની કામગિરીને બિરદાવી અને તેને પોતાની **જાસૂસી પ્રવૃતિઓ**ની પરાકાષ્ટાએ પહોંચાડી, બ્રિટીશ સામ્રાજયએ મધ્યપૂર્વના ઈસ્લામી દેશોને પોતાના **'સકંજા'**માં લેવા હમફ્રેને કેટલા સ્થળે ફેરવ્યો અને આ પ્રકરણના મુખ્ય "ગદ્દાર" ઈબ્ને અબ્દુલ વહાબ નજદીનો કેટલો દુરૂપયોગ કરેલો.

શયખે નજદીને નવા ધર્મની સ્થાપના માટે તૈયાર કરી લીધા બાદ **લંડન**થી મળેલા આદેશ મુજબ હમફે 'બસરા'થી **'કરબલા'** અને **'નજફ'** પહોંચ્યો. જયાં તેણે પોતાની જાસૂસી પ્રવૃતિઓ ઘણી જ વ્યવસ્થિત રીતે અંજામ આપી અને તેણે **'દજલા'** અને **'ફુરાત'** નામની બે મશહૂર નદીઓના **સંગમ સ્થળ**ને બ્રિટીશ સામ્રાજયના કંટ્રોલ હેઠળ લઈ લેવાની સલાહ લંડન ખાતેના વડા મથકને આપી. નજફમાં હમફે એક સોદાગરના સ્વાંગમાં રહેલો અને ત્યાંની દરેક દીની અને મઝહબી મેહફિલોમાં નિયમિત જતો. **'નજફ'** શહેરમાં હમફે ચાર મહિના સુધી રહ્યો અને ત્યારબાદ તે **બગદાદ** આવ્યો. બગદાદ આવી તેણે એકસો (૧૦૦) પૃષ્ઠોમાં કરબલા અને નજફમાં એકઠી કરેલી માહિતી લખીને બગદાદ ખાતેના બ્રિટીશ પ્રતિનિધી મારફત લંડન મોકલાવી.

અહીં સુધીની વર્ણન કરેલી કામગિરી હમફે એ ત્રણ વર્ષના ગાળામાં પૂરી કરેલી અને ત્રણ વર્ષ સુધી પોતાની 'માતૃભૂમિ'થી દૂર રહ્યા બાદ તેને પોતાના કુટુંબની યાદ સતાવવા લાગી એટલે તેણે લંડન આવવા માટેની રજા વડા મથકેથી મંગાવી અને રજા મંજુરીની પ્રતિક્ષા **'દજલા'** પાસેના એક મુસાફર ખાનામાં કરવા લાગ્યો.

શયખે નજદીથી વિખૂટો પડી હમફે બસરાથી કરબલા અને નજફ ગએલો તે દરમિયાન તે શયખે નજદી વિષે સતત ચિંતિત હતો.

"બસરા સે કરબલા ઔર નજફ પહોંચને કે ચંદ માહ બાદ મુઝે શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કા ખ્યાલ આયા. મૈં ઉસ્કી તરફ સે બડા ફિક્રમંદ થા. મૈંને ઉસ પર બડી મહેનત કી થી લૈકીન મુઝે ઉસ પર ભરોસા નહીં થા, ક્યૂં કે વો મૂતલુન મિઝાજ વાકેઅ હૂવા થા. ઈસ કે ઈલાવા વો ગુસ્સે કા ભી બડા તૈઝ થા ઔર ઝરા ઝરા સી બાત પર આપે સે બાહિર હો જાયા કરતા થા. ઈન ખુસૂસિયાત કે પૈશે નઝર મુઝે ધડકા થા કે કહીં મેરી મહેનત અકારત ન જાએ, ઔર જિસ ખ્વાહિશ કો મૈં એક અરસે સે અપને સીને મેં લિયે ફિર રહા થા, ઉસ પર પાની ન ફિર જાએ.

જિસ દિન મૈં બસરા સે રવાના હો રહા થા વો તુર્કી જાને પર બ–ઝિદ થા, કે વહાં જા કર ઉસ શહેર કે બારે મેં મા'લૂમાત હાસિલ કરે. મૈંને બડી સખ્તી સે ઉસે ઈસ સફર સે બાઝ રખા ઔર કહા કે મુઝે ડર હય કે તુમ વહાં જા કર કોઈ ઐસી ઉલ્ટી સીધી બાત ન કર બૈઠો જિસ સે તુમ પર કુફ્રો–ઈલ્હાદ કા ઈલ્ઝામ આઈદ હો ઔર તુમ્હારા ખૂન રાએગાં જાએ. લૈકિન સચ્ચી બાત યે થી કે મૈં નહીં ચાહતા થા કે વહાં જા કર વો બઅઝ ઓલોમા–એ–એહલે સુન્નત સે કોઈ રાબતા કાઈમ કરે, ક્યૂં કે ઉસમેં ઈસ બાત કા 'ખતરા' થા કે કહીં વો લોગ અપની મોહકમ દલીલોં કે ઝરીએ દો–બારા ઉસે અપને જાલ મેં ન ફાંસ લેં ઔર મેરે તમામ મન્સૂબે ધરે કે ધરે રેહ જાએં."

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૭૬ અને ૭૭)

## -: અનુવાદ :-

"બસરાથી કરબલા અને નજફ પહોંચ્યાના થોડાક મહિનાઓ પછી મને શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબનો વિચાર આવ્યો. હૂં તેના માટે ઘણો જ ચિંતિત હતો. મૈં તેના પર ઘણી જ મહેનત કરી છતાં પણ મને તેના પર વિશ્વાસ નહોતો. કેમકે તે ઉગ્ર સ્વભાવનો પુરવાર થએલો હતો ઉપરાંત તેનો ક્રોધ ઘણો જ જલદ હતો. તે નાની નાની વાતોમાં ઉશ્કેરાઈ જતો હતો. આ બધી વિશેષતાઓના કારણે મને ભય હતો કે કયાંક મારી મહેનત નકામી ન જાય અને એક લાંબા સમયથી જે ઈચ્છાઓ હૂં મનમાં લઈને ફરી રહ્યો છું તેના પર પાણી ન ફરી વળે.

જે દિવસે હૂં **'બસરા'**થી રવાના થઈ રહ્યો હતો ત્યારે તેણે 'તુર્કી' જવાની હઠ પકડેલી કે ત્યાં જઈને તે શહેરની જાણકારી મેળવું. મૈં તેનો તે પ્રવાસ ઘણી જ કડકાઈ વાપરીને પડતો મુકાવ્યો અને કહ્યું કે મને ભય છે કે તમો ત્યાં જઈને કોઈ એવી ઉલ્ટી સુલ્ટી વાત ન કરી બેસો કે જેના કારણે તમારા ઉપર કાફિર અને નાસ્તિક હોવાનો આરોપ આવી જાય અને તમારૂં લોહી ખોટી રીતે રેડાય. પણ સત્ય વાત એ હતી કે હૂં એવું નહોતો ઈચ્છતો કે તે ત્યાં જઈને અમુક એહલે સુન્નતના આલિમોના સંપર્કમાં આવે, કેમ કે તેમાં એ વાતનો ભય હતો કે તે આલિમો પોતાની મજબુત દલીલો વડે તેને બીજીવાર પોતાની જાળમાં ફસાવી દેશે. અને જો આમ થયું તો મારી બધી યોજનાઓ જેમની તેમ પડી રહેશે.

પોતાનો **પઢાવેલો પોપટ** નવું કંઈ શીખી ન આવે તેટલા માટે હમફ્રે શયખે નજદીને **તુર્કિસ્તાન** જતાં અટકાવી રહ્યો છે, કેમકે તેને ભય હતો કે જો શયખે નજદી તુર્કિસ્તાન જઈને ત્યાંના સ્થાનિક સુન્ની આલિમોના સંપર્કમાં આવશે અને પોતાની ઉપજાવી કાઢેલી નવી ઈસ્લામી માન્યતાઓ તે આલિમો સમક્ષ રજૂ કરશે, તો તે આલિમો શયખે નજદીની દલીલો ના **ચીંથડા ઉડાડી દેશે.** હમફ્રેને એ વાતની ભારોભાર ખાત્રી હતી, કે શયખે નજદીએ જે નવા મઝહબનો પાયો નાખ્યો છે, તે હળાહળ જુઠો અને ઈસ્લામની મૂળભૂત માન્યતાઓથી સદંતર વિરોધી છે. તેની આવી નવી વાતો સાંભળીને લોકો ઉશ્કેરાઈ જશે અને જો તેના ઉપર **કાફિર** અને **નાસ્તિક** હોવાનો ફત્વો હમણાંથી જ લાગી જશે તો મારી સઘળી મહેનત **ધુળ માં ભળી જશે.** અત્યારે સંજોગો એટલા અનુકુળ નથી કે **વહાબી મઝહબના કુફ્રી અકીદાઓ** જાહેર કરવામાં આવે અને તે પણ એવા સ્થળે કે જયાં મજબૂત દલીલો કરનારા સુન્ની આલિમો ઉપસ્થિત હોય. આ બધી વાતો સમય આવ્યે વ્યકત કરવાની છે. અત્યારે તેનો સમય હજુ પાકયો નથી, પણ શયખે નજદી આવી તકેદારી નહી રાખે, કેમ કે તે ઉગ્ર સ્વભાવનો હોઈ ઉશ્કેરાટના આવેશમાં કયાંક ઉલ્ટુ–સીધું બાફી નાખશે, તો આખો ખેલ બગડી જશે. બલ્કે એવું પણ બની શકે કે ખૂદ શયખે નજદી તુર્કિસ્તાનના સુન્ની આલિમોની સચોટ દલીલોથી પ્રભાવિત થઈને પોતાના નવા મઝહબનો પ્લાન માંડી વાળે અને જો આમ થાય તો હમફ્રેની મહેનત ઉપર **પાણી ફરી વળે.** એટલે કોઈપણ સંજોગમાં

શયખે નજદી **તુર્કિસ્તાન** ન જાય, એટલા માટે હમફ્રેએ શયખે નજદીને કડકાઈ વાપરીને પ્રવાસ પડતો મુકાવ્યો અને તેને ડરાવ્યો કે જો તુર્કિસ્તાનમાં તમો આડું અવળું કંઈ પણ બફાટ કરશો તો તમારી ત્યાં સલામતી નહીં રહે.

જો કે હમફ્રે પણ કંઈ **ઓછી માયા નહોતો.** શયખે નજદીને ફરવા જવું હતું અને તેનો પ્રવાસ હમફ્રેએ રદ કરાવેલો, એટલે શયખે નજદી પોતાના જીદ્દી સ્વભાવના કારણે કયાંક છંછેડાઈ ન જાય, તેટલા માટે હમફ્રેએ તેને **ઈરાન**નો પ્રવાસ કરવાનું સુચન કર્યું. ઈરાનનો પ્રવાસ હમફ્રેની દ્રષ્ટિએ સુરક્ષિત હતો કેમકે **'ઈરાન'**માં શીયા પંથી લોકો અને આલિમોની બહુમતી હતી અને **શીયા પંથી** આલિમોની વાતો અને દલીલોથી **શયખે નજદી** પ્રભાવિત થાય તેવી શકયતા નહીંવત હતી.

શયખે નજદીને ઈરાન રવાના કરતાં પહેલા હમફ્રેએ તેને આર્થિક સહાય અને પ્રવાસમાટે **'અ '** નો પ્રબંધ કરી આપ્યો અને બન્નેએ એવું નકકી કર્યું કે ફરી આપણે **'ઈરાક'**ના શહેર **'બસરા'**માં ભેગા થશું અને સંજોગ—વસાત આપણા બન્નેમાંથી કોઈ બસરા ન પહોંચી શકે તો તે પોતાની સમગ્ર બીના **'બસરા'** ખાતે **અબ્દુર્રઝા તરખાનને** ત્યાં લખી મોકલે કે જેથી એક બીજાને તેની માહિતી મળી રહે. આવી રીતનું આયોજન કર્યા બાદ બન્ને વિખૂટા પડયા. શયખે નજદી **'ઈરાન'** માટે રવાના થયો અને હમફ્રે **'કરબલા'** અને **'નજફ'** માટે રવાના થયો.

# શયખે નજદી અન્ય એક રૂપ સુંદરીની બાહોંમાં જકડાયો

શયખે નજદીથી વિખૂટો પડયાબાદ હમફ્રે કરબલા અને નજફ ગયો. અગાઉ વર્ણન કર્યા મુજબ ત્યાંની કામગિરી આટોપી હમફ્રે **'બગદાદ'**માં પોતાની રજાની મંજૂરીની પ્રતિક્ષા કરી રહ્યો હતો. **હમફ્રેની રજા મંજૂર** થઈ અને તેને તાત્કાલિક **'લંડન'** પહોંચવાનો આદેશ મળ્યો. **હમફ્રેએ લંડન** જઈને પોતે કરેલી કામગિરીનો સવિસ્તૃત ચિતાર રજુ કર્યો. જે રીપોર્ટથી **લંડન** ખાતેના **બ્રિટીશ માંધાતાઓ** હર્ષ ઘેલા બની ગયા. ઉપરાંત બસરાથી અંગ્રેજ વેશ્યા **'સફીયા'**એ પણ પોતાની કામગિરીનો અહેવાલ લંડન લખી મોકલેલો, જે હમફ્રેએ રજૂ કરેલા રિપોર્ટનું સમર્થન કરતો હતો. ઉપરાંત હમફ્રે જેવા જાસૂસ ઉપર જાસૂસી કરવા લંડન હેડ કવાર્ટરે અમુક જાસૂસો નિયુકત કરેલા. તે જાસૂસો સતત હમફ્રે ઉપર દેખરેખ કરતા હતા અને હમફ્રેની જાસૂસી કામગિરીની રજે રજની માહિતી એકઠી કરીને લંડન લખી મોકલતા હતા. તે બધા રિપોર્ટ પણ હમફ્રેના રિપોર્ટનું અનુમોદન જ કરતા હતા. જેથી લંડન હેડકવાર્ટરમાં હમફ્રેની વાહ વાહ પોકારાતી હતી.

બ્રિટીશ માંધાતાઓ હમફ્રે ઉપર આફરીન હતા, કેમ કે હમફ્રેએ **શયખે નજદી**ને પોતાના સકંજામાં સપડાવેલો. હમફ્રેને પ્રોત્સાહિત અને તેનો આત્મવિશ્વાસ વધુ દ્દઢ બનાવવાના આશયથી બ્રિટીશ કાઉન્સિલના મંત્રીએ હમફ્રેને કહ્યું કે :—

**"મુહમ્મદ પર તસલ્લુત નૌ–આબાદિયાતી વઝારત કા સબ સે અહમ મસ્અલા થા, ઉસને બડી શિદ્દત સે યે તાકીદ કી થી કે મુહમ્મદ કો એક મુનઝ્ઝમ મન્સૂબે કે તહત ઉન ઉમૂર પર આગાહ કરૂં જિન્હેં આઈન્દા ચલ કર ઉસે હમારે લિયે અંજામ દેના હય"**

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૮૦)

**–: અનુવાદ :–**

"મુહમ્મદને કબ્જે કરવું એ નવી વસાહતોની સરકારનો અગત્યનો પ્રશ્ન હતો. તેણે ઘણી જ કડક સુચના આપી કે મુહમ્મદને વ્યવસ્થિત યોજના હેઠળ તે કાર્યોથી વાકેફ કરૂં કે જે કાર્યો મુહમ્મદે હવે પછી આપણા માટે અંજામ આપવાના છે"

શયખે નજદીનો ભવિષ્યમાં શો ઉપયોગ કરવો છે તેની યોજના **લીલી આંખોવાળા** અંગ્રેજો લંડનમાં બેઠા બેઠા બનાવી રહ્યા છે. શયખે નજદીના ખંભા ઉપર બંદુક રાખીને ઈસ્લામ અને મુસ્લિમો ઉપર નિશાન તાકવું હતું. શયખે નજદીને તેની કામગિરી સમજાવવી હતી અને તે માટે હમફ્રેને સતત કાર્યશીલ રહેવાની સુચના આપવામાં આવી રહી હતી.

અહીં એક વાતનો ઉલ્લેખ જરૂરી છે કે બસરાથી વિખૂટા પડયા બાદ હમફ્રેને શયખે નજદીની કોઈ માહિતી નહોતી. જેથી સખ્ત ચિંતિત હતો અને જ્યારે હમફ્રેની ચિંતાની બ્રિટીશ માંધાતાઓને જાણ થઈ તો તેમણે હમફ્રેને સાંત્વન આપતાં જે કહ્યું તેનું વર્ણન કરતાં હમફ્રે કહે છે કે :–

**"નૌ–આબાદિયાતી ઈલાકોં કે વઝીર કો જબ ઈસ બાત કા ઈલ્મ હૂવા કે મૈં શયખ કી ગુમશુદગી કે બારે મેં બહોત પરેશાન હૂં તો ઉસને નિહાયત ઈત્મેનાન સે જવાબ દિયા – પરેશાન હોને કી ઝરૂરત નહીં. તુમને જો કુછ શયખ કો પઢાયા થા વો અભી તક ઉસે યાદ હય ઔર હમારે આદમી 'ઈસ્ફહાન' મેં ઉસ સે રાબેતા કાયમ રખ્ખે હૂએ હંય"**

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૮૧)

**–: અનુવાદ :–**

"નવી વસાહતોની સરકારના મંત્રીને જયારે એ વાતની જાણ થઈ કે હૂં શયખે નજદીના ગુમ થવાના કારણે ચિંતિત છું તો તેણે ઘણી જ શાંતિથી મને કહ્યું કે વ્યથિત થવાની જરૂરત નથી. શયખે નજદીને તમોએ જે ભણાવ્યું છે તે તેને બરાબર યાદ છે અને **'ઈસ્ફહાન'** ખાતેના આપણા માણસો તેના ઉપર નજર રાખી રહ્યા છે"

કદાચ આ વાત સાંભળીને હમફ્રે પણ **મોઢામાં આંગળા નાખી ગયો હશે** કે તેનો જ પઢાવેલો પોપટ શયખે નજદી હાલમાં ક્યાં છે તે જાણકારી તેની પાસે ન હતી પણ લંડન હેડક્વાર્ટરમાં ત્યાં સુધીની નોંધ હતી કે શયખે નજદીને હમફ્રે દ્વારા **ભણાવવામાં આવેલા પાઠ** બરાબર યાદ છે અને હાલમાં તે **'ઈરાક'**ની સરહદ પાસે આવેલા **'ઈરાન'**ના શહેર **'ઈસ્ફહાન'**માં સ્થાયી છે. વાંચકો અંદાઝો કરે કે અંગ્રેજોની જાસૂસી જાળ કેટલા વિશાળ પાયા ઉપર પથરાએલી હતી. જાસૂસ ઉપર પણ જાસૂસી કરવામાં આવી રહી હતી. હમફ્રે જેવા ખમતીઘર અને અનુભવી જાસૂસ ઉપર પણ 'નજર' રાખવામાં

આવી રહી હતી. ત્યાં સુધી કે હમફ્રેનો **'શિકાર'** બનેલો શયખે નજદી હાલમાં ક્યાં છે? અને શું કરી રહ્યો છે? તેની સચોટ માહિતી **'લંડન'**ની નોંધમાં ઉપલબ્ધ છે.

લંડનથી મળેલી દિશા સૂચક માહિતીના આધારે હમફ્રે લંડનથી રવાના થઈ ઈરાનના **'ઈસ્ફહાન'** શહેરમાં પહોંચ્યો જયાં તેનો ભેટો ફરી એકવાર **શયખે નજદી**થી થયો. શયખે નજદીને જયારે હમફ્રે ફરીવાર મળ્યો તો હમફ્રેએ અનુભવ્યું કે મારી ગેરહાજરીમાં શયખે નજદી બ્રિટીશ સામ્રાજયની ગુલામીથી જરાપણ વટલાયો નથી, બલ્કે **બે ડગલાં આગળ** વધી ગયો છે. અહીં પણ તે રૂપ—યૌવનાના હુસ્નો—જમાલનો શિકાર થઈ ગયો છે અને વાસના તૃપ્તિની લાલચમાં અંગ્રેજ સામ્રાજય માટે ધાર્યું કામ કરવા તત્પર છે.

**"બાદ મેં શયખ સે દો—બારા મુલાકાત પર મુઝે સબ કુછ ઈલ્મ હો ગયા. ઔર ઉસને તમામ માજરા કેહ સુનાયા. ઉસને બતાયા કે ઈસ્ફહાન મેંઉસ કી દોસ્તી અબ્દુલ કરીમ નામી એક શખ્સ સે હૂઈ. જો અપને આપ કો એહલે કલમ ઝાહિર કરતા થા. ઔર ઉસીને શયખ પર અપના સિક્કા બિઠા કર ઉસ કે તમામ રાઝ મા'લૂમ કિયે થે. ઈસ કે સાથ હી સફીયા ભી કુછ અરસે બાદ ઈસ્ફહાન આઈ ઔર ઉસને મઝીદ દો મહીને કે લિયે શયખ સે મુતઅ કિયા. શિરાઝ કે સફર મેં વો ઉસકે સાથ નહીં થી, બલ્કે અબ્દુલ કરીમને ઉસે અપને સાથ રખ્ખા હૂવા થા. શિરાઝમેં અબ્દુલ કરીમને શયખ કે લિયે સફીયાસે ભી ઝિયાદા ખૂબસૂરત લડકી કા ઈન્તેઝામ કિયા થા. ઔર વો શિરાઝ**

કે એક યહૂદી ખાનદાન કી હસીનો—જમીલ લડકી થી, જિસકા નામ 'આસિયા થા. અબ્દુલ કરીમ ઈસ્ફહાન કે એક માદર—પિદર આઝાદ ઈસાઈ કા ફર્ઝી નામ થા. ઔર વો ભી આસિયા કી તરહ ઈરાન મેં બરતાનિયા કે નૌ—આબાદિયાતી ઈલાકોં કી વઝારત કા એક કદીમ મુલાઝિમ થા.

મુખ્તસર યે કે અબ્દુલ કરીમ, સફીયા, આસિયા ઔર રાકિમુલ હુરૂફને મિલકર અપની રાત દિનકી કોશિશોં સે શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કો નૌ—આબાદિયાતી ઈલાકોં કી વઝારત કી ખ્વાહિશાત કે અયન મુતાબિક ઢાલા ઔર આઈન્દા કી પ્લાનિંગ કો રૂ—બ—અમલ લાને કી ઝિમ્મેદારી ઉઠાને પર આમાદા કિયા"

(હવાલો :— **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૮૦ અને ૮૧)

**—: અનુવાદ :—**

"ત્યારબાદ શયખથી ફરી વખતની મુલાકાતથી મને સઘળી માહિતી મળી ગઈ. અને શયખે મને સમગ્ર બીના કહી સંભળાવી. શયખે મને જણાવ્યું કે ઈસ્ફહાનમાં તેની મિત્રતા અબ્દુલ કરીમ નામની એક વ્યકિત સાથે બંધાણી. અબ્દુલ કરીમ પોતાને લેખક તરીકે ઓળખાવતો હતો. તેણે શયખ ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરીને તેની બધી ગુપ્ત વાતો જાણી લીધી. આ દરમિયાન **'સફીયા'** પણ થોડા સમયબાદ ઈસ્ફહાન આવી પહોંચી. તેણીએ વધુ બે મહીના માટે શયખની સાથે **'મુતઅ'** કર્યુ. શિરાઝના પ્રવાસ

દરમિયાન તેણી શયખની સાથે નહોતી બલ્કે શિરાઝના પ્રવાસમાં અબ્દુલ કરીમે તેણીને પોતાની સાથે રાખેલી. શિરાઝમાં અબ્દુલ કરીમે શયખ માટે સફિયાથી પણ વધુ સૌંદર્યવાન યુવતીનો પ્રબંધ કરી આપેલો. તે યુવતી શિરાઝના એક યહૂદી કુટુંબની સૌંદર્યવાન અને નમણી છોકરી હતી. તેણીનું નામ **'આસિયા'**હતું. અબ્દુલ કરીમ ઈસ્ફહાનના ઈસાઈ મા–બાપથી આઝાદ થએલા શખ્સનું કામચલાઉ નામ હતું. અને તે પણ આસિયાની જેમ ઈરાન ખાતે બ્રિટીશ સરકારની નવી વસાહતોના પ્રદેશના મંત્રી–મંડળનો જુનો નોકર હતો.

ટુંકમાં એટલું કે અબ્દુલ કરીમ, સફિયા, આસિયા અને હૂં. અમો બધા ભેગા મળીને રાત દિવસની જહેમત પછી શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબને બ્રિટીશ સામ્રાજયની ઈચ્છા મુજબ ઢાળ્યો અને ભવિષ્યની યોજનાને અમલી બનાવવાની જવાબદારી ઉપાડી લેવા તૈયાર કર્યો."

હમફ્રે કુફ્રના મેદાનમાં દોડાવવા માટે **'ઘોડો'** તૈયાર કરવાના અંતિમ તબક્કામાં આવી પહોંચ્યો. હમફ્રેની ગેરહાજરીમાં **'ઈરાન'** ખાતેનો અન્ય એક ઈસાઈ જાસૂસ શયખે નજદીના સંપર્કમાં આવ્યો અને તેણે શયખે નજદીની **નબળી કડી** એટલે કે રૂપ સૌંદર્યના ગુલામ હોવું જાણી લીધું. અધૂરામાં પૂરૂં જૂની માશૂકા અને શૈયા સંગીની **'સફિયા'** પણ ઈસ્ફહાન આવી પહોંચી અને બે મહીના સાથે રહેવા માટે શયખથી કરારબદ્ધ થઈ. **ઈસ્ફહાન**માં શયખે નજદી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ સાથે કરારબદ્ધ થયા પહેલા **'સફિયા'**

ઈરાનના ઐતિહાસિક શહેર **'શિરાઝ'** પ્રવાસ દરમિયાન શયખે નજદીની સાથે હતી પણ તે પ્રવાસ દરમિયાન સફિયા શયખે નજદીના બદલે અંગ્રેજ જાસૂસ અબ્દુલ કરીમને **શૈયા સુખ** આપવાની સેવા બજાવી રહી હતી. શિરાઝના પ્રવાસમાં શયખે નજદી સફિયાના રૂપ અને યોવનની મજા લૂંટી ન શકયો. પણ....શયખે નજદી શિરાઝમાં કંઈ **'કોરો'** ન હોતો રહી ગયો. અબ્દુલ કરીમે શયખે નજદીના આનંદ–પ્રમોદ માટે અન્ય એક રૂપ રૂપના અંબાર સમી લલનાનો પ્રબંધ કરી આપેલો. શયખે નજદીને શું ફરક પડવાનો હતો. **સફિયા** હોય કે પછી **આસિયા** હોય. હુશ્નના બંધાણીને હુશ્ન મળી ગયું એટલે બસ. રાત વાંઝણી ન જવી જોઈએં. રાત તો સદાય **રંગીન બની રહેવી જોઈએં.** અબ્દુલ કરીમે શયખે નજદી માટે જે યુવતીનો પ્રબંધ કરી આપેલો તે યુવતી પણ હમફે, સફિયા અને અબ્દુલ કરીમની જેમ બ્રિટીશ સામ્રાજયના જાસૂસ તરીકેના વ્યવસાયમાં પડેલી હતી. તે યહૂદી યુવતી **'આસિયા'** અગાઉની શયખની માશૂકા સફિયા કરતાં અનેક ગણી સૌંદર્ય વાન હતી. અબ્દુલ કરીમે વિચાર્યુ કે સફિયાનો સ્વાદ માણી ચુકેલા વાસના ભૂખ્યા શયખે નજદીને હવે આસિયાનો પણ સ્વાદ ચખાડી દઈએં. શયખે નજદી માટે તો **ભાવતું હતું અને વૈધે ચીધ્યું** ની જેમ મનપસંદ **'આઈટમ'** મળી અને શયખે નજદીએ હોંશે હોંશે તે 'આઈટમ'ની મજા માણી.

પણ....જયારે ઈસ્ફહાન શહેરમાં પરત આવ્યા તો ફરી **'આઈટમ'**માં ફેરફાર થઈ ગયો. **'સફિયા'** જે શયખે નજદીની

જૂની **'સખી'** હતી તે શિરાઝમાં તો અબ્દુલ કરીમનું **પડખું સેવતી** હતી, પણ ઈસ્ફહાન આવીને તેણી **વાડ ઠેકી ગઈ** અને ફરી પાછી શયખે નજદીની બાહોંમાં ઝુલવા લાગી. શયખે નજદીએ તેણીને **જુનું એટલું સોનું** સમજી ફરી પાછી અપનાવી. જેમ ખાણી પીણીના શોખીનો અવનવી વાનગીઓના સ્વાદ માણવા અલગ અલગ **ટેસ્ટ**ની વાનગીઓ આરોગે છે, તેમ શયખે નજદીએ પોતાની **હવસ–ખોરી**ને સંતોષવા અલગ અલગ યુવતીઓ ભોગવી.

ટૂંકમાં વહાબી–તબલીગી જમાઅતનો પેશ્વા અને વહાબી મઝહબનો પાયો નાખનાર **શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી** કુફ્રી અકીદાઓની ગંદકી જાહેર કરતાં પહેલાં ચારિત્રના ક્ષેત્રે વ્યભિચારની ગંદકીથી સંપૂર્ણ ખરડાઈ ગયો હતો. પ્રારંભમાં શયખે નજદીને બેહકાવવામાં ફકત હમફેની જ શકિત કાર્યરત હતી પણ હવે (૧) હમફે (૨) સફિયા (૩) અબ્દુલ કરીમ અને (૪) આસિયા એમ ચાર વ્યકિતઓની વચ્ચે શયખે નજદી ઘેરાઈ ગયો છે. આગળ, પાછળ, જમણે, ડાબે ચારેય દિશામાં ચાર વ્યકિતના સકંજાની વચ્ચે શયખે નજદી **સલવાઈ** ગયો છે. **કિધર જાઉં** અને **કૈસે જાઉં** જેવી પરિસ્થિતી શયખે નજદીની બની ગઈ છે. ચૌ–તરફથી શયખે નજદી અંગ્રેજ જાસૂસોની માયાજાળ અને મોહજાળમાં બંદીવાન બની ગયો અને ઉપરોકત વર્ણનીય ચારેય જાસૂસોએ શયખે નજદીને ઈસ્લામ મઝહબની મજબૂત જડોને ઉખેડી નાખવાના બ્રિટીશ સામ્રાજયના પ્લાનને પરિપૂર્ણ કરવા માટે તૈયાર કરી લીધો.

અહીં સુધીના વાંચનથી વાંચકો સમક્ષ એ વાત સ્પષ્ટ સ્વરૂપે સામે આવી ગઈ હશે, કે શયખે નજદીને અંદર—બહારથી **ખોખરો** કરી નાખવા માટે બ્રિટીશ સામ્રાજયના જાસૂસોએ તેને અનેક બદીમાં સંડોવી દીધો અને બંધ શબ્દોમાં તેને નવા પંથની સ્થાપના કરવાના સંકેતો આપ્યા, પણ અત્યાર સુધી ખુલ્લમ—ખુલ્લા નવા મઝહબની જાહેરાત કરવાની ચર્ચા ન હોતી કરી. હમફ્રેએ મુસ્લિમ વિદ્યાર્થીનો સ્વાંગ રચીને આટલા વર્ષોમાં જે ઈસ્લામી શિક્ષણ મેળવેલું તેનો દુરૂપયોગ કરીને શયખે નજદી સાથે મઝહબી ચર્ચાઓ દ્વારા તેને **ગુમરાહ** કર્યો. શરાબ અને સુંદરીના ફંદામાં ફસાવી તેનું નૈતિક અધઃપતન કર્યું. તેના **મોં ફાટ વખાણ** કરી કરીને તેને અભિમાની અને અહંકારી બનાવી દીધો. તેની અંદર મુસ્લિમ નેતાગિરી અને મુસ્લિમ સમાજ સુધારકના લખલૂટ ગુણો ભર્યા છે, તેવી લોભામણી ખૂશામતો કરી પણ તેને ખુલ્લા શબ્દોમાં ઈસ્લામમાં એક નવા પંથની સ્થાપના અને જાહેરાત કરવાની વાત ન કહી. તેનું કારણ એ હતું કે અંગ્રેજ જાસૂસો શયખે નજદીને **ધીમું ઝેર પાઈને** તેના ઈમાનનું મૃત્યુ નિપજાવવા માંગતા હતા. ઘણા લાંબા સમયના **વિષ—પાન** પછી ઝેર ની માત્રા એટલી હદે પહોંચી ગઈ હતી કે હવે તે ઈમાનના મામલામાં મરી ગએલા જેવો જ હતો. જેથી હવે તેની સાથે ખુલ્લા શબ્દોમાં **સોદાબાજી** કરવામાં અંગ્રેજ જાસૂસો તથા બ્રિટીશ સામ્રાજયના હેડકવાર્ટરને વાંધો નહોતો.

# અંગ્રેજોએ ઘડેલા ‘વહાબી પંથ’ના નિયમો અને ઈસ્લામને સંપૂર્ણપણે નષ્ટ કરવાના નકકી કરેલા મુદ્દાઓ

બ્રિટીશ સામ્રાજય અને તેના જાસૂસો હવે ઈસ્લામ ઉપર પ્રહાર કરવા સંપૂર્ણપણે સજજ થઈ ચુકયા હતા. ગુપ્તચર ખાતાના અહેવાલો એવો નિર્દેશ કરતા હતા કે હવે બને તેટલી તકે **શયખે નજદી** સ્વરૂપે તૈયાર કરેલો **હાઈડ્રોજન બોમ્બ** ફોડી નાખવો જોઈએ. શયખે નજદી દ્વારા પ્રચાર અને પ્રસારના માધ્યમ દ્વારા મુસ્લિમોને ભડકાવનારા, દઝાડનારા, વિખેરી નાખનારા, એકતા અને સંગઠનને તોડી નાખનારા, ઈમાન વિહોંણા કરીદેનારા અને અંદરો અંદર લડાવી દેનારા જે અકીદાઓ ફેલાવવામાં આવશે તે કામગિરી એટલી વ્યવસ્થિત હોવી જોઈએ કે તે નવા પંથનો વિરોધ કરનારાઓને સરળતાથી કચડી નાખી શકાય. બલ્કે નવા મઝહબ **વહાબી ફિર્કાનો** વિરોધ કરવાથી મુસ્લિમો દૂર રહે તેવી નવી નવી યુકિતઓ શોધી કાઢવામાં આવે અને તેને અમલી બનાવવા માટે એકલ–દોકલ જાસૂસને મેદાનમાં ઉતારવાના બદલે એક બહોળી સંખ્યા ધરાવતી **જાસૂસી ફોજ**ને મેદાનમાં ઉતારવી અને તે જાસૂસી ફોજને અંતિમ તબક્કાની ટ્રેનીંગ આપવી.

ઉપરોકત યોજનાને અમલી બનાવવા અને અત્યંત ગુપ્ત અને ભેદ ભરેલી યોજનાઓની જાણકારી પ્રદાન કરવા લંડન હેડકવાર્ટરે હમફ્રેને ફરીવાર **'લંડન'** બોલાવ્યો. આ વખતે હમફ્રેને ઈસ્લામ અને મુસ્લિમોને તોડી પાડવા માટે ઘણી જ **ઉચ્ચ કક્ષાની** તા'લીમ આપવામાં આવી. સૌ પ્રથમ હમફ્રેને

એક ગુપ્ત મુદ્દાઓ ઉપર આધારિત **'પુસ્તક'** આપવામાં આવ્યું. તે પુસ્તકમાં તે બધી સઘળી બાબતો આવરી લેવામાં આવેલી કે જેના આચરણના કારણે મુસ્લિમોએ પ્રગતિ સાધી અને વિશ્વમાં એક મહત્વની સત્તા અને સ્થાન ધરાવતી કોમ તરીકે પ્રસિધ્ધી પામ્યા. તે પુસ્તકમાં કુલ **૨૩ મુદ્દાઓ** વર્ણન કરવામાં આવેલા.તે વર્ણનીય મુદ્દાઓના કારણે મુસ્લિમો શકિતશાળી અને પ્રભાવશાળી બનેલા. આ મુદ્દાઓનું ઉંડાણ પૂર્વકનું ચિંતન અને મનન કરવાની મિસ્ટર હમફ્રેને સુચના આપવામાં આવેલી અને તેના પાછળનો આશય એ હતો કે આ ૨૩ મુદ્દાઓ જ મુસ્લિમોની સફળતાના પાયા સમાન છે. માટે આ બધા સદ્‌–ગુણોથી મુસ્લિમોને દુર અને વંચિત રાખવા.

અહી એટલી શકયતા નથી કે ઉપરોક્ત ૨૩ મુદ્દાઓ વિસ્તાર પૂર્વક રજૂ કરવામાં આવે, કેમ કે લખાણની લંબાઈ અસાધારણ થઈ જવાની શકયતા છે. અલબત્ત સંક્ષિપ્તમાં તે મુદ્દાઓ વર્ણન કરવાનો અવશ્ય પ્રયત્ન કરીશ કે, જે મુદ્દાઓ દ્વારા મુસ્લિમોને પતનના માર્ગે લઈ જવાનો **અંગ્રેજોએ મન–સૂબો ઘડી કાઢેલો.**

પ્રથમ પુસ્તક દ્વારા મુસ્લિમોની સફળતાના રહસ્યોની જાણકારી મેળવી લીધા બાદ હમફ્રેને બીજાું પુસ્તક આપવામાં આવ્યું. તે પુસ્તકમાં એવી માહિતી એકઠી કરવામાં આવેલી કે, જો ઈસ્લામ અને મુસ્લિમોને સંપૂર્ણપણે વિશ્વના તખ્તા ઉપરથી નેસ્તો–નાબૂદ કરી દેવા હોય, તો મુસ્લિમોને અમુક બાબતોમાં સંડોવી દેવા. જેમાંથી અમુક મહત્વની અને વિચાર મગ્ન કરી દે તેવી બાબતો સંક્ષિપ્તમાં અત્રે રજૂ છે.

◉ અવિશ્વાસ અને ગેરસમજના મુદ્દાઓ ઉપર મુસ્લિમોમાં ધાર્મિક મતભેદો ઉભા કરવા. નફરત અને આક્ષેપોને બને તેટલા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત કરીને સુલેહ–સંપ સ્થાપવા દેવા નહીં.

◉ મુસ્લિમોને શિક્ષણ ક્ષેત્રે પછાત રાખવા. મુસ્લિમ શૈક્ષણિક સંસ્થાઓને સફળ થવા દેવી નહીં. ઈસ્લામી સાહિત્યના પ્રચાર અને પ્રસારમાં અવરોધો ઉભા કરવા. ઈસ્લામી શૈક્ષણિક સંસ્થાઓમાં અને આલિમો પાસે મુસ્લિમોને જતા અટકાવવા. આલિમો ઉપર ખોટી તહોમતો લગાડી તેઓને બદનામ કરવા.

◉ મુસ્લિમોને આળસૂ અને વ્યવસાયના ક્ષેત્રથી વંચિત કરી નાખવા, મુસ્લિમોમાં એવી માન્યતા વ્યાપક કરી દેવી કે મૃત્યુ પછી સાચો આનંદ અને સુખ જન્નતમાં છે અને દુનિયા કમાવવાથી કંઈ પ્રાપ્ત નહીં થાય અને તેના માટે એવી કિતાબો પ્રગટ કરવી કે જેના વાંચનથી મુસ્લિમોને વેપાર–ધંધા પ્રત્યે વૈરાગ્યની ભાવના પેદા થાય.

◉ શારિરીક સ્વાસ્થ્યની બાબતમાં મુસ્લિમોને બે–દરકાર બનાવવા અને તે માટે મુસ્લિમોના મનમાં એ વાત ઠસાવવી કે બિમારી પણ ખુદાની દૈન છે. અને જેથી તેનો ઈલાજ કરવો નિઃર્થક છે. આ વાતના સમર્થનમાં કુરઆનની આયતોના તે અનુવાદો પ્રચલિત કરવા કે જેનો ભાવાર્થ એ છે કે, બિમારી અને તંદુરસ્તી ખુદા તરફથી જ છે. ખુદા જ બિમારી આપે છે અને ખુદા જ તંદુરસ્તી આપે છે. આ

પ્રચારના પરિણામ રૂપે મુસ્લિમો સદાય રોગી અને શારિરીક શકિતમાં કંગાળ બની જશે.

◉ સ્ત્રીઓમાં પુરૂષ સમોવડી બનવાની ભાવનાને ઉશ્કેરવી.

◉ ઈસ્લામી દેશોમાં ગરીબી અને ભૂખમરો સ્થાયી રાખવા, તે દેશોને ખેતી અને વેપારના ક્ષેત્રે સ્વાવલંબી થવા દેવા નહીં.

◉ મુસ્લિમોમાં ઝઘડા, ટંટો-ફસાદ, હુલ્લડો અને મારફાડનું વાતાવરણ સતત ઉભું કરવું અને તેવી બાબતોને પ્રોત્સાહન આપવું.

◉ મુસ્લિમોને રાજકરણ અને આર્થિક સંગઠનોથી દૂર કરી દેવા.

◉ મુસ્લિમ હાકેમોને ભ્રષ્ટ કરી તેઓને દારૂ, જુગાર અને અન્ય અનૈતિક કામોના રવાડે ચડાવી દેવા, જેથી તેઓ આપોઆપ ભ્રષ્ટાચારી બનીને કોમની તિજોરીઓ તળીયા-ઝાટક કરી નાખશે. પરિણામે તેઓની પાસે પોતાના રક્ષણ, વેપાર-વાણિજય અને આર્થિક પ્રગતિના કાર્યો માટે ફંડ જ બાકી નહીં રહે.

◉ દારૂ, જુગાર, રંડીબાઝી અને સુવ્વરનું માંસ આરોગવાની બદી સામાન્ય મુસ્લિમોમાં ફેલાવવી.

◉ મુસ્લિમોને ઈસ્લામના કાનૂનો ઉપર અમલવારી કરવાથી બહેકાવવા. જાઈઝ અને ના-જાઈઝનો તફાવત કરવામાં શરીઅતના કાનૂનોનું ઉલંઘન કરવા પ્રેરવા. જેથી

મુસ્લિમોમાં સામાજિક અંધાધૂંધી અને અવ્યવસ્થા ફેલાશે. દા.ત. વ્યાજની ઈસ્લામમાં સખત મનાઈ છે પણ મુસ્લિમોને વ્યાજના ફંદામાં ફસાવવા માટે વ્યાજની નવી નવી વ્યાખ્યાઓ ઉભી કરવી.

◉ આલિમો અને સામાન્ય મુસ્લિમો વચ્ચેના સબંધો અને આત્મીયતા ઘટાડવા આલિમો વિરૂદ્ધ ખોટા આક્ષેપો ઉભા કરી, તેનો પ્રચાર કરી તેઓની પ્રતિષ્ઠા ઘટાડવી.

◉ બ્રિટીશ સામ્રાજયના જાસૂસોને ઈસ્લામના ધર્મગુરૂ સ્વરૂપે મિસર, નજફ, કરબલા, ઈસ્તમ્બુલ, અને બીજા ઈસ્લામી વર્ચસ્વ ધરાવનારા કેન્દ્રોમાં ઘુસાડી મુસ્લિમ બાળકોને આધુનિક શિક્ષણ તરફ આકર્ષવા અને સાથે તુર્કિસ્તાનની ઉસ્માની હુકૂમતની વિરૂદ્ધ ઝેરીલો પ્રચાર કરવો.

◉ જેહાદ (ધર્મ યુદ્ધ)નું મહત્વ ઘટાડવું અને લોકોના મગજમાં એ વાત ઠસાવી દેવી કે ઈસ્લામના પ્રારંભિક યુગમાં જેહાદની આવશ્યકતા હતી પણ હવે તેની લેશમાત્ર જરૂરત નથી. આ રીતે મુસ્લિમોમાં મઝહબના નામે મરી ફીટવાના જઝબાને મૃતઃપ્રાય કરી નાખવો.

◉ એહલે કિતાબ એટલે કે યહૂદી અને ઈસાઈઓ પ્રત્યે નફરતનું ઝેર ઓસરાવી નાખવા મુસ્લિમોમાં કુરઆનની તે આયતોનો વિપુલ પ્રમાણમાં પ્રચાર કરવો કે જે આયતોમાં એહલે કિતાબના હાથે ઝુબ્હ થએલ જાનવર ખાવું જાઈઝ છે.

◉ મુસ્લિમોને ખુદાની ઈબાદતથી ગાફેલ કરવા તેઓને દુન્યવી બાબતો અને મનોરંજનના કાર્યોમાં વ્યસ્ત રાખવા.

◉ આપણા જાસૂસોએ દરેક મુસ્લિમ કુટુંબની સાથે એકદમ સબંધો વિકસાવવા અને ઘરેલુ ઘરાબો પ્રાપ્ત કરી, તેઓના કુટુંબમાં એક સભ્યની હૈસિયતની કક્ષાએ ભળી જવું અને ધીરે ધીરે બાપ-બેટાઓ વચ્ચેના સબંધોમાં તિરાડ ઉભી કરી દેવી કે જેથી વડીલોની શિખામણ નવ યુવાનો અર્થહીન સમજવા લાગે. આ રીતે આપણે મુસ્લિમ યુવાન પેઢીના અકીદાઓ ખરાબ કરવામાં સરળતાથી સફળ થશું.

◉ મુસ્લિમ યુવતીઓને 'બુરકા' (પરદા)ને ફગાવી દઈ, આધૂનિક યુવતી તરીકે જીવવા પ્રેરવી. અને તે માટે આપણી અંગ્રેજ યુવતીઓએ મુસ્લિમ યુવતીઓને 'સહેલી' બનાવી, તેણીને પોતાનું અનુકરણ કરવાની પ્રેરણા આપી, ઈસ્લામી પરદા અને ઈસ્લામી રીત-રિવાજને તિલાંજલી આપવા પ્રેરવી. તથા મુસ્લિમ યુવતીઓને મુસ્લિમ યુવાનો સાથે અનૈતિક સબંધો બાંધવા માટે પ્રોત્સાહિત કરવી અને તેમાં શકય એટલો સહકાર આપવો.

◉ આપણી સૌથી વધુ કઠીન મુશ્કેલી મુસ્લિમો દ્વારા બુઝુર્ગાને દીનની દરગાહો ઉપર અપાતી હાજરી છે. માટે અતિ જરૂરી છે કે, મનઘડત દલીલો દ્વારા એ વાત પુરવાર કરવી કે દરગાહો અને કબરોને મહત્વ આપી તેનું બાંધકામ કરવું, શણગાર કરવો અને નિયમિતપણે જવું **શરીઅતની વિરૂદ્ધ** અને **બિદઅત** છે. આ રીતે ધીરે ધીરે લોકોને દરગાહો અને કબરો ઉપર જતા અટકાવી, દરગાહો અને કબરોને વેરાન, ઉજજડ અને ભેંકાર બનાવી દેવી અને સમય આવ્યે તેને તોડી પાડવી.

◉ નબીની ઔલાદ એટલે કે સૈયદોનું મહત્વ અને સન્માન ઘટાડી નાખવા,બનાવટી સૈયદો ઉભા કરવા અને તેઓ દ્વારા હીન અને ધૃણાસ્પદ કૃત્યો કરાવી, તેને દૃષ્ટાંત બનાવી સાચા સૈયદોને પણ બદનામ અને માન-ભંગ કરવા.

◉ મુસ્લિમોમાં સ્વતંત્ર વિચાર સરણીને વ્યાપક કરવી કે જેથી દરેક મુસ્લિમ ઈસ્લામની સીમા રેખા અને મઝહબી વર્તુળની બહાર જઈને સ્વતંત્ર રીતે વિચારવા લાગે. જેના પરિણામ રૂપે ધર્મચુસ્ત વિચારણા અને અમલનું મહત્વ ઘટી જશે અને ઈસ્લામના કાનૂનની પાબંદી નહીંવત બની જશે.

◉ મુસ્લિમ જન્મ પ્રમાણને મર્યાદિત અને અંકુશિત બનાવવો. મુસ્લિમોને બહુ પત્નિત્વથી અટકાવી મુસ્લિમ જન્મ પ્રમાણ વધતો અટકાવી મુસ્લિમોની સંખ્યા મર્યાદિત કરવી.

◉ મુસ્લિમો પાસે જે કુરઆન છે તેમાં વધારો-ઘટાડો કરી લોકોને શંકા-શીલ બનાવી દેવા. ખાસ કરીને કુરઆનના તુર્કી, ફારસી અને અન્ય વિવિધ ભાષાઓમાં અનુવાદો કરાવવા અને અનુવાદો જુઠા, મનઘડત, અને ભાવાર્થના અસત્ય અર્થઘટનો ઉપર આધારિત કરવા અને તેનો બહોળી સંખ્યામાં ફેલાવો કરવો.

ઈસ્લામ અને મુસ્લિમોને જડમૂળમાંથી ઉખેડી નાખવા માટેના મુદ્દાઓ ઉપર આધારિત પુસ્તકમાંથી અમુક મુદ્દાઓ

ઉપર વર્ણન કર્યા છે. તે પુસ્તકનો અંગ્રેજ જાસૂસ હમફ્રેએ ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો. ત્યારબાદ બ્રિટીશ સામ્રાજયના હેડકવાર્ટરના સેક્રેટરીએ હમફ્રેનો ઉત્સાહ વધારવા માટે જે માહિતી આપી તે કેટલી સનસનાટી ભરેલી હતી તે જુઓ :–

**"જિન ઉમૂર કો તુમ્હેં અંજામ દેના હય, ઉસમેં તુમ અકેલે નહીં હો, બલ્કે તકરીબન પાંચ હઝાર સચ્ચે ઔર ખરે અફરાદ મુખ્તલિફ ગિરોહોં કી સુરત મેં તમામ ઈસ્લામી મમાલિક મેં તુમ્હારી મદદ કે લિયે આમાદા હંય."**

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૧૧૭)

–: **અનુવાદ** :–

"તમારે જે કાર્યો અંજામ આપવાના છે તેમાં તમો એકલા નથી પરંતુ લગભગ પાંચ હજાર વફાદાર વ્યક્તિઓ જીુદા જીુદા જૂથોમાં સમગ્ર ઈસ્લામી રાષ્ટ્રોમાં તમારી મદદ માટે નિયુક્ત છે."

અંગ્રેજો હવે **એડી ચોટીનું જોર લગાવી** રહ્યા છે. ઈસ્લામ વિરૂદ્ધ જાસૂસી પ્રવૃત્તિઓ માટે હવે મોટી ફોજ કામે લગાડી છે. નવા મઝહબ **વહાબી પંથ**ની રચના અને જાહેરાતના ઘડાકા પૂર્વેની તૈયારી અને તકેદારી રાખવામાં આવી રહી છે. દરેક ઈસ્લામી રાષ્ટ્રમાં વિશાળ સંખ્યામાં જાસૂસો ફેલાવી દઈને મુસ્લિમોની એકતા અને સંગઠન શકિત અત્યારથી જ છીન્ન–ભીન્ન કરી નાખવામાં આવી રહી છે, કે જેથી મુસ્લિમો એકત્રિત બની સામુહિક રીતે આપણા વફાદાર ટટ્ટુ **મુહમ્મદ ઈબ્ને અ. વહાબ નજદી**નો વિરોધ ન કરે. આ રીતે કરેલી પૂર્વ વ્યવસ્થાની જાણકારી જયારે હમફ્રેને મળી તો તેનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધી ગયો. જે કામને

બે–ચાર વ્યકિતઓ એ વર્ષો સુધી ઉઠાવેલી જેહમત બાદ સફળ તાના કાંઠે લાવી દીધું છે તેની પૂર્ણાહુતિના અવસરે બ્રિટીશ સામ્રાજયએ કેટલો સચોટ બંદોબસ્ત રાખ્યો છે, પાંચ હજાર વફાદાર જાસૂસોને એવી સુચના સાથે નિયુકત કર્યા કે તમારે અમારા મુખ્ય જાસૂસ હમફ્રેની મદદ માટે સદાય તૈયાર રહેવું. આવી રીતે હમફ્રેને સહાયકોથી સજજ કરીને બ્રિટીશ હેડકવાર્ટરે તેને ફરીવાર **'ઈરાક'** મોકલ્યો અને એવી સૂચના આપી કે હવે શયખે નજદી દ્વારા નવા મઝહબની વિધીસર જાહેરાત કરાવી દેવી. કેમકે હવે શયખે નજદી સંપૂર્ણપણે **"આપણો માણસ"** પુરવાર થઈ ગયો છે. ઈરાક અને ઈરાનમાં સ્થાયી અન્ય અંગ્રેજ જાસૂસો દ્વારા મોકલવામાં આવેલી **ગુપ્ત માહિતી**માં સ્પષ્ટ નિર્દેશો હતા, કે **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી** ભરોસાપાત્ર વ્યકિત છે. અને બ્રિટીશ સામ્રાજયની યોજનાને સફળ બનાવવા માટે સૌથી વધુ લાયક વ્યકિત છે. શયખે નજદીની અંગ્રેજો પ્રત્યેની વફાદારીમાં હવે લેશમાત્ર શંકા રહી નહોતી, હવે તેની સાથે મર્યાદા તથા માભામાં રહીને વાતચીત કરવાની જરૂરત નથી, બલ્કે ખુલ્લા શબ્દોમાં તેની સાથે વાતચીત કરી લેવી.

**"ઈસ કે બાદ સેક્રેટરીને અપની ગુફતગૂ જારી રખતે હૂએ કહા કે તુમ્હેં મુહમ્મદ કે સાથ બિલ્કુલ વાઝેહ ઔર દોટૂક અલ્ફાઝ મેં ગુફતગૂ કરની હય. ક્યૂં કે હમારે ઉમ્માલ ઈસ્ફહાન મેં ઉસ સે બડી સરાહત કે સાથ પહેલે હી ગુફતગૂ કર ચુકે હંય ઔર વો ઉન બાતોં કો માન ચુકા હય, મગર ઈસ શર્ત કે સાથ કે ઉસે ઉસ્માની હુકૂમત કે મકામી ઉમ્માલ, ઓલોમા ઔર મુતઅસ્સિબ લોગોં કે હાથોં આને વાલે ખતરાત સે બચા લિયા જાએ, ઔર ઉસ કી હિમાયત**

**ઔર તહફફુઝ કા ભરપૂર ઈન્તેઝામ કિયા જાએ, ક્યૂં કે ઉસકી દાઅવત કે ઝાહિર હોતે હી હર તરફ સે ઉસે ખત્મ કરને કી કોશિશ કી જાએગી ઔર ખતરનાક સૂરતોં મેં ઉસ પર હમલે કિયે જાએંગે."**

(હવાલો :– **"હમફે કે એતરાફાત"** પેજ નં. ૧૨૮)

**–: અનુવાદ :–**

"ત્યારબાદ સેક્રેટરીએ પોતાની વાતચીત ચાલુ રાખતાં કહ્યું કે તમારે મુહમ્મદની સાથે સ્પષ્ટ અને ખુલ્લા શબ્દોમાં વાતચીત કરવાની છે. કેમકે ઈસ્ફહાન ખાતેના આપણા કર્મચારીઓએ તેની સાથે ઘણી જ સ્પષ્ટ ચર્ચા પ્રથમ કરી ચુકયા છે અને તેણે તે બાબતોનો સ્વીકાર કર્યો છે. પણ તેણે એક શરત રાખી છે, કે તેના ઉપર ઉસ્માની હુકૂમતના કર્મચારીઓ,આલિમો અને ધર્મ ચુસ્ત લોકો દ્વારા ઉભા થનારા ભયથી બચાવી લેવામાં આવે. તેની તરફેણ અને સુરક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવે. કેમકે તેની દાઅવતની જાહેરાત થતાં જ દરેક ઠેકાણેથી તેને ખતમ કરી નાખવાના પ્રયાસો કરવામાં આવશે તેના ઉપર ખતરનાક પ્રકારે હુમલાઓ કરવામાં આવશે."

ઉપરોકત ફકરામાં **વહાબી મઝહબ**ની હકીકત સ્પષ્ટ સ્વરૂપે સામી આવી ગઈ. લંડનમાં બેઠેલા **શ્વેત ચર્મધારી** અને **શ્યામ કૃત્ય ધારક** મહા ખટપટી માંધાતાઓ પોતાની **માંજરી આંખો**ના ડોળા **ઈરાન**માં સ્થાયી, પોતાના **પીઠુ** તથા **ઈસ્લામના ગદ્દાર** શયખે નજદી ઉપર જમાવી રાખ્યા છે. તેની દરેક

હિલચાલની ઘણી જ બારિકાઈથી નોંધ લેવામાં આવી રહી છે. શયખે નજદીને ભોળવી, ભરમાવી, લલચાવી, લપસાવી, લપટાવી, બેહકાવીને ઈસ્લામ વિરૂધ્ધ નવો મઝહબ રચવા માટે તૈયાર કરનાર હમફ્રેને પણ જે વાતની ખબર નથી તે વાત વિશ્વાસની કક્ષામાં લંડનમાં બેઠેલા અંગ્રેજ શાસકોને ખબર છે. હમફ્રેની ગેરહાજરીમાં 'ઈરાન' ખાતે અન્ય અંગ્રેજ જાસૂસો **વહાબી મઝહબના સ્થાપક** શયખે નજદીનો સંપર્ક સાધી ચુકયા છે. તેની સાથે મુકતપણે નવા મઝહબની જાહેરાત કરવાની ચર્ચા કરી ચુકયા છે. શયખે નજદી હવે સંપૂર્ણપણે નવા મઝહબની જાહેરાત માટે તૈયાર થઈ ચુકયો છે.પણ.... શયખે નજદીને ભય છે કે તૌહિદની આડમાં ઈસ્લામના મહાન નબી અને મુસ્લિમના **ઈમાનની જાન** ખુદાના પ્યારા મેહબૂબ તાજદારે મદીના સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ અને બુઝુર્ગાને દીનની શાનમાં ગુસ્તાખી અને બે અદબી ભરી વાતો **તુર્કિસ્તાનની સુન્ની હુકૂમતે ઉસ્માની**ના સ્થાનિક અધિકારીઓ, આલિમો તથા ચુસ્ત સુન્ની લોકો કદાપિ સાંખી લેશે નહીં. માટે તે લોકો દ્વારા મારા ઉપર જે આફત આવે તેનાથી તેને બચાવી લેવામાં આવે અને મારી સુરક્ષાની જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવે.

ખુદાની તૌહીદનો પાઠ ભણાવવાનો દંભ આચરનાર અને ખુદાના સિવાય અન્ય કોઈથી પણ, પછી ભલે તે નબી હોય કે વલી, મદદ માંગવાને **'શિર્ક'** પુરવાર કરનાર વહાબી પંથનો પ્રથમ પેશ્વા અને સ્થાપક **મુહમ્મદ ઈબ્ને અ. વહાબ નજદી** અંગ્રેજો પાસે **મદદ માંગી રહ્યો છે**. પોતાના ઉપર

આવનારી આફતથી ઉગારી લેવા **સફેદ રીંછો**ને કાકલૂદી કરી રહ્યો છે. આવનારી મુસીબતમાં **મુશકિલ કુશાઈ**ની કામગિરી કરવા માટે અંગ્રેજોને વિનવી રહ્યો છે. અંબિયા અને ઔલિયાથી મદદ માંગવાને શિર્ક કહેનારો અંગ્રેજોને પોતાના મદદગાર સમજીને મદદ કરવાનું વચન માંગી રહ્યો છે. શયખે નજદીને ખાત્રી જ હતી કે મારા નવા મઝહબની માન્યતાઓ ઈસ્લામી અકીદાઓની સદંતર વિરૂદ્ધ અને મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાવનારી છે અને મારી નવી માન્યતાઓની જાહેરાત થતાં જ મુસ્લિમોમાં ઉશકેરાટ ફેલાશે અને મને મારી નાખવા માટે મારા ઉપર ઘાતકી હુમલાઓ થશે જ. માટે જેના કહેવાથી નવો મઝહબ રચી રહ્યો છું. તેની પાસેથી જ મારી સલામતીની ખાત્રી માંગી લઉ.

શયખે નજદી દ્વારા માંગવામાં આવેલી સુરક્ષાની ખાત્રી યોગ્ય છે તેવું જણાતાં અંગ્રેજોએ તેની મદદ કરવાની ખાત્રી આપી અને જેના પ્રથમ પગલાં રૂપે પાંચ હજાર **સ્વયસેવકો**ની ફોજ એડવાન્સમાં વિવિધ ઈસ્લામી રાષ્ટ્રોમાં ફેલાવી દીધી અને શયખે નજદીને સલામત સ્થળે સ્થાયી કરી દીધો. અંગ્રેજ જાસૂસ આ બાબતનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે :–

**"હુકૂમતે બરતાનિયાને શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કો અસ્લહે સે અચ્છી તરહ લેસ કરને કે બાદ ઝરૂરત કે મોકેઅ પર ઉસકી મદદ કી તાઈદ કી થી ઔર શયખ હી કી મરઝી કે મુતાબિક જઝિરતુલ અરબ મેં વાકેઅ નજદ કે કરીબ ઈલાકે કો ઉસ કી હાકેમિયત કા પહેલા મકામ કરાર દિયા થા"**

(હવાલો :– **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૧૨૮)

## -: અનુવાદ :-

''બ્રિટીશ સામ્રાજયએ શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબને શસ્ત્ર સજજ કર્યા બાદ આવશ્યક સંજોગોમાં સહાય કરવાની તરફેણ કરી અને શયખની જ ઈચ્છાનુસાર અરેબીક દ્વીપમાં આવેલા **'નજદ'** નજીકના ઈલાકાને શયખની હુકૂમત માટેનું પ્રારંભિક સ્થળ નક્કી કરી આપવામાં આવ્યું હતું.''

શયખે નજદી દ્વારા રચાએલા નવા મઝહબના પ્રચારમાં કોઈ અવરોધ ન આવે, ઉપરાંત શયખે નજદીને શારિરીક ઈજા અથવા હત્યા થી સુરક્ષિત રાખવા અંગ્રેજોએ શયખે નજદીને **'નજદ'** નામના પ્રદેશમાં સલામત સ્થળે ખસેડયો. ઉપરાંત અંગ્રેજોએ શયખે નજદીને પોતાના સ્વબચાવ તથા વિરોધીઓ ઉપર આક્રમણ કરવા શસ્ત્ર સરંજામનો ભરપૂર પુરવઠો પણ આપ્યો અને સાથે સાથે ખાત્રી આપી કે જરૂરતના સમયે અમારી દરેક પ્રકારની સહાય તમારી સાથે જ છે. અત્યારે તો **ચઢ જા બેટા સૂલી પર** અને **હમેં તેરા અંજામ મા'લૂમ હય** મુજબ તમારા નવા ધર્મ ની જાહેરાતના નિર્ણયમાં દ્દઢ વિશ્વાસથી **આગે બઢો.**

શયખે નજદીને **'નજદ'** નામના સ્થળે ખસેડયા બાદ બ્રિટીશ સામ્રાજયના લંડન ખાતેના સેક્રેટરીએ હમફ્રેને અંતિમ આદેશ આપ્યો કે હવે તમો સમયને વેડફયા વગર તાત્કાલિક પરત જાઓ અને શયખે નજદીને મળીને તેને **વહાબી ધર્મનો છ (૬) સુત્રી કાર્યક્રમ** સમજાવી દો અને તે છ (૬) સુત્રી કાર્યક્રમ મુજબ તેને તાત્કાલિક કાર્યરત બનાવો.

# અંગ્રેજો દ્વારા નકકી કરવામાં આવેલ વહાબી ધર્મ માટે છ સુત્રી કાર્યક્રમ

લંડન હેડકવાર્ટરના સેક્રેટરીએ શયખે નજદીને વટલાવનાર અંગ્રેજ જાસૂસ હમફ્રેને જે છ (૬) સુત્રી કાર્યક્રમ આપેલો, તે નીચે મુજબ છે. :–

**"(૧) ઉસ કે મઝહબ મેં શુમુલિયત ઈખ્તેયાર ન કરનેવાલે મુસલમાનોં કી તકફીર ઔર ઉન કે માલ, ઈઝઝત ઔર આબરૂ કી બરબાદી કો રવા સમઝના, ઈસ ઝિમ્ન મેં ગિરફતાર કિયે જાને વાલે મુખાલેફીન કો બુર્દા ફરોશી કી માર્કેટ મેં કનીઝ વ ગુલામ કી હૈસિયત સે બેચના.**

**(૨) બુત પરસ્તી કે બહાને બ–સૂરતે ઈમ્કાન ખાન–એ–કા'બા કા ઈન્હેદામ ઔર મુસલમાનોં કો ફરીઝએ હજજ સે રોકના ઔર હાજીઓં કે જાનો–માલ કી ગારતગિરી પર કબાઈલે અરબ કો ઉકસાના.**

**(૩) અરબ કબાઈલ કો ઉસ્માની ખલીફા કે એહકામાત સે સરતાબી કી તરગીબ દેના ઔર ના–ખૂશ લોગોં કો ઉનકે ખિલાફ જંગ પર આમાદા કરના. ઈસ કામ કે લિયે હથિયારબંદ ફૌજ કી તશકીલ, અશરાફે હિજાઝ કે એહતરામ ઔર અખરો નુફૂઝ કો તોડને કે લિયે ઉન્હેં હર મુમકિન પરેશાનિયોં મેં મુબ્તેલા કરના.**

**(૪) પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ), ઉન કે જાનશીનોં ઔર કુલ્લી તોર પર ઈસ્લામ**

**કી બરગુઝીદા શખ્સિયતોં કી એહાનત કા સહારા લેકર ઔર ઈસી તરહ શિર્ક વ બુત પરસ્તી કે આદાબ વ રૂસૂમ કો મિટાને કે બહાને મક્કા—મદીના ઔર દીગર શહેરોં મેં જહાં તક હો સકે મુસલમાનોં કી ઝિયારત ગાહોં ઔર મકબરોંકી તારાઝી.**

**(૫) જહાં તક મુમકિન હો સકે ઈસ્લામી મમાલિક મેં ફિત્ના વ ફસાદ, શોરિશ ઔર બદ અમની કા ફેલાવ.**

**(૬) કુરઆન મેં કમી—બૈસી પર શાહિદ અહાદિષ વ રિવાયત કી રૂ સે એક જદીદ કુરઆન કી નશ્રો—ઈશાઅત."**

(હવાલોઃ— **"હમફ્રે કે એતરાફાત"**, પેજ નં. ૧૨૯ અને ૧૩૦)

**—: અનુવાદ :—**

(૧) "તેના મઝહબમાં નહી ભળનારા મુસ્લિમોને કાફિર ઠરાવી, તેમના માલ, ઈઝઝત અને આબરૂની બરબાદીને જાઈઝ ઠરાવવી અને આ અનુસંધાને બંદીવાન બનાવવામાં આવેલા વિરોધીઓને ગુલામોના વેચાણ બજારમાં દાસી અને ગુલામ તરીકે વેચવા.

(૨) મૂર્તિ પૂજાના બહાના હેઠળ અનુકૂળ સંજોગમાં ખાન—એ—કાબાને તોડી પાડવો અને મુસ્લિમોને હજજના ફર્ઝથી રોકવા અને હાજીયોના જાન—માલની તારાજી કરવા માટે અરબ કબીલાઓને ઉશ્કેરવા.

(૩) અરબ કબીલાઓને ઉસ્માની ખિલાફતના કાનૂનો સામે દ્રોહ કરવા માટે ઉશ્કેરવા અને અસંતુષ્ટોને ઉસ્માની ખિલાફતની સામે યુદ્ધ માટે તૈયાર કરવા. આ કામ અંજામ આપવા એક શસ્ત્રસજજ સેનાની રચના કરવી, હિજાઝના માનવંતા

શરીફોની આબરૂ અને વર્ચસ્વને તોડી પાડવા તેઓને દરેક શક્ય પ્રકારે આફતોમાં સપડાવવા.

(૪) પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ), આપના જાનશીંનો, અને સર્વાંગી રીતે ઈસ્લામની બુઝુર્ગ હસ્તીઓના અપમાનનો આશરો લઈ અને તેવી જ રીતે શિર્ક તથા મૂર્તિપૂજાના રિવાજો નષ્ટ કરવાના બહાના હેઠળ મક્કા–મદીના તથા અન્ય શહેરોમાં જયાં સુધી શક્ય હોય ત્યાં સુધી મુસ્લિમોની ઝિયારત ગાહો અને દરગાહોને તારાજ કરવી.

(૫) શક્ય હોય ત્યાં સુધી ઈસ્લામી દેશોમાં ઝઘડા, હુલ્લડો, ચળવળો અને અશાંતિ ફેલાવવી.

(૬) કુરઆનમાં ઘટાડો–વધારો કરવા હદીષો અને પ્રસંગોના આધારે નવા કુરઆનનો પ્રચાર અને પ્રસાર કરવો.

ઉપરોક્ત **"છ સુત્રી કાર્યક્રમ"**ને વારંવાર ઉંડા ચિંતન અને મનન સાથે વાંચવાથી વહાબી મઝહબના અકીદાઓનું મૂળ કયાં છે તે સ્પષ્ટ સ્વરૂપે સામે આવી જશે. તોહીનની તરફેણ, મૂર્તિ પૂજાનું ખંડન, શિર્ક અને બિદઅતને નષ્ઠ કરવાના બહાના હેઠળ **મહેબૂબે ખુદા, શહેનશાહે કૌનેન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ, ખોલફાએ રાશેદીન, સહાબાએ કિરામ અને બુઝુર્ગાને દીનની અકીદત અને અઝમતના કામોને શિર્કમાં ખપાવવા, તેઓની જનાબમાં બે–અદબીઓ અને ગુસ્તાખીઓ કરવી, કુરઆનની આયતોના મન–ઘડત અર્થઘટનો કરી અંબિયાએ કિરામ અને બુઝુર્ગાને દીનની શાન ઘટાડવી, ઈસ્લામના આદરણીય સ્થળો અને દરગાહોને તોડી પાડવી વગેરે બાબતો ઉપરોક્ત **છ સુત્રી કાર્યક્રમ**ને અનૂસરીને છે.

વહાબી ફિર્કાના થઈ ગએલા પેશ્વાઓ જેમ કે :—

✦ પ્રથમ પેશ્વા અને સ્થાપક **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી** ✦ વહાબીઓના ઈમામુત્તાઈફા **મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી** ✦ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના પીરો—મુર્શિદ **સૈયદ એહમદ રાયબરેલ્વી** ✦ વહાબીયોના કાસિમુલ નેઅમતે—વલ—ખૈયરાત અને દારૂલ ઉલુમ દેવબંદના સ્થાપક **મોલ્વી કાસિમ નાનોત્વી** ✦ જેને હકીમુલ ઉમ્મતના ટાઈટલથી યાદ કરવામાં વર્તમાન વહાબીઓ ગર્વ અનુભવે છે તે **મોલ્વી અશરફઅલી થાનવી** ✦ વહાબીઓના ઈમામે રબ્બાની અને વહાબીઓના ગૌષે આઝમ **મોલ્વી રશીદ એહમદ ગંગોહી** તથા અન્ય પેશ્વાઓની કિતાબોના વાંચનથી એ વાત સ્પષ્ટ સ્વરૂપે સામે આવશે, કે તે કિતાબોમાં હલકી વિચાર સરણી અને તૌહીનથી ભરેલી ગંદી ઈબારતો સીધી કે આડકતરી રીતે ઉપરોક્ત **છ (૬) સુત્રી કાર્યક્રમ**ને અનુસરીને જ છે.

ખેર ! અહીં એટલી શકયતા નથી જેથી વહાબી—દેવબંદી અને તબલીગી જમાઅતના અકીદાઓ ઉપરોક્ત છ (૬) સુત્રી કાર્યક્રમને અનુસરીને છે, તેની વિગતવાર છણાવટ કરવાના બદલે આપણે ફરી મૂળ કહાની તરફ આવીએ.

ઉપર વર્ણન કરેલા છ (૬) સુત્રી કાર્યક્રમની માહિતી લંડન ખાતેના બ્રિટીશ હેડકવાર્ટરના સેક્રેટરીએ અંગ્રેજ જાસૂસ હમફ્રેને આપ્યા બાદ ભલામણ અને પ્રોત્સાહન આપતાં કહ્યું કે આ છ (૬) સુત્રી કાર્યક્રમની અમલવારી સામે ઉભા થનારા સંકટથી તમો લેશ માત્ર પણ ગભરાટ અનૂભવશો નહીં. બલ્કે આત્મવિશ્વાસ, હિંમત, કુનેહ, શોર્ય, ચાતુર્ય, સતર્કતા, અથાક,

પરિશ્રમ અને સમય સૂચકતા દ્વારા સતત કાર્યરત રહીને ઈસ્લામની તબાહીના બીજ રોપી દેશો અને તેના જે મીઠા ફળ આવશે તેનો લાભ આપણી ભાવી પેઢીને મળશે. આ બધા નો આધાર ફકત **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ** ઉપર છે. તે શખ્સ જ આપણને સફળતાની મંઝીલ સુધી પહોંચાડી શકશે.

ઉપરોક્ત ખાનગી મિટીંગના થોડા દિવસો પછી **અંગ્રેજ જાસૂસ મિસ્ટર હમફ્રે** બ્રિટીશ મુખ્ય મથકના સેક્રટરી પાસે ગયો અને પોતાની અંતિમ તબકકાની કામગિરી અંજામ આપવા પ્રવાસ માટેની પરવાનગી માંગી અને લંડનથી રવાના થયો. તે સમુદ્રી પ્રવાસમાં હમફ્રે ઘણી જ હાલાકી અને તકલીફો ભોગવીને અંતે હેમખેમ **'ઈરાક'**ના શહેર **'બસરા'** પહોંચ્યો. બસરા પહોંચી હમફ્રે સીધો **અબ્દુર્રઝા તરખાન**ના ઘરે ગયો. તે સમયે અબ્દુર્રઝા તરખાન નિંદ્રાધિન હતો. હમફ્રેના આગમનથી તે ઘણો જ ખૂશ થયો. અને તેણે હમફ્રેનું ઘણા જ ઉમળકાથી સ્વાગત કર્યું તે દિવસે હમફ્રે અબ્દુર્રઝા તરખાનના ઘરે જ રોકાઈ ગયો બલ્કે રાત્રી રોકાણ પણ ત્યાં જ કર્યુ. બીજા દિવસે સવારે તેને અબ્દુર્રઝા તરખાન દ્વારા જાણવા મળ્યું કે શયખે નજદી મુહમ્મદ ઈબ્ને વહાબ થોડા દિવસો પહેલાં જ **'ઈરાન'**થી બસરા આવેલો છે, પણ હાલમાં તે કોઈ અજાણ્યા સ્થળે સ્થાયી થયો છે. વિશેષમાં હમફ્રેને અબ્દુર્રઝા તરખાને એક પત્ર આપ્યો અને કહ્યું કે અહીંથી જતી વખતે શયખે નજદી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ તમારા માટે આ પત્ર મુકી ગએલો. હમફ્રેએ તે પત્ર દ્વારા શયખે નજદીના **'નજદ'**ના એડ્રેસની જાણકારી મેળવી.

તે પછીના દિવસે હમફ્રેએ બસરાથી નજદની તરફ પ્રયાણ કર્યું. અને અનેક યાતનાઓ ભોગવ્યા પછી છેવટે તે **'નજદ'** ખાતેના શયખે નજદીના રહેઠાણે પહોંચ્યો. ઘણા લાંબા સમય પછીની મુલાકાતથી હમફ્રેએ જોયું  કે શયખે નજદીના ચહેરા ઉપર થાક અને નબળાઈના ચિહ્નો દેખાઈ રહ્યા છે. પણ તેની તે નબળાઈ વિષે ચર્ચા કરવી હમફ્રેને યોગ્ય ન લાગી પણ હમફ્રેની ચકોર દ્રષ્ટિએ તરત જ ભેદ પામી લીધો કે શયખે નજદીની આવી શારિરીક પરિસ્થિતીનું કારણ શું છે ?

**"મુઝે પતા ચલ ગયા કે ઉસને દૂસરી શાદી રચા લી હય ઔર જિન્સી રવાબિત મેં ઈફરાત સે કામ લે કર અપની તાકત ખો બેઠા હય. મૈંને ઈસ બારે મેં ઉસે નસીહતેંકી ઔર બતાયા કે અભી હમ દોનોં કો મિલકર બહોત સે ઉમૂર અંજામ દેને હંય"**

(હવાલો માટે જુઓ :— **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૧૩૨)

**–: અનુવાદ :–**

"મને ખબર પડી ગઈ કે તેણે બીજા લગ્ન કર્યા છે. અને જાતીય સંબંધોમાં વધુ પડતા આવેગના કારણે તે પોતાની શકિત ગુમાવી બેઠો છે. મૈં તેને આ સબંધે ઉપદેશો આપ્યા અનેકહ્યું કે આપણે બન્નેએ મળીને હજુ ઘણા બધા કામો અંજામ આપવાના છે."

કુફ્રના મેદાનમાં દોડાવવા માટે તૈયાર કરેલો ટટ્ટુ આમ શારિરીક રીતે **ઢીલોઢફ** થઈ જાય તે કોઈપણ હિસાબે અંગ્રેજને પાલવે તેમ નહોતું. જેથી હમફ્રેએ શયખે નજદીને પોતાના

**'લખણ'**માં મર્યાદિત રહેવા સમજાવ્યું. જાતીય વાસનામાં અતિરેક એ શયખે નજદીની **નબળી કડી** હતી અને જેથી તેણે સંયમ જળાવ્યું નહીં, અને પરિણામ એ આવ્યું કે :—

**ઈશ્કને ગાલિબ નિકમ્મા કર દિયા**

**વરના હમ ભી આદમી થે કામ કે**

પણ ! નહીં ! આમ શયખે નજદી 'નકામો' થઈ જાય તો બધી મહેનત માથે પડે. જેથી હમફ્રેએ શયખે નજદીને જાતીય વાસનામાં સંયમ રાખવાની શિખામણ આપી અને તેણે હજુ ઘણી જ કામગિરી અંજામ આપવાની છે, તે વાતનું ભાન કરાવ્યું. હમફ્રેની શિખામણની ધારી અસર થઈ અને શયખે નજદી દ્રઢ સંકલ્પ સાથે **અંગ્રેજોના વફાદાર ગુલામ**ની હૈસિયતથી મેદાનમાં આવ્યો.

પ્રથમ કામગિરી રૂપે હમફ્રેએ પોતાને **અબ્દુલ્લાહ**ના નામે ગુલામ તરીકે જાહેર કર્યો,અને એવું જુઠાણું ચલાવ્યું કે શયખે નજદીએ તેને ગુલામોના બજારમાંથી ખરીદયો છે. શયખે નજદી પણ હમફ્રેનો પોતાના ગુલામ તરીકે પરિચય આપતો. આ દંભી નાટકના કારણે **'નજદ'**ના સ્થાનિક લોકો હમફ્રેને શયખે નજદીના ગુલામ તરીકે ઓળખવા લાગ્યા. આવી રીતે બે વર્ષ સુધી શયખે નજદી અને હમફ્રેએ નાટક ભજવ્યું અને ધીરે ધીરે પોતાના મિશનનો ખાનગી પ્રચાર કરવા લાગ્યા. અને જયારે તેમણે સ્થાનિક લોકોમાં પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું અને સંજાંગો સાનુકુળ જણાયા ત્યારે **હિજરી સન ૧૧૪૩**ના મધ્યમાં ખુલ્લમ ખુલ્લા નવા મઝહબ એટલે કે **"વહાબી મઝહબ"**ની જાહેરાત કરી દીધી.

**"યહાં યે ભી બતાના ઝરૂરી હોગા કે ઈસ મકામ પર શયખ કી દા'વત કા સામાન ફરાહમ કરને મે હમેં દો સાલ કા અર્સા લગા. સ. હિ. ૧૧૪૩ કે અવાસિત મેં મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબને જઝીરતુલ–અરબ મેં અપને નયે દીન કે એલાન કા હતમી ઈરાદા કિયા ઔર અપને દોસ્તોં કો ઈકઠ્ઠા કિયા, જો ઉસ કે હમ ખયાલ થે ઔર ઉસકા સાથ દેને કા વા'દા કર ચુકે થે"**

(હવાલો માટે જુઓ :– **"હમફે કે એતરાફાત"** પેજ નં. ૧૩૨)

**–: અનુવાદ :–**

"અહીં એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે આ સ્થળે શયખના નવા મઝહબ માટે લોકોને આમંત્રણ આપવાનાં સંજોગો ઉભા કરવામાં અમને બે વર્ષનો સમય લાગ્યો. હિજરી સન ૧૧૪૩ના મધ્યમાં મુહમ્મદ ઈબ્ને અ. વહાબે અરેબિક દ્વીપમાં પોતાના નવા મઝહબની જાહેરાતનો દૃઢ સંકલ્પ કર્યો અને પોતાના તેવા મિત્રોને એકત્રિત કર્યા કે જે તેના સમવિચાર હતા અને તેનો સાથ આપવાનું વચન આપી ચુકયા હતા."

ઉપરોકત ફકરાના વાંચનથી પુરવાર થાય છે કે **શયખે નજદી** અને **હમફે જાસૂસે** બે વર્ષ સુધી દંભનું નાટક ભજવીને ધીરે ધીરે લોકોને પોતાના સમુહમાં ભેળવતા ગયા અને ખાસ કરીને પોતાના અંગત મિત્રોનો પોતાના મિશનના પ્રચાર અને પ્રસાર માટે દુરૂપયોગ કર્યો. શરૂ શરૂમાં તો તેણે પોતાના ખાસ અંગત મિત્રો અને સબંધીઓના વર્તુળમાં મર્યાદિત રહીને બંધ શબ્દો અને સંકેતિક ભાષામાં પોતાના અકીદાઓનો પ્રચાર કર્યો પણ અમુક સમય પછી તેણે **નજદ**ના દરેક વર્ગના લોકોને વિશાળ સંખ્યામાં

આમંત્રણ પત્રો પાઠવ્યા. ધીરે ધીરે તેણે વ્યવસ્થિત પ્રચાર, આર્થિક પ્રલોભનો અને ભ્રામક લાલચોના જોરે એક મોટા સમુદાયને પોતાની તરફેણમાં એકત્રિત કર્યો. પોતાની તરફેણમાં ભેગા થયેલા સમુદાયને શયખે નજદીએ પોતાની ચબરાક શૈલી દ્વારા ઝનૂન, ઉશકેરાટ અને આક્રમણનો માર્ગ અપનાવી વિરોધીઓને નેસ્તો—નાબૂદ કરી નાખવા સદાય તત્પર અને ઉત્સુક રહેવાની શિખામણ આપી. આવી શિખામણ આપવાનો મૂળ આદેશ એ હતો કે શયખે નજદી દ્વારા જયારે નવા મઝહબની જાહેરાત કરવામાં આવેલી ત્યારે તેનો મોટા પાયે વિરોધ નોંધાવવા માં આવેલો અને એક વિશાળ સંખ્યામાં લોકો તેના વિરોધ માટે એકત્રિત થયેલા.જેના તાત્કાલિક પરિણામ રૂપે પ્રચાર સામે અડચણો, પ્રસારનો વિરોધ અને મિશનના ફેલાવા સામેની દુશ્મનાવટ એટલી વ્યાપક બની કે શયખે નજદીના શરૂ શરૂમાં જ **પગ ઉખડી ગયા.**અને મુખ્યત્વે **નજદ**ના આસપાસના વિસ્તારમાં **શયખે નજદી**ની વિરૂદ્ધ નવી નવી અને ગંદી વાતો ફેલાઈ ગએલી. મઝહબની અંદર નવી નવી માન્યતાઓ કે જે મુખ્યત્વે ઈસ્લામના મહાન બુઝુર્ગોની શાનમાં બે—અદબી ઉપર જ આધારિત હતી તેવી માન્યતાઓને મુસ્લિમ સમુદાય કદાપી સ્વીકારવા તૈયાર ન હોતો. બલ્કે, આ નવા મઝહબને પ્રારંભમાં જ કચડી નાખવા મુસ્લિમો સંગઠિત બન્યા. શયખે નજદીને પરિસ્થિતી વિસ્ફોટ લાગી. તેના તો **મોતીયા જ મરી ગયા.** તેનો આત્મવિશ્વાસ ડગમગી ગયો. નવા મઝહબ એટલે કે **વહાબી મઝહબ**ને ફેલાવવો **લોઢાના ચણા ચાવવા સમાન કઠીન જણાયો.** તેનો ઉત્સાહ ઓસરવા લાગ્યો પણ તેવા સંજોગોમાં **અંગ્રેજ જાસૂસ હમફ્રે**એ પરિસ્થિતી સંભાળી લીધી. શયખે નજદીના ઓસરતા ઉત્સાહને ફરી ઉત્તેજીત કર્યો અને શયખે નજદીમાં નવા

આત્મવિશ્વાસનું સીંચન કર્યું. વિરોધીઓના વિરોધની લેશમાત્ર દરકાર કર્યા વિના પોતના ધ્યેયને સિદ્ધ કરવા ધીરજ, સંયમ અને આત્મવિશ્વાસથી આગેકૂચ કરવાની શિખામણ આપી અને ભૂતકાળ માં થઈ ગએલી ઘટનાઓ દ્રષ્ટાંત રૂપે વર્ણવીને શયખે નજદીમાં સઘર્ષની ભાવનાને પ્રબળ બનાવી.

તે સમયે વિરોધ કરનારાઓની સામે સીધા સંઘર્ષમાં આવવું હાનીકારક હતું. આવા સંઘર્ષથી લાભના બદલે નુકશાન થવાની શકયતા વધુ હતી. જેથી હમફ્રેએ પોતાની આગવી કુનેહથી પ્રચાર પદ્ધતી બદલી નાખી, વિરોધીઓની શકિતનું માપ કાઢીને તાત્કાલિક અમલ રૂપે તેણે સંઘર્ષમાં આવવાનું સતત ટાળયે રાખ્યું અને વિરોધીઓની સામે આક્રમક વલણ અપનાવવાના બદલે નમ્રતા અને વિવેક—વિનયની નિતી અપનાવી. **જોશને બદલે હોશ**ને અગ્રતા આપી. વિરોધીઓને પૈસાના જોરે ખરીદી લેવાનું નકકી કર્યું. વિરોધીઓમાં પોતાના પગારદાર માણસો ઘૂસાડી દીધા. જેઓ વિરોધીઓના સંગઠનને ખંડિત કરવા સતત કાર્યશીલ રહેતા. છૂટા હાથે પૈસા વેરીને હમફ્રે અને શયખે નજદીના પગારદાર માણસોએ ફાટફૂટ પડાવી અને એકતાને ખંડિત કરી નાખી. ઉપરાંત શયખે નજદીના વિરોધીઓ કેવો વ્યૂહ અજમાવવાના છે, તેની રજે રજની ગુપ્ત માહિતી હમફ્રેને પહોંચાડી દીધી. જે માહિતીના આધારે હમફ્રેએ વિરોધીઓની દરેક યોજના નિષ્ફળ બનાવી દીધી. ત્યાં સુધી કે **શયખે નજદી**ની હત્યાનો પ્લાન પણ હમફ્રેની જાણમાં અગાઉથી આવી ગએલો, જે પ્લાન તેણે ઘણી જ સરળતાથી નિષ્ફળ બનાવી દીધો.

**અંગ્રેજ જાસૂસ હમફ્રે**એ પોતાની કુટનિતી અને કપટના કારણે શયખે નજદીના મઝહબની સામે ઉઠેલા વિરોધના વંટોળને અમુક અંશે મંદ પાડી દીધો, અને જેના પરિણામરૂપે શયખે નજદી ધીરે ધીરે સ્થિરતા અને પ્રબળતા પ્રાપ્ત કરતો ગયો. પૈસાના જોરે તેની ટોળકી દિન પ્રતિદિન વિસ્તૃત બનતી ગઈ. તે સમયના લુચ્ચા, લફંગા, ચોર, ડાકુ, ગુંડા, અને લુખ્ખાઓને મોઢે માંગ્યા રૂપીયા આપીને ખરીદી લીધા. દૌલત અને ગુંડાગિરીની શકિતનો સંગમ થવાના કારણે જયારે શયખે નજદી વિરોધીઓથી નિર્ભય બની ગયો, ત્યારે તેણે પોતાની પ્રચાર પધ્ધતી બદલી નાખી અને વિવેક–વિનય તથા નમ્રતાના સ્થાને તેણે ક્રુરતા અને આક્રમણતા અપનાવી લીધી. તેથી જ તે પોતાના સમુદાયમાં નવા ભરતી થનારાઓને દુશ્મનો ઉપર તૂટી પડવાની શિખામણ આપતો હતો.

શયખે નજદીએ સ્થિરતા અને વર્ચસ્વ મેળવ્યા પછી જે અત્યાચારો કર્યા છે, તેનું દ્દષ્ટાંત ઈતિહાસમાં જડે તેમ નથી. બલ્કે ત્યાં સુધી કહેવામાં પણ લેશ માત્ર અતિશ્યોકિત નથી કે ભૂતકાળમાં થઈ ગએલા સિતમગરો પણ **શયખે નજદીના ઝુલ્મો–સિતમ સામે ઝાંખા પડે તેમ છે**. શયખે નજદીએ મિલ્લતે ઈસ્લામીયા ઉપર જે ઘાતકી અને ક્રુર અત્યાચારો કર્યા છે, તેના સ્મરણ માત્રથી સામાન્ય લાગણી ધરાવનાર પણ **ખૂન આંસૂએ રડશે**. વાંચકોથી વિનંતી કે કાળજું મજબૂત કરીને આવનારા પૃષ્ઠોમાં શયખે નજદી દ્વારા નિર્દોષ ઈન્સાનો અને મુકદ્દસ મઝહબી સ્થળો ઉપર કરવામાં આવેલા અત્યાચારો વાંચવા માનસિક રીતે તૈયાર થઈ જાય.

શયખે નજદી વિરોધી ઝુંબેશમાંથી શયખે નજદીને હેમખેમ ઉગારી લેનાર અંગ્રેજ જાસૂસ હમફ્રેના ઉપકારના ભાર હેઠળ શયખે નજદી એટલી હદે દબાઈ ગએલો કે તેણે હમફ્રેના ઉપકારનો બદલોવાળી આપવા હમફ્રેને ખાત્રી આપી કે, **લંડન ખાતેના બ્રિટીશ સામ્રાજયના વડા મથક** દ્વારા નકકી કરવામાં આવેલા **"૭ સુત્રી કાર્યક્રમ"**ને સફળ બનાવવા તે પોતાની તમામ શકિત કામે લગાડશે.

જો કે શયખે નજદી તે **૭ સુત્રી કાર્યક્રમ** પૈકીના કાર્યક્રમ નં. ૨ એટલે કે **ખાન–એ–કાબાને તોડી પાડવો** અને કાર્યક્રમ નં. ૩ એટલે કે **નવા કુરઆનનો પ્રચાર અને પ્રસાર** એ બન્ને બાબતો અતિ ગંભીર અને ખતરનાક બાબતો હતી, જેની અમલવારી હાલ પુરતી શકય નહોતી. કેમ કે ઉપરોક્ત બન્ને બાબતો વિશ્વના સમગ્ર મુસ્લિમોને આઘાતનો આંચકો આપશે. પૂરી દુનિયાના મુસ્લિમો તેની વિરૂદ્ધ થઈ જશે, અને ખાસ કરીને **મક્કા** અને **ઈસ્તંબુલ** (હાલનું કોન્સટન્ટીનોપલ)ના હાકિમો તેના વિરૂદ્ધ સક્રીય બની જશે, તથા **તુર્કિસ્તાન**ની હાલની શાસક **ઉસ્માની હુકૂમત** તેનો કચ્ચરઘાણ કાઢી નાખવા વિશાળ ફોજ સાથે આવી ચઢશે, તો તેનો સામનો કરવો મુશ્કેલ બની જશે.

**અંગ્રેજ જાસૂસ હમફ્રે**ને શયખે નજદી દ્વારા રજુ કરવામાં આવેલ કારણ વ્યાજબી જણાયું કેમ કે તે સમયનું મઝહબી અને રાજકીય વાતાવરણ આ બન્ને કામ માટે અનુકુળ નહોતા. જેથી તેણે એક નવી સ્કીમ બનાવીને તેને તાત્કાલિક અમલમાં મૂકી કે **શયખે નજદી**ની વહાબી મઝહબની ચળવળને રાજકીય રંગમાં રંગી નાખવી અને મઝહબના મહોરા હેઠળ રાજકીય

દાવ—પેચની ગંદી રમત રમીને મુસ્લિમોને મઝહબી અને રાજકીય એમ બન્ને ક્ષેત્રે એકી સાથે કારમો ઘા મારવો.

**"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કી દઅવત કે બરસોં બઅદ જબ છે (૬) નુકાતી પ્રોગ્રામ કામિયાબી કી પૂરી મંઝીલેં તય કર ચુકા તો નૌ—આબાદિયાતી ઈલાકોં કી વઝારતને ઈરાદા કિયા કે અબ સિયાસી એતબાર સે ભી જઝિરતુલ અરબ મેં કોઈ કામ હોના ચાહિયે. યહી વજહ થી કે ઉસને અપને ઉમ્માલ મેં સે મુહમ્મદ ઈબ્ને સઉદ કો મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કે સાથ ઈશતેરાકે અમલ પર મા'મૂર કિયા. ઔર ઈસ કામ કે લિયે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કે પાસ ખુફિયા તૌર પર એક નુમાઈન્દા ભી ભેજા, તાકે વો ઉસ કે સામને હુકૂમતે બરતાનિયા કે મકાસિદ કી તોઝીહ કરે ઔર "મુહમ્મદૈન" કે ઈશતેરાકે અમલ કી ઝરૂરત પર ઝોર દે ઔર તાકીદ કરે કે દીની ઉમૂરકે ફેસલે કુલ્લી તૌર પર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કે હાથ મેં હોંગે ઔર સિયાસી ઉમૂર કી નિગરાની મુહમ્મદ ઈબ્ને સઉદ કી ઝિમ્મેદારી હોગી"**

(હવાલા માટે જુઓ :— **"હમફ્રે કે એતરાફાત"** પેજ નં. ૧૩૫)

**—: અનુવાદ :—**

"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબની નવા મઝહબની જાહેરાતના વર્ષો પછી જયારે છ (૬) સુત્રી કાર્યક્રમ સફળતાની

પૂર્ણ મંઝીલ પાર કરી ચૂક્યો, તો નવી વસાહતોના પ્રધાન મંડળે નિર્ણય કર્યો કે હવે રાજકીય ક્ષેત્રે પણ અરેબિક ટાપુઓમાં કંઈક પ્રવૃતિ થવી જોઈએ. આ કારણે જ તેણે પોતાના અમલદારોમાંથી મુહમ્મદ ઈબ્ને સઉદને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબની સાથે સહ–કાર્યકર નિયુક્ત કર્યો. અને આ કામ માટે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ પાસે ખાનગીમાં એક પ્રતિનિધી પણ મોકલ્યો, કે જે તેની સમક્ષ બ્રિટીશ સામ્રાજયના ઉદ્દેશોની ચોખવટ કરે અને બન્ને મુહમ્મદના સહ–કાર્યકર બનવાની જરૂરત પર ભાર આપે અને આદેશ આપે કે મઝહબી બાબતોના ચુકાદઓ સંપૂર્ણપણે મુહમ્મદ ઈબ્ને અ. વહાબના હાથમાં હશે અને રાજકીય બાબતોની દેખભાળ મુહમ્મદ ઈબ્ને સઉદની જવાબદારી રહેશે."

વહાબી મઝહબની ચળવળને અંગ્રેજો હવે રાજકીય રંગમાં રંગી રહ્યા છે અને શયખે નજદીના ગુમરાહ કરનારા નવા મઝહબના ધીમી ગતીએ ચાલતા ગાડાને પુરપાટ દોડાવવા માટે **મુહમ્મદ ઈબ્ને સઉદ** જેવા રાજકારણના માતેલા સાંઢને **શયખે નજદી**ની સાથે જોતી રહ્યા છે. બન્ને સાંઢો ભેગા મળીને ઈસ્લામની જડો ખોદવાના અંગ્રેજી મિશનનો ભાર ખેંચી રહ્યા છે, તેના વેતન અને પુરસ્કારની વહેંચણી એડવાન્સમાં કરવામાં આવી રહી છે કે :–

◉ **મઝહબી બાબતોનો વડો મુહમ્મદ ઈબ્ને અ. વહાબ ગણાશે.**

**◉ રાજકીય બાબતોનો વડો મુહમ્મદ ઈબ્ને સઉદ ગણાશે.**

ઉપરોકત વહેંચણીની આજે પણ સઉદી અરેબિયામાં ચુસ્તપણે અમલ વારી કરવામાં આવી રહી છે. આજે પણ સઉદી અરેબિયામાં મઝહબી બાબતો અને રાજકીય બાબતોના વડા અલગ અલગ છે.

**◉ મઝહબી બાબતોનો વડો બિન–બાઝ છે જે આલે શયખ એટલે શયખે નજદી** મુહમ્મદ ઈબ્ને અ. વહાબના **વંશમાંથી છે.**

**◉ રાજકીય બાબતોનો વડો રાજા–ફહદ છે જે આલે સઉદ એટલે કે મુહમ્મદ ઈબ્ને સઉદના વંશમાંથી છે.**

મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ એટલે કે **શયખે નજદી** અને મુહમ્મદ ઈબ્ને સઉદ એટલે કે ઈબ્ને **સઉદ** બન્ને ભેગા મળીને **નજદ**ની નજીકના શહેર **"દુરઈયહ"**ને પોતાની રાજધાની બનાવી. બ્રિટીશ સામ્રાજ્યે દિલ ખોલીને ગુપ્ત રીતે તે બંનેને આર્થિક સહાય આપી અને બંને જણાએ પોતાની સંખ્યાના બળે અને અંગ્રેજોના નાણાંના જોરે **"વહાબી મઝહબ"** ફેલાવવા મિલ્લતે ઈસ્લામીયા ઉપર ઝૂલ્મો–સિતમનો જે કાળો કેર વરસાવેલો તે એટલો ક્રુર અને ઘાતકી કક્ષાનો હતો કે **ચંગેઝખાન** અને **હલાકુ** જેવા સિતમગરો પણ શરમથી માથું ઝુકાવી લે. જેની વિસ્તૃત જાણકારી હવે પછીના પ્રકરણમાં આવી રહી છે.

◈ ◈ ◈ ◈

# પ્રકરણ – ૨

# ''દાસ્તાને નજદ અને શયખે નજદી''

વહાબી મઝહબના સ્થાપક **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ** ઉર્ફે શયખે નજદીનો જન્મ **હીજરી સન ૧૧૧૫** પ્રમાણે **ઈ.સ. ૧૭૦૩**માં નજદની ઉત્તરે આવેલા **ઉયયના** નામના સ્થળે થએલો.

**નજદ** સરઝમીને હિજાજની પૂર્વ દિશામાં આવેલું છે. **'નજદ'**નો ઈલાકો ઈસ્લામના ઉદય કાળથી ચર્ચાસ્પદ બનેલો છે. હદીષોમાં **'નજદ'** વિષે જે આગહીઓ પ્રાપ્ય છે તેમાંથી ફકત બે (૨) હદીષો અત્રે રજુ છે.

## હદીષ નં. ૧

**''અન–ઈબ્ને–ઉમર–અન્નહુ–સમિઆ–રસૂલલ્લાહે–સલ્લલ્લાહો–અલૈહે વસલ્લમા–વ–હુઆ–મુસ્તક્બેલુલ મશરિકા યકૂલો–અલા–ઈન્નલ–ફિત્નતા–હાહુના–મિન–હયષો–યતલઓ –કરનુશ–શયતાન''**

(હવાલો :– **''અલ–જામેઉલ–સહીહ બુખારી''** ભાગ–૨ પેજ નં. ૧૦૫૦) (અઝ :– મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી)

**-: અનુવાદ :-**

**"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હુમા બયાન** ફરમાતે હંય કે ઉન્હોને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સે સુના, દર આં–હાલે કે હુઝૂર મશરિક કે સામને ખડે થે. આપને (મશરિક કી જાનિબ) ઈશારા કર કે **ફરમાયાઃ– "ઈસ જગહ સે શયતાન કા સિંગ તુલુઅ હોગા"**

(હવાલો :– **"તારીખે નજદો–હિજાઝ"** પેજ નં. ૩૦ લેખક : મુફતી મુહમ્મદ અબ્દુલ કય્યુમ કાદરી, પ્રકાશક :– ઝિયાઉલ કુરઆન પબ્લિકેશન લાહોર)

**-: અનુવાદ :-**

**"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હુમા** વર્ણન કરે છે કે તેમણે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને એ પરિસ્થિતીમાં સાંભળ્યા કે આપ તે સમયે પૂર્વ દિશા તરફ ઉભા હતા. આપે પૂર્વ દિશા તરફ ઈશારો કરીને ફરમાવ્યું કે આ સ્થળેથી શૈતાનના શિંગનો ઉદય થશે."

## હદીષ નં. ૨

**"અન–ઈબ્ને–ઉમર–કાલા–ઝકરન–નબીયો–સલ્લલ્લાહો–અલૈહે–વસલ્લમા–કાલા–અલ્લાહુમ્મા–બારિક–લના–ફી–શામેના–અલ્લાહુમ્મા–બારિક–લના–ફી–યમનેના–કાલૂ–વ–ફી–નજદેના–કાલા–અલ્લાહુમ્મા–બારિક–લના–ફી–શામેના–વ–ફી–યમનેના–કાલૂ–યા–રસૂલલ્લાહે–વ–ફી–નજદેના–ફ–અઝન્નોહુ–કાલા–**

ફીષષાલેષતે–હુનાલેકલ–ઝલાઝિલો–વલ–ફિતનો–વ–બેહા–યતલઓ–કરનુશ–શૈતાન"

(હવાલો :– **"અલ–જામેઉલ–સહીહ બુખારી"** ભાગ–૨, પેજ નં. ૧૦૫૧)

**–: અનુવાદ :–**

**"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હુમા બયાન કરતે હંય કે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને દુઆ માંગી ઔર ફરમાયા એ અલ્લાહ ! હમારે શામ ઔર યમન મેં બરકત દે. બઅઝ લોગોંને કહા હુઝુર હમારે નજદ મેં, હુઝૂરને ફિર દુઆ ફરમાઈ ઔર ફરમાયા. એ અલ્લાહ ! હમારે શામ ઔર યમન મેં બરકત અતા ફરમા. લોગોંને કહા, ઔર હમારે નજદ મેં. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર કેહતે હંય, મેરા ગુમાન હય કે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને તીસરી બાર ફરમાયા કે ઉસ જગહ ઝલઝલે આએંગે ઔર ફિત્ને નમૂદાર હોંગે ઔર વહી સે શયતાન કા સિંગ નિકલેગા"**

(હવાલો :– **"તારીખ નજદો હિજાઝ"** પેજ નં. ૩૦)

**–: અનુવાદ :–**

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હુમા વર્ણન કરે છે કે એક દિવસ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે દુઆ માંગી અને ફરમાવ્યું કે :– એ અલ્લાહ ! અમારા શામમાં બરકત અતા ફરમાવ, એ અલ્લાહ !

અમારા **'યમન'**માં બરકત અતા ફરમાવ, અમુક લોકો કે જેઓ ત્યાં ઉપસ્થિત હતા તેમણે કહ્યું કે હુઝૂર અમારા નજદ માટે પણ કહો. આપે ફરી દુઆ ફરમાવી કે એ અલ્લાહ ! અમારા શામ અને યમનમાં બરકત અતા ફરમાવ. તે લોકોએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! અમારા નજદ માટે પણ કહો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર કહે છે કે મારો અનુમાન છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ત્રીજી વખતમાં ફરમાવ્યું કે તે સ્થળે ધરતીકંપો આવશે, ફિત્નાઓ જાહેર થશે અને ત્યાંથી શૈતાનની ટોળી નિકળશે"

**આલિમે–મા–કાના–વમા–યકુન** મહેબૂબે રબ્બુલ આલમીન સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ઉપરોકત આગાહી અક્ષરસ સત્ય પૂરવાર થઈ છે. **'નજદ'** એક એવું સ્થળ છે, જયાંથી સતત ફિત્નાઓની આંધીઓ ફૂંકાતી આવી છે. મિલ્લતે ઈસ્લામીયા માટે **'નજદ'** હંમેશા **માથાનો દુઃખાવો** પુરવાર થએલ છે. ઈતિહાસના પૃષ્ઠોમાં સરઝમીને નજદની નાલાયકીઓ એક દુઃખદ વિતક કથા સ્વરૂપે આલેખાએલી છે.

ઈસ્લામના ઈતિહાસનો અભ્યાસ કરનારા ઈતિહાસકારો સારી પેઠે જાણે છે કે :–

◉ ઈસ્લામમાં સૌથી પહેલો ફિત્નો **જુઠી નબુવ્વતનો દાવો** છે. હુઝૂરે અકદસ તાજદારે મદીના **ખાતેમુન્નબીયીન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના વિસાલ પછી તરત જ બદનામ સ્થળ**'નજદ'**ના ઈલાકા **જબીલા**થી જૂઠી નબુવ્વતનો દાવો કરવામાં આવેલો. અને તે દાવો કરનાર શખ્સનું નામ **મુસયલમા કઝઝાબ** છે. તેનું માથું કચડવા હઝરત સિદ્દીકે અકબર રદીઅલ્લાહો અન્હોએ

એક લશ્કર મોકલેલું જેની સરદારી મુજાહિદે—ઈસ્લામ **હઝરત ખાલિદ ઈબ્ને વલીદ** (રદીઅલ્લાહો અન્હો)એ લીધેલી. હઝરત ખાલિદે તે ફિત્નાને નેસ્તો—નાબૂદ ફરમાવીને મિલ્લતે ઈસ્લામીયાની મહાન સેવા અંજામ આપેલી.

ત્યારબાદ પણ **'નજદ'**થી નાના—મોટા અનેક ફિત્નાઓ અસ્તિત્વમાં આવ્યા. દરેક ફિત્નાએ જે તે સમયે મિલ્લતે ઈસ્લામીયાને પોતાની યથાશકિત મુજબ નુકશાન પહોંચાડયું અને સમયના વહેણની સાથે સાથે તે ફિત્નાઓની જલદતા સમી ગઈ પણ બારમી હિજરી સદીમાં ઉદય પામેલો **વહાબીયતનો ફિત્નો** હજુ પોતાની તિવ્રતા ધરાવી રહ્યો છે બલ્કે તેની તીવ્રતા અને જલદતામાં દિન—પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. નબુવ્વતના ખોટા દાવેદાર **મુસયલમા કઝઝાબ**ના ફિત્નાના અગ્યારસો (૧૧૦૦) વર્ષ પછી અસ્તિત્વમાં આવેલા **શયખે નજદી મુહમ્મદ ઈબ્ને અ. વહાબ**ના ફિત્નાએ સહીહુલ અકીદા મુસ્લિમોના અકીદાઓને હચમચાવી નાખ્યા. આ એક એવો ફિત્નો હતો જેણે મિલ્લતે ઈસ્લામીયા ઉપર **કયામતે—સુગરા** (લઘૂ—પ્રલય) કાયમ કરી દીધેલી જેની "ખૂની—દાસ્તાન" વાંચવાથી કંપારી છૂટે છે.

શયખે નજદી બાળપણથી જ તીવ્ર બુદ્ધિ ધરાવતો હતો. તેનું સ્વાસ્થય અન્યોને ઈર્ષા ઉપજાવે એટલું સરસ હતું. ફકત (૧૦) વર્ષની વયમાં **કલામુલ્લાહ** ખત્મ કરી લીધેલું. ત્યારબાદ પોતાના પિતા પાસેથી **હમ્બલી મઝહબ**ના ફિકહની તા'લીમ લેવી શરૂ કરી. શિક્ષણ પ્રાપ્તી માટે અનેક વખત તેણે **હિજાઝ**ના પ્રવાસો પણ કર્યા. શિક્ષણકાળ દરમિયાન તેની ઓળખાણ **શયખ મુહમ્મદ હયાત સિંધી** સાથે થઈ. શયખ હયાત

ચુસ્ત ગૈર મુકલ્લિદ પ્રકારનો આલિમ હતો. તેનો અકીદો હતો કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી મદદ માંગવી શિર્ક છે. શયખ હયાતે પોતાના આવા કુફ્રી અકીદાઓનું શિક્ષણ શયખે નજદીને પ્રારંભથી જ આપવા માંડયું. ઉપરાંત હિજાઝમાં શયખે નજદી જે જે આલિમોના સંપર્કમાં આવેલો તેમાંથી મોટા ભાગના આલિમો ગૈર **મુકલ્લિદ** અને **ઈબ્ને તયમીયા**ના વિચાર તર્કને અનૂસરનારા હતા. તે બધા આલિમોએ શયખે નજદીને ઈબ્ને તયમીયાની વિચાર પધ્ધતી મુજબ જ ટ્રેઈન કર્યો. તે આલિમો પૈકી **શયખ અબ્દુલ્લાહ ઈબ્ને ઈબ્રાહીમ ઈબ્ને સેયફે** શયખે નજદીને ગુમરાહ કરવામાં અને ઈબ્ને તયમીયાની કિતાબોના રવાડે ચડાવી દેવામાં મહત્વની કામગિરી અંજામ આપી.

**શયખ હયાત સિંધી** અને **શયખ ઈબ્ને સેયફે** એ બન્ને વ્યકિતઓ શયખે નજદીના બાતિલ અકીદાઓના મુખ્ય પ્રેરણાદાતા છે.

⦿ "વ–ઈબ્ન–સયફ–હાઝા– હુવલ્લઝી– દલ્લા– મુહમ્મદ–ઈબના–અબ્દુલ–વહાબા–અલા–કુતુબે– ઈબ્ને–તયમીયહ–વ–અઆનહુ–અલા–કિરઅતિહા."

(હવાલો :– **"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ"** (અરબી) પેજ નં. ૧૬ લેખક :– અલી તન્તાવી જાહેરી મિસરી)

**–: અનુવાદ :–**

**"ઔર ઈબ્ને સયફ હી વો શખ્સ હય જિસને શયખે નજદી કો ઈબ્ને તયમીયા કી તસાનિફ કી તરફ**

**રેહનુમાઈ કી ઔર ઉન સે ઈસ્તેફાદા મેં મદદ દી."**

(હવાલો :– **"તારિખે નજદો હિજાઝ"** પેજ નં. ૩૫, લેખક :– મુફતી મુહમ્મદ અબ્દુલ કય્યુમ કાદરી)

**–: અનુવાદ :–**

"અને ઈબ્ને સયફ તે વ્યકિત છે જેણે મુહમ્મદ ઈબ્ને અ. વહાબને ઈબ્ને તયમીયાના પુસ્તકો પ્રત્યે આકર્ષણ જગાડયું અને તે પુસ્તકોના વાંચનમાં મદદ કરી."

⦿ "વ–અમ્મર–રજુલુષ–ષાની–ફ–હુવા–શયખ –હિન્દીલ–અસ્લો–સલફીયુલ–મશરબ."

"વ–યઝહરો–અન્ના–મા–અન્કરૂહો–અલા–ઈબ્ને–અબ્દુલ –વહાબે–મિન–તકફીરિન–નાસે–કાના–અષરમ–મિન–આષારે –હાઝશ–શયખે–સિન્દી–હિન્દી."

(હવાલો :– **"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ"** (અરબી) પેજ નં. ૧૬–૧૭ લેખક :– અલી તન્તાવી જાહેરી મિસરી)

**–: અનુવાદ :–**

**"દૂસરા શખ્સ હિન્દુસ્તાન કા એક ગૈર મુકલ્લિદ આલિમ થા."**

**"મા'લૂમ હોતા હય કે શયખે નજદીને જો તમામ લોગોં કો કાફિર કરાર દિયા હય વો હિન્દુસ્તાન કે ઉસી ગૈર મુકલ્લિદ આલીમ કી તા'લીમ કા અષર થા."**

(હવાલો :– **"તારીખે નજદો હિજાઝ"** પેજ નં. ૩૫)

## -: અનુવાદ :-

"બીજો શખ્સ હિન્દુસ્તાનનો એક ગૈર મુકલ્લિદ આલીમ હતો."

"એવું જણાય છે કે શયખે નજદીએ સમગ્ર લોકોને કાફિર ઠરાવ્યા છે. તે બધું ભારતના તે ગૈર મુકલ્લિદ આલીમના શિક્ષણનો પ્રભાવ હતો."

ઉપરોકત બન્ને ફકરાનો સારાંશ એ કે ઈસ્લામના મૂળભૂત અકીદાઓમાં સમૂળો ફેરફાર કરી, ઈમાનની માન્યતાને શિર્કમાં ખપાવી દેવાની વૃતિ શયખ હયાત સિંધી અને શયખ ઈબ્ને સયફની પ્રારંભિક શોધ છે. જેનું મૂળ ઈબ્ને તયમીયાની કિતાબો છે. આ બન્નેની ગુમરાહી ભરેલી માન્યતા શૈક્ષણિક વારસા સ્વરૂપે **શયખે નજદી**ને મળી અને **ગુરૂ કરતાં ચેલો સવાયો** એ કથન અનુસાર શયખે નજદી પોતાના બન્ને પ્રેરણાદાતાઓથી પણ આગળ વધી ગયો. તેના બન્ને ગુરૂઓએ તો ફકત ઈબ્ને તયમીયાની ગુમરાહી ભરેલી કિતાબો દ્વારા જ ગુમરાહી ફેલાવી પણ શયખે નજદીએ તો **કલમ**ની સાથે સાથે **તલવાર**નો ઉપયોગ કરીને ભયાનક સ્વરૂપે અસંખ્ય નિર્દોષ મુસ્લિમોની ગરદનો કાપી નાખી. અંબિયાએ કિરામ અને ખાસ કરીને સૈયદુલ અંબિયા રહેમતુલલિલ આલમીન (અલા નબીય્યના વ અલૈહિમુસ્સલાતો વસ્સલામ)ની અઝમત અને મહોબ્બત હેઠળ કરવામાં આવતા **'જાઈઝ'** કામોને **'શિર્ક'** અને **'કુફ્ર'**માં ખપાવી, તેનું આચરણ કરનારા સમગ્ર મુસ્લિમોને **'કાફિર'** ઠરાવી તેઓના **'કતલ'**ને જાઈઝ ઠરાવ્યું. મુસ્લિમોના માલને લુંટી તેને **'માલે-ગનીમત'**માં ખપાવ્યો. સહાબાએ કિરામના મઝારાત અને

મકબરાઓ જમીનદોસ્ત કર્યા, જન્નતુલ બકીઅ ની તમામ કબરો તોડી પાડીને ખેદાન મેદાન કર્યુ, **તાઈફ** થી **કરબલા** અને **મક્કા** થી **મદીના** સુધીના હરમે–મુકદ્દસને વેરાન કર્યુ, ગુંબદે ખિઝરાની છતને નુકસાન પહોંચાડયું, મઝારે અકદસની ચાદર મુબારક ઉતારી લીધી, તૌહીને રસૂલની વાણી ઉચ્ચારવામાં અતિરેક કર્યો, મહોબ્બતે રસૂલના મતવાલાઓને મોતને ઘાટ ઉતાર્યા, **ટુંકમાં ઈલ્મે ગૈબના જાણનારા પ્યારા નબી** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની સચોટ આગાહી મુજબ **નજદ**થી શૈતાનનું સિંગ એટલે કે શૈતાનની ટોળીએ એવા ભયાનક સ્વરૂપે માથું ઉચકેલું કે ખૂદ શૈતાન પણ તેનાથી પનાહ માંગતો હશે.

# શયખે નજદીના પિતા

શયખે નજદી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીના વાલિદ સહીહુલ અકીદા અને મશહૂર સુન્ની આલિમ હતા. તેમનું નામ **શયખ અબ્દુલ વહાબ ઈબ્ને સુલયમાન ઈબ્ને અલી** હતું. શયખ અબ્દુલ વહાબ પોતાના **'નાલાયક બેટા'**થી સખત નારાજ રહેતા હતા.

**''શયખે નજદી કે વાલિદ મુતવફફી ઈ.સ.૧૭૪૦ હિ.સ.૧૧૫૩ નિહાયત સાલેહુલ અકીદા બુઝુર્ગ ઔર મશહૂર આલિમે દીન ઔર ફકીહ થે. વો શયખે નજદી કો તન્કીસે રિસાલત, તૌહીને મઆષિરે સહાબા ઔર તકફીરૂલ**

**મુસ્લેમીન જૈસે ગુમરાહ કુન અકાઈદ પર હમેશાં સરઝનિશ કરતે રહેતે થે."**

**(હવાલો :- "ઉન્વાનુલ-મજદ-ફી-તારીખે-નજદ" (અરબી) (લેખક :- ઉસ્માન ઈબ્ને બશર નજદી, ભાગ-૧, પેજ નં.૬,) પ્રકાશિત :- રિયાધ (સઉદી અરેબીયા), (બ)હવાલા "તારીખે નજદો હિજાઝ" પેજ નં. ૨૪, લેખક:- મુફતી અ. કય્યુમ, પ્રકાશક :- ઝિયાઉલ કુરઆન પબ્લિકેશન, લાહોર, પાકિસ્તાન.)**

**-: અનુવાદ :-**

"શયખે નજદીના પિતા કે જેમનું અવસાન ઈ.સ.૧૭૪૦ પ્રમાણે હિ. સ. ૧૧૫૩ માં થએલું, તેઓ નેક અકીદા ધરાવનાર બુઝુર્ગ અને પ્રખ્યાત આલિમે દીન અને ફકીહ હતા. તેઓ શયખે નજદીના ગુમરાહ કરનારા અકીદાઓ જેમ કે રસૂલની બે અદબી, સહાબાએ કિરામના અવશેષોનું અપમાન, અને મુસ્લિમોને કાફિર કહેવા ઉપર સતત આક્રોશ વ્યકત કરતા હતા"

ઉપરોકત ફકરાથી એ વાત પુરવાર થઈ કે શયખે નજદીના અકીદાઓ ગુમરાહી ભરેલા હતા અને ખુદ શયખે નજદીના વાલીદ પણ શયખે નજદીની વિરૂધ્ધ હતા. શયખે નજદી પોતાના વાલિદની સાથે અવાર નવાર વાદ-વિવાદ કરતો રહેતો. બાપ અને બેટાની વચ્ચે અકીદાઓની બાબતે જે ઘર્ષણ થતું તેનો ઉલ્લેખ અત્રે રજુ છે.

"વ-જલસા-ફી-હલકતે-અબીહે-યહદરો-દરૂસહુ -વ-યન્કરો-મા-યરા-મિનલ-બિદએ-વલ-મુખાલેફાતે-ફી

—ઝાલેકા—હત્તા—અષારા—અલૈહિન્નાસો—વ—લમ—યરતદો—અબૂહો—હાઝલ—મસ્લકા—મિન્હો—વ—લમ—યર્કર્રહો—અલૈહે—વકાના—યુષરૂલ—મસાલમતા—વ—યકરહોલ—અનફા—ફ—નહાહો—હત્તા—વકઆ—બયનહુમા કલામુન—વલાકિન્નહુ—ઈસ્તમરા—અલા—દઅવતેહિ—વ—ઈન્કારેહિ—વસ્તજાબા—લહુ—ફરીકુમ—મિનન—નાસે—વ—તાબઅહુ—વ—સારા—તબ્બતુલ—ઈલ્મે—તાઈફતયને—કલીલુમ—મિન્હુમ—મઅહુ—વલ—કષીરો—અલૈહ

(હવાલો :— **"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ"** (અરબી) પેજ નં. ૨૦ લેખક :— શયખઅલી તન્તાવી મિસરી)

**—: અનુવાદ :—**

**"શયખ નજદી અપને વાલિદ કે હલકએ દર્સ મેં હાઝિર હુવા કરતા થા ઔર (નામ નિહાદ) બિદઆત પર એતરાઝ કિયા કરતા થા, યહાં તક કે તમામ લોગ ઉસકે મુખાલિફ હો ગએ ઔર ઉસકે વાલિદ ભી ઉસ પર નારાઝ હુએ, ઔર ઉસકો સરઝનિશ કી શયખ અબ્દુલ વહાબ સલહા જો શખ્સ થે, ઝઘડે કો ના—પસંદ ફરમાતે થે,ઉન્હોંને ઉસકો (શેઆરે એહલે સુન્નત કી મુખાલેફત કરને સે મનઅ કિયા) (લૈકિન શયખે નજદી બાઝ ન આયા) ઔર અપને વાલિદ સે સખ્ત તકરાર ઔર બહષ કી ઔર (શેઆરે એહલે ઈસ્લામ)કી મુખાલેફત પર કાયમ રહા. ચંદ લોગ ઉસકે સાથ હોગએ ઔર અકષર ઉસકી મુખાલેફત કરને લગે, હત્તાકે શયખ અબ્દુલ વહાબ કે હલકએ—દર્સ કે તલબા મેં દો ગિરોહ કાઈમ હો ગએ.**

**અકલ્લિયત શયખે નજદી કે સાથ થી ઔર અકષરિયત ઉસકે વાલિદે ગિરામી શયખ અબ્દુલ વહાબ રહેમહુલ્લા કે સાથ થી."**

(હવાલો :—**"તારીખે નજદો હિજાઝ"** પેજ નં. ૨૭ અને ૨૮)

**–: અનુવાદ :–**

**"શયખે નજદી પોતાના પિતાના વિદ્યા—કક્ષમાં ઉપસ્થિત થતો અને બિદઅતો ઉપર વિરોધ પ્રદર્શિત કરતો. ત્યાં સુધી કે લોકો તેના વિરોધી થઈ ગયા. અને તેના પિતા પણ તેનાથી નારાજ થયા. અને તેને ધમકાવ્યો. શયખ અબ્દુલ વહાબ શાંતિપ્રિય વ્યક્તિ હતા અને ઝઘડાને અપ્રિય ગણતા હતા જેથી તેમણે પોતાના પુત્રને એહલે સુન્નતના કામોનો વિરોધ કરવાથી રોકયો, પણ શયખે નજદી માન્યો નહીં અને તેણે પોતાના પિતાની સાથે સખ્ત તકરાર અને વિવાદ કર્યો. અને ઈસ્લામના પ્રિય કામોના વિરોધ કરવાનો આગ્રહી રહ્યો. અમુક લોકો તેની સાથે ભળી ગયા અને મોટા ભાગના લોકોએ તેનો વિરોધ કર્યો. ત્યાં સુધી કે શયખ અબ્દુલ વહાબના વિદ્યા—કક્ષના વિદ્યાર્થીઓમાં પણ બે ભાગ પડી ગયા. લઘુમતી શયખે નજદીની સાથે હતી અને બહુમતી તેના પિતાની સાથે હતી."**

**શયખે નજદીની હઠધર્મી અને વડીલોની અમાન્યા હદ ઓળંગી ગઈ હતી. પોતાના સમયના મહાન આલિમ અને બુઝુર્ગ એવા સગા—બાપની શિખામણો પણ તેણે કાને ધરી નહીં. ઉલ્ટાનું તેણે પોતાના વાલિદની સાથે પણ વાદ—વિવાદ કર્યો અને પોતાના પિતાના શિષ્યોને બે ભાગમાં વહેંચી દીધા.**

શયખે નજદીની નાલાયકી અને સ્વછંદી વિચારધારાના કારણે શયખ અબ્દુલ વહાબને ઘણો જ આઘાત લાગ્યો. **વલીના ઘરે શૈતાન પેદા થાય** તેમ એક મહાન આલિમના ઘરે એક ક:પૂત પેદા થયો. શયખ અબ્દુલ વહાબે પોતાના દિકરા શયખે નજદીની ગુમરાહીથી નારાજ થઈ પોતાનું અસલી વતન **ઉયયના** તજી દીધું અને હિજરત કરીને **હુરયમલા** નામના શહેરમાં સ્થાયી બની ગયા. કેમકે અંગ્રેજોના પીઠબળના કારણે શયખે નજદીએ 'ઉયયના' શહેરને પોતાની ચળવળનું મુખ્ય કેન્દ્ર બનાવ્યું હતું અને ત્યાં રહીને શયખે નજદીનો ખુલ્લમ ખુલ્લા વિરોધ કરવો શયખ અબ્દુલ વહાબ માટે શકય નહોતો. જેથી તેમણે પોતાના મૂળ શહેરથી હિજરત કરી લીધી.

શયખ અબ્દુલ વહાબની ઈલ્મી મહાનતા સર્વવ્યાપી અને સર્વમાન્ય હતી અને શયખે નજદીની સરખામણીમાં લોકો શયખે નજદીના વાલિદ શયખ અબ્દુલ વહાબને વધુ મહત્વ અને અગ્રતા આપતા હતા જેથી શયખે નજદીએ પોતાના વાલિદની હયાતીમાં પોતાની ચળવળ ધીમી ગતીએ આગળ ધપાવેલી પણ જયારે **ઈ.સ. ૧૭૪૦** પ્રમાણે **હિ.સ.૧૧૫૩**માં શયખ અબ્દુલ વહાબનો ઈન્તેકાલ થયો, તો શયખે નજદીએ પોતાની ચળવળ ઝનૂન પૂર્વક શરૂ કરી. પોતાના બાતિલ અકીદાઓનો છડેચોક પ્રચાર શરૂ કર્યો અને પોતાના અકીદાઓનો વિરોધ કરનારાઓને **કાફિરના ફત્વા** આપી તેઓને મોતને ઘાટ ઉતારવા શરૂ કર્યા. હત્યા, લુટફાટ, અત્યાચારો, અન્યાયો, ગુસ્તાખીઓ, બે—અદબીઓ અને ઝુલ્મો સિતમના ક્ષેત્રે શયખે નજદીએ એવી હરણફાળ ભરી કે તેણે પાછુંવાળીને જોયું જ નહીં અને અસંખ્ય નિર્દોષ મુસ્લિમો તેના અત્યાચારના ભોગ બન્યા.

# શયખે નજદીના ભાઈ

શયખે નજદીના ભાઈ **શયખ સુલેમાન ઈબ્ને અબ્દુલ વહાબ** પણ પોતાના વાલિદે માજિદની જેમ સુન્ની સહીહુલ અકીદા આલિમ હતા અને તેમણે પણ પોતાના ભાઈ શયખે નજદીના નવા મઝહબ અને બાતિલ અકીદાઓનો અસ્વીકાર કર્યો. પોતાના વાલિદ શયખ અબ્દુલ વહાબના ઈન્તેકાલ પછી હરીમલા શહેરના કાઝીના પદ ઉપર નિયુકત થયા.

શયખ સુલેમાન ઈબ્ને અબ્દુલ વહાબ પોતાના ભાઈ **શયખે નજદી**ની બાતિલ અકીદાઓ ઉપર આધારિત ચળવળ સામે પગ વાળીને બેસી રહ્યા નહીં, બલ્કે જીવન પર્યંત પોતાના ભાઈની ગંદી ચળવળ સામે ઝઝુમતા રહ્યા.

"શયખ સુલેમાન ઈબ્ને અબ્દુલ વહાબ તમામ ઝિન્દગી શયખે નજદી સે અકાઈદ કી જંગ લડતે રહે."

(હવાલોઃ— **"અદ્દરરૂસ્સુન્નિયા"** (અરબી), પેજ નં. ૪૭ લેખક :— સૈયદ અહમદ ઈબ્ને ઝયની, દહલાન, મક્કી, શાફઈ, બ—હવાલા :— **"તારીખે નજદો હિજાઝ"** પેજ નં. ૨૮)

## -: અનુવાદ :-

"શયખ સુલેમાન ઈબ્ને અબ્દુલ વહાબ આખી ઝિન્દગી શયખે નજદી સામે અકીદાઓની લડાઈ લડતા રહ્યા."

શયખ સુલેમાન ઈબ્ને અબ્દુલ વહાબે પોતાના ભાઈ શયખે નજદીના બાતિલ અકીદાઓના ખંડનમાં એક દળદાર અને આધારભૂત કિતાબ **"અસ્સવાઈકૂલ ઈલાહિયા"** અરબી ભાષામાં લખીને શયખે નજદીના બાતિલ અકીદાઓના ચીંથરા ઉડાડી નાખ્યા. આ કિતાબે તે સમયમાં ઘણી જ લોકપ્રિય બનેલી, જેને આલિમોએ પણ સ્વીકારી અને ઘણા જ સન્માનથી આવકારેલી. આ કિતાબે ઘણા અનપઢ અને ભોળા લોકોને ગુમરાહીની ઉંડી અને ઘાતક ખીણમાં પડતા બચાવીને હિદાયતનો માર્ગ ચીંધેલો.

# શયખે નજદીના અકીદાઓ

ઝમાન–એ–અકદસથી શરૂ થઈને સહાબાએ કિરામ, તાબેઈન, તબે–તાબેઈન, અઈમ્મ–એ–મુજતહેદીનના સમયકાળમાં તથા ત્યાંથી લઈ સ. હિ. ૧૨૦૦ના પ્રારંભ સુધી જે અકીદાઓ અને ઈસ્લામી રસ્મો પ્રચલિત હતી તેને દરેક કાળના ઓલામા–એ–કિરામ અને બુઝુર્ગોને દીન અને આમ્મતુલ

મુસ્લિમીને માન્ય રાખેલા, તે કામોને શયખે નજદીએ ઈસ્લામની વિરૂધ્ધના અને શિર્ક ઉપર આધારિત ઠરાવી દીધા. ખાસ કરીને તેવા કામો કે જે અંબિયા–એ–કિરામ અને બુઝુર્ગાને દીનની અઝમત અને મહોબ્બતના અનુસંધાને કરવામાં આવતા હતા, તે કામો ઉપર શયખે નજદીનો ખાસ વિશેષ કોપ ઉતરેલો. આ બધા કામોને ઈસ્લામ વિરૂધ્ધના પુરવાર કરવા માટે શયખે નજદીએ કુરઆને મજીદની આયતોના મનઘડત અનુવાદો અને અર્થ ઘટનો કર્યા, હદીષોના કઢંગા સારાંશો વર્ણન કર્યા. કુરઆન અને હદીષનો દુરૂપયોગ કર્યો. કુરઆન અને હદીષના નામે ભોળા લોકોના ઈમાન લૂંટયા. જે આયતો બૂતો (મૂર્તિઓ), બુતપરસ્તિ (મૂર્તિપૂજા) ના ખંડનમાં નાઝિલ થએલી તે આયતોને અંબિયા અને ઔલિયા તથા તેઓના મુકદ્દસ મઝારો ઉપર ફિટ કરી દીધી. તૌહીદના નામે ખુદાના મહેબૂબ બંદાઓની જનાબમાં ઝબાન દરાઝી કરી. **'શિર્ક'** અને **કુફ્ર**ના ફત્વાની મશીનગન ફેરવીને બે–કસૂર મુસ્લિમો ઉપર આડેધડ ફત્વાઓની બોમ્બ વર્ષા કરી. દીનદાર અને પરહેઝગાર મુસ્લિમોને **'કાફિર'** અને **'મુશરિક'**માં ખપાવી તેઓની ક્રુર હત્યાઓ કરી, તેઓના માલ, મિલ્કત, ઈઝઝત, આબરૂ અને ખાનદાન સુધ્ધાંને તારાજ કર્યા અને લૂંટી લીધા. જેની સિલસિલાવાર હકીકતો રજુ કરતાં પહેલાં **શયખે નજદીના બાતિલ અકીદાઓની** સંક્ષિપ્ત માહિતી વાંચકોને પ્રદાન કરવી જરૂરી છે.

**◉ અંબિયા એ કિરામથી શફાઅત માંગવી શિર્ક છે.**

**◉ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો રોઝ–એ–અનવર સનમે અક્બર એટલે કે બધા બૂત કરતાં મોટો બુત (મુર્તિ) છે.**

**⦿ હનફી, શાફઈ, માલેકી અને હમ્બલી એ ચારેય મુસલ્લા શિર્ક અને બિદઅત છે.**

**⦿ કબ્રોની ઝિયારત કરવી તે બૂત પરસ્તી સમાન છે.**

**⦿ યા રસૂલલ્લાહ કહેનારો મુશરિક છે.**

**⦿ દલાઈલુલ–ખૈરાત પઢનારો મુશરિક છે.**

**⦿ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સ્વયં પોતાના માટે પણ ફાયદો કે નુકશાન પહોંચાડવાની શકિત ધરાવતા નથી.**

**⦿ અલ્લાહના દરબારમાં અંબિયા અને ઔલિયાના વસીલાથી દુઆ માંગનાર મુશરિક છે.**

**⦿ અંબિયા અને ઔલિયાથી મદદ માંગનારો મુશરિક છે.**

ઉપરોકત વર્ણનીય અકીદાઓ ઉપરાંત શયખે નજદીએ પોતાના સડેલા ભેજાની ઉપજ રૂપે જે નવીન નવીન ફત્વાઓ આપેલા છે, તે અતિ ધ્રુણાસ્પદ અને હાસ્યાસ્પદ પણ છે જેની ચર્ચા હવે પછીના પૃષ્ઠોમાં આવશે.

શયખે નજદીએ પોતાના બાતિલ અકીદાઓના પ્રચારમાં એટલી હદે અતિશ્યોકિત કરેલી કે તે પોતાના સમ–વિચાર અને સમ–અકીદાઓ સિવાયના સમગ્ર મુસ્લિમોને કાફિર જ સમજતો અને તેઓને **'કતલ'** કરી નાખવા અને તેઓની માલ મિલ્કતને લૂંટી લેવી જાઈઝ સમજતો હતો અને તેથી જ તેણે બે હિસાબ નિર્દોષ મુસ્લિમોને શહીદ કરીને તેઓની માલ–મિલ્કત લૂંટી લીધી.

# શયખે નજદી દ્વારા કાફિરના ફત્વા

અગાઉ વર્ણન કર્યા મુજબ શયખે નજદીએ શરૂમાં પોતાની ચળવળનું મૂખ્ય મથક નજદની સમીપ આવેલા **'ઉયયના'** શહેર બનાવેલું. ઉયયનામાં આવી તેણે પોતાની ચળવળ ઘણા જ ઝનૂન સાથે આરંભી અને તેણે સૌ પ્રથમ **"અત્તૌહીદ"** નામની કિતાબ લખી. જેમાં તેણે કુરઆન અને હદીષના મનઘડત અનુવાદો અને અર્થ ઘટનો કરીને મિલ્લતે ઈસ્લામીયા ઉપર કાફિર અને મુશરિકના ફત્વા આપ્યા.

**"અસ્લ વાકેઆ યે હય કે અહદે રિસાલત સે લે કર આજ તક જઝીરએ અરબ મેં તમામ કલ્માગો ઈન્સાન અલહમ્દો–લિલ્લાહ કિસી કિસ્મ કી બૂત–પરસ્તી યા કબ્ર પરસ્તી સે મેહફૂઝ રહે હંય. અલ્બત્તા, હર દોર મેં સાલેહીને ઉમ્મત કે તવસ્સુલ સે દુઆએં માંગી જાતી રહીં ઔર અંબિયાએ એઝામ ઔર ઔલિયાએ કિરામ કે આસ્તાનો પર જા કર ઉનસે ઈસ્તિમદાદ ઔર ઈસ્તેગાષા કિયા જાતા રહા હય. હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સે શફાઅત ઔર દીગર મુરાદોં કે લિયે દુઆઓં કી દરખાસ્ત કી જાતી રહી હય, ઈસકો ગેર મુકલ્લિદાંને બિલ–ઉમૂમ ઔર શયખે નજદીને બિલ–ખુસૂસ શિર્ક, બૂત પરસ્તી ઔર ગોર પરસ્તી કા નામ દે કર અહદે રિસાલત સે લે કર બારવી સદી તક કે તમામ દુનિયા**

**કે મુસલમાનોં કો બિલ–ઉમૂમ ઔર જઝીરએ અરબ કે મુસલમાનોં કો બિલ–ખુસૂસ કાફિર કરાર દે દિયા"**

(હવાલા માટે જુઓ "**તારીખે નજદો હિજાઝ**" પેજ નં. ૪૦ અને ૪૧ (લેખક :– મુફ્તી અબ્દુલ કય્યુમ કાદરી))

**–: અનુવાદ :–**

"સત્ય ઘટના એ છે કે નબુવ્વતના સમયકાળથી લઈને આજ સુધી અરેબિક ટાપુમાં સમગ્ર કલ્માગો લોકો અલહમ્દો લિલ્લાહ દરેક પ્રકારની મૂર્તિ–પૂજાથી સુરક્ષિત રહ્યા છે. અલબત્ત, દરેક કાળમાં ઉમ્મતે નબીના સાલેહીનના વસીલાથી દુઆઓ માંગવામાં આવતી રહી અને મહાન પયગમ્બરો અને પવિત્ર ઔલિયાના આસ્તાના પર જઈને તેઓથી મદદ માંગવી અને તેઓની જનાબમાં ફરિયાદો કરવામાં આવતી. હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલૈહેવસલ્લમથી શફાઅત અને અન્ય મુરાદો માટે દુઆની દરખાસ્તો કરવામાં આવતી રહી. આ બધા કામોને ગેર મુકલ્લિદોએ સામાન્યત અને શયખે નજદીએ ખાસ કરીને **શિર્ક**, મૂર્તિ–પૂજા અને કબર પૂજાનું નામ આપીને હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સમયથી લઈને બારમી સદી સુધીના સમગ્ર વિશ્વના બધા મુસલમાનોને અને ખાસ કરી અરબ ટાપુના મુસ્લિમોને કાફિર ઠરાવી દીધા"

ઉપરોક્ત ફકરા દ્વારા એ વાત પુરવાર થઈ કે અરેબીયન દ્વીપમાં ઈસ્લામના ઉદય પછી મૂર્તિ પૂજા સદંતર નષ્ટ થઈ ગએલી અને કોઈપણ મુસલમાન મૂર્તિ–પૂજા દ્વારા '**શિર્ક**'નું આચરણ નહોતો કરતો. ફક્ત ઈસ્લામ અને ઈમાનના વર્તુળમાં

રહીને બુઝુર્ગાને દીનના મુબારક આસ્તાનાઓથી ફાયદાઓ હાંસલ કરતા હતા. શયખે નજદીને અંગ્રેજ સામ્રાજ્યના પીઠૂની હેસિયતથી ઈસ્લામની જડો ખોદવી હતી એટલે તેણે સમગ્ર મુસ્લિમોને મુશરિકમાં ખપાવવા માટે કબ્રોની ઝિયારતને **'કબર—પૂજા'**માં ખપાવીને મુસ્લિમોને **'મુશરિક'**માં ખપાવી ફિત્નાની મહા આંધી ફૂંકી.

ખુદ શયખે નજદી સ્વીકાર કરતાં લખે છે કે :-

"વ—અરફતા—અન્ના—ઈકરારહુમ—બે—તૌહિદિર—રબુબિયતે —લમ—યદખુલ—હુમ—ફિલ—ઈસ્લામે—વ—અન્ના—કસદોહુમુલ —મલાએકતા—વલ—અમ્બિયા—વલ—અવલિયા—યુરીદુના —શફાઅતહુમ—વત—તકર્રબો—ઈલલ્લાહે—બે—ઝાલેકા —હુવલ્લઝી—અહલ્લા—દમા— અહુમ—વ—અમવાલહુમ."

(હવાલા માટે જુઓ :— **"કશફુશ સુબહાત"** પેજ નં. ૨૦ અને ૨૧ (લેખક :— શયખ મુહમ્મદ અબ્દુલ વહાબ નજદી))

**—: અનુવાદ :—**

**"ઔર તુમકો મા'લુમ હો ચુકા હય કે ઉન લોગોં (મુસલમાનોં) કા તૌહીદ કો માન લેના ઉન્હે ઈસ્લામ મેં દાખિલ નહીં કરતા ઔર ઉન લોગોં કા ફરિશ્તોં, નબીયોં ઔર વલીયોં સે શફાઅત તલબ કરના ઔર ઉનકી તઅઝીમ સે અલ્લાહ તઆલા કા કુર્બ ચાહના હી વો સબબ હય, જિસને ઉનકે કત્લ ઔર અમવાલ લૂટને કો જાઈઝ કર દિયા હય."**

(હવાલા માટે જુઓ :— **"તારીખે નજદો હિજાઝ"** પેજ નં. ૪૨ અને ૪૩)

## –: અનુવાદ :–

"અને તમને જાણ થઈ ચુકી છે કે તે લોકોનું ફકત તૌહીદને માની લેવું તેઓને ઈસ્લામમાં પ્રવેશ નથી આપતો અને તે લોકોનું ફરિશ્તાઓ, નબીયો અને વલીયોથી શફાઅત માંગવી અને તેઓનું સન્માન કરીને અલ્લાહ તઆલાની નિકટતા ઈચ્છવી, એ બાબતોના કારણે જ મૈં તેઓની હત્યા અને માલ–મિલ્કત લુંટી લેવાને જાઈઝ ઠરાવી દીધા છે."

ખુદ શયખે નજદી એ વાતનો એકરાર કરી રહ્યો છે કે મુસ્લિમોને કાફિર અને મુશરિકમાં ખપાવવા માટે તેની પાસે ફકત એ જ કારણ હતું કે મુસ્લિમો નબી અને વલીની શફાઅતના ઈચ્છુક હતા. અંબિયા અને ઔલિયાની તઅઝીમ કરતા હતા અને અંબિયા–ઔલિયાની તઅઝીમને ખુદાની નઝદીકી પ્રાપ્ત કરવાનું કારણ સમજતા હતા.

ઉપરોકત બાબતોમાં કયાંય 'શિર્ક'ની ગંધ સુદ્ધાં પણ નથી બલ્કે આ બધા કામો તો સહાબાએ કિરામથી લઈને બારમી સદી સુધીના દરેક મુસ્લિમો કરતા આવ્યા છે. બારસો (૧૨૦૦) વર્ષ સુધી જે કામો જાઈઝ બલ્કે ઈમાનના એક ભાગ રૂપે હતા, તે બધા કામોને શયખે નજદી **'શિર્ક'**માં ખપાવી રહ્યો છે અને તે કામોને **'શિર્ક'** સ્વરૂપે આગળ ધરીને નિર્દોષ મુસ્લિમોને બેરહેમીથી રહેંસી નાખવાની ક્રુર પ્રવૃતિ આચરી રહ્યો છે. શયખે નજદીની આવી ઘાતકી પ્રવૃતિ ઉપર આક્રોશ વ્યકત કરતાં **અલ્લામા તન્તાવી** લખે છે કે :–

"વ—હીના—અઝકોરો—અન્નશ—શયખા—કાદા—યકફોરલ—મુસ્લેમીના—જમીઅલ—જમાઅતા—મઅ—અન્ના—હાઉલાઈલ—મુસ્લેમીના — લમ — યઅબોદુલ — કુબુરા — વ —લમ—યા'તુલ—મુકફફેરાત—વ—અન્નમા—ફઅલા—ઝાલેકા—અવામોહુમ—વ—અન્ના—ફી—હીમૂલ—ઓલોમાઓ—વલ—મુસ્લેહીના—અકૂલો—લયસા—લિશ—શયખે—ઉઝરૂન."

**—: અનુવાદ :—**

**"ઔર જબ મૈં યે સોચતા હૂં કે શયખે નજદી અપને મુવાફેકીન કે સિવા તમામ મુસલમાનોં કો કાફિર કરાર દેતા હય, હાલાંકે તમામ મુસલમાનોંને ન કબ્રો કી ઈબાદત કી હય ઔર ન કુફિયા કામ કિયે હંય. અગર કુછ ને કિયા હય તો આમ લોગોંને, ખુસૂસન જબ કે મુસલમાનોં મેં ઓલોમા ઔર મુસ્લેહીન ભી મૌજુદ હંય, તો મૈં શયખે નજદી કી તકફીર કી સેહત કે લિયે કોઈ ઉજ નહીં પાતા."**

(હવાલા માટે જુઓ :— **"તારીખે નજદો હિજાઝ"** પેજ નં. ૪૪)

**—: અનુવાદ :—**

"અને જયારે હૂં એ વિચારૂં છું કે શયખે નજદી પોતાના તરફેણ કર્તાઓ સિવાયના તમામ મુસ્લિમોને કાફિર ઠરાવી રહ્યો છે, પરંતુ તમામ મુસ્લિમોએ ન તો કબ્રોની પૂજા કરી છે અને ન તો કુફ્રના કામો કર્યા છે. જે કંઈ કર્યું છે તે

સામાન્ય મુસ્લિમોએ કર્યું છે. જયારે કે ખાસ મુસ્લિમોમાં આલિમો અને સાલેહીન પણ મૌજુદ છે. જેથી સમગ્ર મુસ્લિમોને કાફિર ઠરાવવાની શયખે નજદીની નિતીના યોગ્ય હોવા માટે કોઈ કારણ નથી."

ખુદ અલ્લામા તન્તાવી સ્વીકારે છે, કે શયખે નજદી સમગ્ર મુસ્લિમોને ખોટા બહાના હેઠળ કાફિર ઠરાવી રહ્યો છે અને સમગ્ર મુસ્લિમોને કાફિર ઠરાવવા માટેનું યોગ્ય કારણ પણ શયખે નજદી પાસે નથી. ઓલોમા, સાલેહીન અને અન્ય ઈસ્લામના મહાન શખ્સોને શયખે નજદી **'કાફિર'**ની કક્ષામાં સમાન દરજજે મુકી રહ્યો છે અને તે બહાને મુસ્લિમો સામે હથિયાર ઉગામી રહ્યો છે.

શયખે નજદીના ગુમરાહ મઝહબ **'વહાબીયત'**નો મુખ્ય ઉદ્દેશ ખુદાના નેક અને મુકદ્દસ બંદાઓ, ખાસ કરીને અંબિયાએ કિરામ, સહાબાએ કિરામ, અને ઔલિયાએ કિરામ પ્રત્યેની દુશ્મની છે. તે દુશ્મનીનો ઉભારો કાઢવા તેણે એક નવો રસ્તો અપનાવ્યો કે સહાબાએ કિરામ અને બુઝુર્ગાને દીનના મુકદ્દસ મઝારો અને મકબરાઓ તોડી પાડવા. જેનાથી તેની બે મુરાદો હતી. પહેલી એ કે જેનાથી દુશ્મનાવટ છે તેના અવશેષો નષ્ટ કરી નાખવા અને બીજી એ કે આવા મકબરાઓ તોડી પાડી મુસ્લિમોની ધાર્મિક લાગણીને કારમી ઠેસ પહોંચાડવી.

# સહાબાએ કિરામના મઝારાત તોડવા

શયખે નજદીના મનમાં સહાબાએ કિરામ અને ઔલિયાએ કિરામની દુશ્મનાવટનો જે અગ્નિ લાવાની જેમ ખદબદતો હતો, તે જવાળામુખી સ્વરૂપે ફાટી નિકળ્યો. **'નજદ'**ની નજીકના **'ઉયયના'**માં સ્થાયી થયા બાદ તેણે પોતાની કામગિરીની શરૂઆત સહાબાએ કિરામના મઝારો તોડવાથી કરી. શયખ નજદીનો પ્રથમ સમ–વિચાર મિત્ર અને સાથી શયખની ચળવળના હેડકવાર્ટર **'ઉયયના'** શહેરનો વાલી હતો. જેનું નામ **ઉસ્માન ઈબ્ને મુઅમ્મર** હતું. શયખે નજદીએ પોતાની ચળવળમાં સાથ આપવાનું સોગંદ ઉપર વચન ઉસ્માન પાસેથી લીધું અને બન્નેએ ભેગા મળીને સહાબાએ કિરામના મુકદ્દસ મઝારો તોડવાની જે પ્રવૃતિ કરેલી જેનો ઉલ્લેખ નીચે મુજબ છે :–

"શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કા પહેલા કાબિલે ઝિક્ર હમ ખ્યાલ ઉસ્માન ઈબ્ને મુઅમ્મર વાલી ઉયયના થા. શયખને ઉસસે હલફ લિયા કે વો ઈન મઝારોં ઔર મુતઅલ્લિકાત કો તલ્ફ કરને મેં ઈમદાદ દેગા. ઈબ્ને મુઅમ્મરને કબૂલ કિયા. દોનોં હમ–મશવરા હો કર જબીલા ગએ. યહાં ચંદ સહાબિયાને રસૂલ કે **મઝારાત થે. દોનોંને મઝારત મિસ્માર કર દિયે."**

(જુઓ :– **સવાનેહ હયાત સુલતાન અબ્દુલ અઝીઝ આલે**

**સઉદ** પેજ નં. ૪૧ અને ૪૨, લેખક :— સૈયદ સરદાર મુહમ્મદ હસની બી.એે. ઓનર્સ, બ—હવાલા :— **"તારીખે નજદો હિજાઝ"** પેજ નં. ૪૫

**—: અનુવાદ :—**

"શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબનો પ્રથમ મહત્વનો સમ—વિચાર ઉસ્માન ઈબ્નેમુઅમ્મર, ઉયયનાનો વહીવટદાર હતો. શયખે તેની પાસેથી સોગંદ લીધા કે તે મઝારો અને નિસ્બત ધરાવનારા સ્થળોને નષ્ટ કરવામાં મદદ કરશે. ઈબ્ને મુઅમ્મર કબૂલ થયો. બન્ને સહમત થઈને જબીલા ગયા. ત્યાં અમુક કબ્રો સહાબીએ રસૂલની હતી. બન્ને જણાએ તે મઝારો તોડી પાડયા."

વાંચકો ! શયખે નજદીના કારનામા શરૂઆતથી જ ઈસ્લામ વિરૂધ્ધ હતા. સહાબા—એ—કિરામના મુકદ્દસ મઝારોની બેહુરમતીથી તેણે પોતાની કામગિરી પ્રારંભી. અમુક કબ્રો તોડી પાડી પણ તેનાથી તે સંતુષ્ટ ન થયો. કેમ કે જબીલા શહેરમાં એક મશહૂર મકબરો હતો. તે મકબરામાં ઈસ્લામના બીજા ખલીફા **હઝરત ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો તઆલા અન્હોના ભાઈ **હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ** રદીઅલ્લાહો તઆલા અન્હોની મુબારક કબ્ર હતી. હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો તઆલા અન્હો એક મહાન શહીદ અને સહાબીએ રસૂલ હતા.

નબુવ્વતનો ખોટો દાવો કરનાર **મુસયલમા કઝઝાબ**નું માથું કચડવા હઝરત **અબુબક્ર સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો અન્હોએ મુજાહિદે—ઈસ્લામ હઝરત **ખાલિદ ઈબ્ને**

**વલીદ** રદીઅલ્લાહો અન્હોની સરદારી હેઠળ જે લશ્કર મોકલેલું તેમાં હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ શામેલ હતા અને તે જંગમાં આપે ઈસ્લામી લશ્કરની ડાબી પાંખની જવાબદારી સંભાળેલી. આ જંગ ઈસ્લામી ઈતિહાસમાં ઘણા જ મહત્વની સાથે આલેખાએલી છે. આ જંગમાં ખોટી નબુવ્વતનો દાવેદાર મુસયલમા કઝઝાબ મરાયો અને તેના દસ હજાર સૈનિકો અને એક બીજી રિવાયત મુજબ તેના એકવીસ હજાર (૨૧૦૦૦) સૈનિકો કપાઈ મૂઆ. ઈસ્લામી લશ્કરમાંથી કુલ છસ્સો મુજાહિદો **"શહીદ"** થએલા જે પૈકી સાડા ચારસો (૪૫૦) તો હાફિઝે કુરઆન હતા.

(હવાલા માટે જુઓ :— **"મગાઝી આં હઝરત સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ"** પેજ નં. ૨૦૯/૨૧૦ લેખક :— **અલ્લામા મુહમ્મદ ઈબ્ને અમ્ર વાકદી**

ઉપરોક્ત વર્ણનીય જંગમાં ઘણી જ બહાદુરી પૂર્વક લડીને અંતે હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હો શહીદ થએલા. આપનો મઝાર તે જંગના ઈલાકાની નજીકના શહેર જબીલામાં શાનદાર મકબરા સ્વરૂપે બનાવવામાં આવેલો. શયખે નજદીને હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હોના મકબરાનો ગુંબદ **આંખમાં કણાની જેમ** ખુંચતો હતો. જેથી તેણે પોતાના મિત્ર ઉસ્માન ઈબ્ને મુઅમ્મરની સહાયથી તે મકબરો તોડી પાડયો. જેનું વર્ણન કરતાં 'નજદ'ના ઈતિહાસકાર લખે છે કે :—

"સુમ્મા—અન્નશ—શયખા—અરાદા—અંય—યહદમા—કુબ્બતા—કબરા—ઝયદ—ઈબ્ને—ખત્તાબ—રદીઅલ્લાહો—અન્હો—અલ્લતી—ઈન્દલ—જબીલા ◆ ફ—કાલા—લે—ઉસ્માના—દઅના—નહદેમો

—હાઝેહિલ—કુબ્બતા—અલ્લતી—વોદેઅત—અલલ—બાતિલે—વ—દલ્લા—બેહન્નાસો—અનિલ—હુદા ◆ ફ—કાલા—દુનકહા—ફ—અહદિમ્હા ◆ ફ—કાલશ—શયખો—અખાફો—મિન—અહલિલ—જબીલતા—અંય—યૂકઅ—બેના—વલા—અસ્તતીઓ—હદમહા—ઈલ્લા—વ—અન્તા—મઅઅી ◆ ફ—સારા—મઅહુ—ઉસ્માનો—બે—નહવે—સિત્તા—મિઅતા—રજાુલિન ◆ ફ—લમ્મા—ઈકતરબુ—મિન્હા—ઝહરૂ—અલયહિમ—અહલુલ—જબીલતા—યુરી—દુના—અંય—યમનઉહા—ફ—લમ્મા—રઅહુમ—ઉસ્માનો—અલિમા—મા—હમ્મુ—બેહિ—ફ—તાહબા લે—હર્બેહિમ ◆ ફ—લમ્મા—રઅઉ—ઝાલેકા—કફફુ—અનિલ—હર્બે—વ—ખલ્લૂ—બયનહુમ—વ—બયનહુમા—ઝકરો—લી—અન્ના—ઉસ્માના—લમ્મા—અતાહા—કાલા—લિશ્શયખે—નહનો—લા—નતઅરેઝોહા—ફ—કાલા—અઅતુનીલ—ફાસા—ફ—હદમ—શ—શયખો—બે—યદિહે—હત્તા—સાવાહા."

(હવાલા માટે જુઓ :—**"ઉન્વાનુલ—મજદ—ફી—તારીખિન—નજદ"** (અરબી), ભાગ—૧, પેજ નં. ૯ અને ૧૦, લેખક :— ઉસ્માન ઈબ્ને બશર નજદી)

**—: અનુવાદ :—**

**"ફિર શયખને જબીલા મેં હઝરત ઝયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હો કા ગુમ્બદ ઢાને કા ઈરાદા કિયા ઔર અપને મુઆવિન ઉસ્માન સે કહા, આઓ ! હમ દોનોં મિલકર ઈસ કુબ્બે કો ગિરા દેં, જિસને લોગોં કો ગુમરાહ કર દિયા હય. ઉસ્માનને કહા :— યે કામ તુમ ખૂદ હી કરો. શયખે નજદીને કહા, મૈં એહલે જબીલા સે ડરતા હું, વો હમ પર હમલા કર દેંગે, મૈં તુમ્હારી મુઆવેનત કે**

**બગૈર ઈસ કુબ્બે કો ગિરાને કી તાકત નહીં રખતા. યે સુનકર ઉસ્માન અપને છેસો (૬૦૦) સાથીયોં કે સાથ શયખે નજદી કો લેકર ચલ પડા. જબ એહલે જબીલાને દેખા તો વો મઝાહિમ હુએ. લૈકિન જબ ઉસ્માન કે આદમી લડાઈ કે લિયે તૈયાર હો ગએ, તો ઉન્હોંને ઉનકા રાસ્તા છોડ દિયા. જબ ઉસ્માન કુબ્બે કે પાસ પહોંચા, તો ઉસને કહા, હમ લોગ ઈસ કુબ્બે કો હાથ નહીં લગાએંગે. શયખે નજદીને કહા, મુઝે કુલ્હારી દો. ફિર શયખે નજદીને હાથમેં કુલ્હારી લેકર કુબ્બે કો તોડના શરૂઅ કિયા, હત્તા કે ઉસકો ઝમીન કે હમવાર કર દિયા."**

(હવાલા માટે જુઓ :– **"તારીખે નજદો હિજાઝ"** પેજ નં. ૪૬ અને ૪૭)

**–: અનુવાદ :–**

"પછી શયખે જબીલા ખાતે આવેલો હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હોનો ગુંબદ તોડી પાડવાનો નિશ્ચય કર્યો અને પોતાના સહાયક ઉસ્માનને કહ્યું કે ચાલો,આપણે બન્ને મળીને આ મકબરાને તોડી પાડીએં, કે જે મકબરાએ લોકોને ગુમરાહ બનાવી દીધા છે. ઉસ્માને કહ્યું કે આ કામ તમે ખુદ જ અંજામ આપો, શયખે નજદીએ કહ્યું કે હું જબીલાના રહેવાસીઓથી ડરૂં છું કે તેઓ અમારા ઉપર હુમલો કરી દેશે અને તમારી મદદ વગર આ મકબરાને તોડી પાડવાની હું શકિત ધરાવતો નથી. આ સાંભળીને ઉસ્માન પોતાના છસ્સો (૬૦૦) સાથીદારો સાથે શયખે નજદીની સાથે ચાલી નિકળ્યો. જ્યારે જબીલા વાસીઓએ જોયું કે આ લોકો મકબરો તોડવા આવી રહ્યા છે તો જબીલા વાસીઓ

ઘર્ષણ માટે તૈયાર થયા, પણ ઉસ્માનની સાથેના લોકો પણ લડી લેવા માટે તૈયાર થયા તો જબીલાના લોકો થંભી ગયા અને તેઓએ ઉસ્માનનો માર્ગ ખુલ્લો છોડી દીધો. જયારે ઉસ્માન મકબરાની સમીપ પહોંચ્યો, તો તેણે કહ્યું કે અમો આ મકબરાને હાથ નહીં લગાડીએં. શયખે નજદીએ કહ્યું કે મને કુહાડી આપો. ત્યારબાદ શયખે નજદીએ પોતાના હાથમાં કુહાડી લઈને મકબરાને તોડવો શરૂ કર્યો, ત્યાં સુધી કે તેણે મકબરાને જમીનદોસ્ત કરી દીધો."

હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હોના મકબરાને શયખે નજદી દ્વારા તોડી પાડવાની ઘટનાને શયખે નજદીની લખેલી કિતાબ **"અત્તૌહીદ"**નો ઉર્દુ અનુવાદ કરનાર **અબુ—અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને યુસુફ સૂરતી**એ પણ સમર્થન આપ્યું છે. **"અત્તોહીદ"** કિતાબના ઉર્દુ અનુવાદમાં **"મુકદ્દમતુલ—કિતાબ"**ના નામે જે પ્રસ્તાવના લખી છે તે પ્રસ્તાવનાના પેજ નં. ૧૩ ઉપર ઉપરોકત ઘટનાને સમર્થન આપતાં લખે છે કે :—

**"શયખ ને બઝાતે ખૂદ કુદાલ લે કર ઉસે ઢાના શરૂ કર દિયા ઔર ઝમીન સે મિલા કર દમ લિયા."**

**—: અનુવાદ :—**

"શયખે નજદીએ સ્વંય કોદાળી લઈને તેને તોડવો શરૂ કરી દીધો અને ઝમીન દોસ્ત કર્યા બાદ જ શ્વાસ લીધો."

ઉપરોકત ઘટના ઈસ્લામના ઈતિહાસમાં એક કલંક સ્વરૂપે આલેખાએલી છે. બલ્કે આ ઘટના વાંચીને એક મુસ્લિમનું માથું શરમથી ઝૂકી પડશે કે ઈસ્લામની આન—બાન—શાન બાકી

રાખવા માટે જે હસ્તીએ પોતાના પ્રાણની આહુતિ આપેલી, તે હસ્તી એટલે કે હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હોની યાદગાર સ્વરૂપે બનાવવામાં આવેલો મકબરો **"ફકત નામના જ"** અને **"કહેવાતા"** મુસ્લિમો તોડી રહ્યા છે. તેનાથી પણ વધુ શરમની બલ્કે મરી જવું પડે તેવી બીના એ છે, કે આવી શરમજનક ઘટનાને વહાબી—તબલીગી ગ્રુપના લેખકો શયખે નજદીની કારકિર્દીની મહાન સિદ્ધી તરીકે ઘણા જ ગર્વથી વર્ણન કરે છે.

એક સહાબી—એ—રસૂલના મુકદ્દસ મઝારને શયખે નજદી જે ઝનૂનથી તોડી પાડે છે, તે ઝનૂન જ એ વાતની ચાડી ખાય છે કે શયખે નજદીના દિલમાં ઈસ્લામના મહાન બુઝુર્ગોની દુશ્મની ઠાંસી ઠાંસીને ભરેલી હતી. તેથી જ તેણે એકલા હાથે હઝરત ઝેયદના મઝારને શહીદ કરી દીધો. **પેટમાં દુ:ખે અને માથું કુટે** એ કથન અનુસાર શયખે નજદીએ પોતાના દિલમાં રહેલી દુશ્મનીનો વટક વાળવા એવું બહાનું કાઢયું કે હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબના મઝાર શરીફ ઉપર નઝરો—ન્યાઝ ચઢાવવામાં આવી રહી છે. અને આ મઝારથી લોકો ગુમરાહ થઈ રહ્યા છે.

અહીં એક સ્પષ્ટતા અનિવાર્ય છે, કે વહાબી મઝહબની ચળવળના મુખ્ય સુત્રધાર અને સંશોધક **શયખે નજદી**એ હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હોના મકબરાને શહીદ કરવા માટે ખુલ્લમ ખુલ્લા ગુંડાગિરીનો આશરો લીધો અને ઉયયના શહેરના વહીવટદાર ઉસ્માન જેવી વર્ચસ્વ ધરાવનાર વ્યકિતની શકિતનો દુરૂપયોગ કર્યો. ઉસ્માન જેવી વ્યકિતનો સહકાર મળવાના કારણે તેને મકબરો તોડી પાડવામાં

કોઈ વિશેષ અડચણ ન આવી. આ ઘટનાએ શયખે નજદીના માનસને આતંકવાદ, દાદાગિરી, ગુંડાગિરી અને જોર–જુલ્મ કરવા તરફ વાળી દીધો. તે દિવસ પછી તેણે નકકી કર્યુ કે સમગ્ર મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાય તેવી કોઈપણ પ્રવૃતિ આચરવામાં એવી વ્યકિતને સાથે રાખવી કે જેની પાસે સામાજિક હોદ્દો, આર્થિક સદ્ધરતા, હથિયારો, માણસો અને સાહસવૃતિ હોય. આ બધી શકિતઓના કારણે તેનું વર્ચસ્વ સમાજમાં એટલી હદે સ્થાપિત હોય કે તેનો વિરોધ કરવા કે તેની સાથે ઝઘડો કરવાથી લોકો ડરતા હોય.

જો કે શયખે નજદીને હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હોનો મકબરો તોડી પાડવામાં સહકાર આપનાર ઉયયનાના વહીવટદાર ઉસ્માન ઈબ્ને મુઅમ્મરનું વર્ચસ્વ મર્યાદિત હતું. ઉયયના અને તેના આસપાસના વિસ્તારમાં ઉસ્માનની ધાક નિ:શક હતી પણદૂર દૂર સુધીના પ્રદેશ સુધી ઉસ્માનનું ધાર્યુ વજન પડે તેમ નહોતું. શયખે નજદીને એવી વ્યકિતની શોધ હતી કે જે ઉસ્માનની સરખામણીમાં **મોટું માથું** હોય. જો કે આ કિતાબના પેજ નં. ૬૩ ઉપર વર્ણન કર્યા મુજબ **અંગ્રેજ જાસૂસ હમફે**એ શયખે નજદી **મુહમ્મદ ઈબ્ને અ. વહાબ** અને ઈબ્ને સઉદ **મુહમ્મદ ઈબ્ને સઉદ**ની વચ્ચે સહકારના તાર ગુંથી આપેલા, પણ શયખે નજદી અને ઈબ્ને સઉદ હજી સુધી એક બીજાના સંપર્કમાં નહોતા આવ્યા. પણ અચાનક સંજોગો એવા ઉપસ્થિત થયા કે બન્ને જણા એક બીજાના સંપર્કમાં આવી ગયા.

# શયખે નજદી માટે મોતનું ફરમાન

જબીલા શહેરમાં હઝરત ઝેયદ ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હોનો મકબરો શહીદ કર્યા બાદ શયખે નજદીએ આસપાસના વિસ્તારમાં આવેલી અનેક કબરો, દરગાહો, કુબ્બાઓ અને મકબરાઓ તોડી પાડયા. બુઝુર્ગાને દીનની મુકદ્દસ દરગાહો અને મકબરાઓ તોડી પાડયાની ખબર વાયુ વેગે વાતાવરણમાં ચૌમેર પ્રસરી. આ ખબર ફેલાતાં જ મુસ્લિમોમાં હાહાકાર મચી ગયો. ઉડતી ઉડતી આ વાત જબીલા શહેરથી થોડે દુર આવેલા **અહસાઅ** નામના શહેરના વાલી (વહીવટદાર) **સુલેમાન ઈબ્ને મુહમ્મદ** સુધી પહોંચી. સુલેમાન અહસાઅ શહેરનો હાકિમ હતો અને બુઝુર્ગાને દીન પ્રત્યે અકીદત અને મહોબ્બત રાખતો હતો. હઝરત ઝેયદના મકબરાને તોડી પાડયાની ઘટનાથી તે ધૂઆંફૂઆં થઈ ગયો અને તેણે ઉયયના ના વાલી ઉસ્માનને એક ધમકી પત્ર લખ્યો.

**"ઈસી કિસ્મ કી ખબરેં જબ સુલેમાન ઈબ્ને મુહમ્મદ કો પહોંચી, જો ઉસ ઝમાને મેં અહસાઅ કા હાકિમ થા. ઉસને ઉસ્માન કો એક તેહદીદ આમેઝ ખત લિખ્ખા કે તુમ્હારે પાસ જો આલિમ હય ઉસને કુબ્બા ઢા દિયા ઔર ઈસ કિસ્મ કે**

**બહોત સે કામ કિયે જો હમારે યહાં અબ તક ન હુવા કરતે થે, ઉસે ફૌરન કત્લ કર દે. વરના તેરા સાલાના હમારે યહાં સે જો કુછ મુકર્રર હય, બંદ કર દિયા જાએગા ઔર હમ ખૂદ તેરે મુકાબલે કે લિયે ફૌજ લે કર આએંગે. ઉસ ખતને ઉસ્માન કે હોશો–હવાસ ઉડા દિયે. ઉસે સખ્ત કલક ઔર ઈઝતેરાબ હુવા. ઉસને શયખ સે પૂરી કેફિયત બયાન કી. હર ચંદ શયખને બહોત કુછ સમઝાયા, નસીહત કી, મગર ઉસ કે દિલ સે વો ખ્યાલ ન હટા. આખિર એક રોઝ કહેલા ભેજા કે : "સુલેયમાન ને આપ કે કત્લ કા હુકમ દે દિયા હય. હમ ઉસ કે હુકમ કી મુખાલેફત નહીં કર સકતે, ન હમમેં ઉસ કી જંગ કી તાબ હય, ન વો સાલના છોડ સકતે હંય જો વો દિયા કરતા હય, ન આપ કો અપને મુલ્ક મેં કત્લ કરના પસંદ કરતે હંય, લેહાઝા આપ કિસી ઔર જગહ ચલે જાઈયે."**

(હવાલા માટે જુઓ :– **શયખે નજદી**ની કિતાબ **"અત્તૌહીદ"**ના ઉર્દુ અનુવાદમાં "મુકદ્દમતુલ–કિતાબ"ના નામે લખાએલી પ્રસ્તાવના, પેજ નં. ૧૪ અઝ :– અબુ અબ્દુલ્લાહ **મુહમ્મદ ઈબ્ને યુસુફ સૂરતી,** તારીખ ૨, જમાદિલ આખિર, હિ.સ. ૧૩૫૦, પ્રકાશક :– મતબઅ જામેઆ મિલ્લિયા, કરોલ બાગ, દિલ્હી.)

**–: અનુવાદ :–**

"આવા પ્રકારની ખબરો જયારે સુલેમાન ઈબ્ને મુહમ્મદને મળી, જે તે વખતે અહસાઅનો હાકિમ હતો. તેણે ઉસ્માનને એક ધમકી ભર્યો પત્ર લખ્યો કે તમારે ત્યાં જે મોલ્વી છે

તેણે મકબરો તોડી નાખ્યો અને આવા પ્રકારના અનેક કામો એવા કર્યા છે, કે જે કામો અમારે ત્યાં કદી પણ નથી થયા. તે મોલ્વીને તાત્કાલિક **'કતલ'** કરી નાખ, નહીંતર અમારા તરફથી તને જે વાર્ષિક નાણાંકીય સહાય આપવામાં આવે છે તે બંધ કરી દેવામાં આવશે અને હૂં ખૂદ તારી સાથે યુદ્ધ કરવા લશ્કર લઈને આવીશ. આ પત્રે ઉસ્માનના હોશ–કોશ ઉડાડી નાખ્યા. તેને ઘણો **રંજ** અને ગભરાટ થયો. ઉસ્માને શયખે નજદી સમક્ષ સમગ્ર કેફિયત વર્ણવી. શયખે નજદીએ ઉસ્માનને ઘણો સમજાવ્યો, નસીહત કરી પણ ઉસ્માનના મનમાંથી સુલેમાનના પત્રનો વિચાર દૂર થયો નહીં, અંતે... એક દિવસ તેણે શયખે નજદીને કહેવડાવ્યું કે :– "સુલેમાને તમને **'કતલ'** કરવાનો હુકમ આપી દીધો છે. અમો તેના હુકમનો વિરોધ નથી કરી શકતા, કે નથી તેના આક્રમણ સામે ઝીક ઝીલી શકતા, કે નથી તેના તરફથી મળતી વાર્ષિક સહાય તજી શકતા અને અમો તમને અમારા પ્રદેશમાં **'કતલ'** કરવા પણ નથી ઈચ્છતા, માટે તમો અન્ય કોઈ સ્થળે ચાલ્યા જાઓ."

સુલેમાન ઈબ્ને મુહમ્મદના એક પત્રથી શયખે નજદીના સહાયક ઉસ્માનના **મોતીયા મરી ગયા.** સમય પારખીને તક–સાધૂ ઉસ્માને ખુલ્લા શબ્દોમાં શયખે નજદીને અન્યત્ર ચાલ્યા જવાનું કહી દીધું. ઉસ્માનની ખૂદની હાલત કફોડી હતી. સુલેમાન ઈબ્ને મુહમ્મદના ધમકીભર્યા પત્રથી તે ખળભળી ઉઠયો હતો. સુલેમાન અને શયખે નજદીની વચ્ચે તે બરાબર સલવાણો હતો. સુલેમાનનો આદેશ હતો કે શયખે નજદીને પતાવી નાખો. સુલેમાનનું ફરમાન ટાળી શકાય એમ નહોતુ અને શયખે નજદીને પોતાના વિસ્તારમાં મારી નાખવાનું તેને પસંદ નહોતું એટલે તેણે શયખે નજદીનું બારોબાર **કાટલું કાઢી નાખવાનું** કાવત્રું

ઘડી કાઢયું. શયખે નજદી સમક્ષ સુલેમાનના ધમકીપત્રની ગંભીરતા વર્ણવીને પોતાની મજબૂરી વ્યકત કરી. શયખે નજદી પ્રત્યે સહાનુભૂતિ બતાવી અને ઉયયના શહેરથી અન્ય સ્થળે હિજરત કરી જવાની વિનવણી કરી. ઉસ્માનની રજૂઆત અને સંજોગની ગંભીરતા સ્વીકારી શયખે નજદી ઉયયના શહેર તજી દેવા કબૂલ થયો. ઉસ્માને જે કાવત્રું ઘડેલું તે એ પ્રમાણે હતું કે :—

**"ઉસ્માનને અપને એક શેહસવાર કો હુકમ દિયા કે ચંદ સવારોં કો લે કર ઈસ શખ્સ કો જહાં ચાહો લે જાઓ. ઔર ફલાં મકામ પર જબ યે પહોંચે તો ઈસે કત્લ કર કે વાપિસ આ જાના. શયખને કહા, મૈં દરઈય્યહ જાના ચાહતા હૂં. ચુનાંચે અયન દો—પહર કી ગર્મી મેં પા—પિયાદા શયખને યે સફર કિયા. સવાર પીછે પીછે આ રહે થે ઔર શયખ આગે આગે... આખિર જિસ મકામ પર કત્લ કા હુકમ થા, વહાં પહોંચ કર સવારને કત્લ કરના ચાહા, મગર...આખિર શયખ કો છોડકર વાપિસ ચલા આયા.... સફર કે બાદ મસાઈબ વ આલામ ઝીલતે હૂએ અસ્ર કે વકત શયખ દરઈય્યહ કે હુદ્દદ મેં પહોંચે ઔર મુહમ્મદ ઈબ્ને સુવયલમ ઉરયની કે યહાં ઠહેરે."**

(હવાલા માટે જુઓ : **"અત્તોહીદ"**ના ઉર્દુ અનુવાદની પ્રસ્તાવના પેજ નં. ૧૪ અને ૧૫, અઝ :— અબુ—અબ્દુલ્લાહ **મુહમ્મદ ઈબ્ને યૂસુફ સૂરતી.**)

(ઉપરોકત ફકરાનો સારાંશ એ કે ઉસ્માને પોતાના માણસોને એવી સુચના આપેલી કે શયખે નજદી જયાં પણ જવાનું કહે ત્યાં તેને લઈ જવો અને રસ્તામાં તેની હત્યા કરી પરત આવી

જવું. શયખે નજદીએ **દરઈય્યહ** જવાની ઈચ્છા વ્યકત કરી અને તેની ઈચ્છાનુસાર ઉસ્માનના માણસોએ દરઈય્યહનો માર્ગ પકડયો. માર્ગમાં અગાઉ નકકી કરેલા સ્થળે પહોંચીને શયખે નજદીને કતલ કરવાનો મનસૂબો ફળીભૂત થયો નહીં અને ઉસ્માનના માણસો શયખે નજદીને જીવંત તજી દઈને પરત ચાલ્યા આવ્યા. શયખે નજદી પ્રવાસનો કષ્ટ વેઠી સંધ્યા સમયે દરઈય્યહ પહોંચ્યો અને પોતાના એક સબંધી મુહમ્મદ ઈબ્ને સુવયલમને ત્યાં રોકાયો.

ખુદા ભલું કરે જનાબ સુલેયમાન ઈબ્ને મોહંમદનું કે જેણે શયખે નજદીની અસલીયત પિછાણી અને તેને 'કતલ' કરવાનો આદેશ આપ્યો.

અને ...

ખુદા કદી માફ ન કરે ઉસ્માનના માણસોને જેમણે શયખે નજદીને જીવતો છોડી દીધો.

કાશ ! જો ઉસ્માનના માણસોએ બેદરકારી ન દાખવી હોત અને પોતાની ફરજ પ્રત્યે સભાન રહીને શયખે નજદીનો ખાત્મો બોલાવી દીધો હોત, તો તેઓનું આ કામ મિલ્લતે ઈસ્લામીયા ઉપર એક મહાન ઉપકાર સમાન હોત અને ઈસ્લામી ઈતિહાસની દિશા જ પલટાઈ ગઈ હોત. પણ અફસોસ ! ઉસ્માનના માણસો **મહાન ફિત્નાના મૂળને નાથવામાં નિષ્ફળ ગયા** અને કયામત સુધી બાકી રહેનારા **વહાબી મઝહબના ફિત્ના**ની ભયાનક આંધીને અટકાવી શકયા નહીં.

જો ! શયખે નજદીને ઉસ્માનના માણસોએ **ઉગતો જ ડામી દીધો હોત** તો આજે ઘર ઘર મઝહબના નામે ચાલતા આંતર વિગ્રહો જ ન હોત. અને મિલ્લતે ઈસ્લાતીયાનો દરેક શખ્સ અમન અને શાંતિની ઝિન્દગી જીવતો હોત. મુસ્લિમોની શકિત, સમય અને સંપત્તિનો અંદરો અંદરની લડાઈમાં એટલો દુર્વયય થયો છે, થઈ રહ્યોં છે અને થવાનો છે, કે જો તેનો આવો દુરૂપયોગ ન થયો હોત અને તેના બદલે સદ્દપયોગ મુસ્લિમોના વિકાસ માટે કરવામાં આવ્યો હોત તો આજે મુસ્લિમોની વિશ્વની નંબર એકની શકિત–શાળી કોમ તરીકે ગણતરી થઈ હોત અને વિશ્વની મહાસત્તા આજે અમેરિકાને બદલે ઈસ્લામી રાષ્ટ્રના હાથમાં હોત. પણ અફસોસ ! મુસ્લિમોને દરેક ક્ષેત્રે પછાત રાખવાની સ્કીમમાં અંગ્રેજો લગભગ સફળ થયા અને શયખે નજદી જેવા **ઈસ્લામના ગદ્દાર**ના કારણે મુસ્લિમોનું ઝળહળતું ભવિષ્ય અંધકારના ઓછાયા હેઠળ ઢંકાઈ ગયું.

ખેર ! શયખે નજદી જેમ તેમ કરીને ઉયયનાથી **દરઈય્યહ** પહોંચ્યો અને જે શખ્સને ત્યાં તેણે આશરો લીધો તે શખ્સ મુહમ્મદ ઈબ્ને સુવયલમ, શયખે નજદીનો શિષ્ય પણ હતો.તે સમયે દરઈય્યનો હાકિમ અને અમીર **મુહમ્મદ ઈબ્ને સઉદ** હતો. શયખે નજદીની ઈચ્છા ઈબ્ને સઉદથી સંપર્ક સાધી તેની મદદ મેળવવાની હતી પણ હજી સુધી શયખે નજદી ઈબ્ને સઉદથી પરિચિત નહોતો.

# શયખે નજદીનો ઈબ્ને સઉદ સાથે સંપર્ક

દરઈય્યહમાં સ્થાયી થયા બાદ શયખે નજદીએ ધીરે ધીરે પોતાનું સર્કલ બનાવવું શરૂ કરી દીધું. શયખે નજદીના યજમાન ઈબ્ને સુવયલમના નિવાસ સ્થાને તેણે ખાનગીમાં પ્રવચનો શરૂ કર્યા. ધીરે ધીરે અમુક લોકો તેના પ્રવચનમાં નિયમિત આવવા લાગ્યા. શયખે નજદીની વકતૃત્વ કળા અને છટાથી અમુક લોકો પ્રભાવિત થઈ ગયા અને તેના સમર્થક બની ગયા. થોડા સમય પછી શયખે નજદીના વર્તુળ ના લોકોએ ઈબ્ને સઉદથી શયખે નજદીનો પરિચય કરાવવાનો ઈરાદો કર્યો પણ ઈબ્ને સઉદથી સીધે સીધા સંપર્કમાં આવવાનું ઉચિત અને યોગ્ય લાગ્યું નહી. જેથી તેમણે એક યુક્તિ કરી કે ઈબ્ને સઉદની પત્નિને માધ્યમ બનાવી, તેણી મારફત જ ઈબ્ને સઉદની સાથે શયખે નજદીની મુલાકાત ગોઠવવી.

આ યુક્તિના પુરાવા માટે અત્રે અમુક હવાલાઓ રજુ કરૂં છું.

**"પહેલે ઉન્હોંને ચાહા કે ઈબ્ને સઉદ સે ઈસ કા ઝિક્ર કરેં, મગર ઈસ ખૌફ સે કે મુબાદા કહીં વો મુખાલેફત ન કર બૈઠે રૂક ગએ, ઔર યે મસ્લેહત ખયાલ કી કે ઉસકી બીવી સે પહેલે ઝિક્ર કિયા જાએ, જો બહોત આકેલા ઔર મુદબ્બેરા થી. યે લોગ ઉસ કે યહાં પહોંચે, ઔર શયખ કી પૂરી હાલત બયાન કી. ઉન કી દઅવત ઔર તબલીગ કા ઝિક્ર કિયા. અલ્લાહ ને**

**ઉસ કે દિલ મેં શયખ કી મહોબ્બત ડાલ દી. ઉસને નિહાયત ખૂબી સે અપને ખાવિંદ મુહમ્મદ ઈબ્ને સઉદ સે પૂરા વાકેઆ બયાન કિયા ઔર કહા : અલ્લાહને ઈસ શખ્સ કો આજ તેરે પાસ ભેજા હય. યે બડી ગનીમત હય. ઈસે કબૂલ કર, ઈસ કી મદદ ગનીમત જાન, ઈસ કી ઈઝઝત વ તૌકીર જહાં તક હો સકે કર, ઉસને યે બાત કબૂલ કી ઔર અલ્લાહ તઆલા ને ઉસ કે દિલ મેં ભી શયખ કી મહોબ્બત ડાલ દી."**

**"ઈબ્ને સઉદ ખૂદ ઈબ્ને સુવયલમ કે મકાન પર પહોંચ કર શયખ સે મિલા ઔર નિહાયત તઅઝીમ વ તકરીમ સે પૈશ આયા."**

(હવાલા માટે જુઓ :— શયખે નજદીની કિતાબ **"અત્તૌહીદ"**ના ઉર્દુ અનુવાદમાં **"મુકદ્દમતુલ કિતાબ"ના** શિર્ષક હેઠળ લખાએલી પ્રસ્તાવના પેજ નં. ૧૫, અઝ :— અબૂ અબ્દુલ્લાહ **મુહમ્મદ ઈબ્ને યૂસુફ સૂરતી,** તા. ૨ જમા. આખિર, હિ.સ. ૧૩૫૦, પ્રકાશક :— મકતબા જામેઆ મિલ્લીયા, દિલ્હી)

**—: અનુવાદ :—**

**પ્રથમ તેઓએ ઈચ્છયું કે ઈબ્ને સઉદ સમક્ષ શયખે નજદીનું વર્ણન કરીએ પણ તેમાં તેઓને એવો ભય લાગ્યો કે કયાંક ઈબ્ને સઉદ અર્થ વગર વિરોધ ન કરી બેસે, જેથી તેઓએ તે વિચાર માંડી વાળ્યો અને એ યુકિત વિચારી કે પહેલાં ઈબ્ને સઉદની પત્નિ પાસે રજુઆત કરવામાં આવે, કેમકે તેણી અતિ—બુદ્ધિશાળી અને યુક્તિબાજ હતી. આ લોકો પ્રથમ તેણી પાસે ગયા અને શયખે નજદીની સમગ્ર સ્થિતી વર્ણન કરી, શયખની**

ચળવળ અને તબલીગીનું વર્ણન કર્યુ. અલ્લાહએ તેણીના હૃદયમાં શયખ પ્રત્યેની મહોબ્બત નાખી દીધી. તેણીએ ઘણી જ ઠાવકાઈથી પોતાના પતિ મુહમ્મદ ઈબ્ને સઉદ સમક્ષ સમગ્ર બીના કહી સંભળાવી અને પોતાના પતિને કહ્યું કે :– અલ્લાહે આ શખ્સને આજે તારી કને મોકલ્યો છે તે મોટા ફાયદાની બાબત છે. તેનો સ્વીકાર કર, તે શખ્સને મદદ કરવી યોગ્ય સમજ, તેનો આદર અને સન્માન બની શકે તેટલો કર. ઈબ્ને સઉદે પોતાની પત્નિની વાત સ્વીકારી અને અલ્લાહે તેના દિલમાં પણ શયખની મહોબ્બત નાખી દીધી."

"ઈબ્ને સઉદ સ્વયં ઈબ્ને સુવયલમના મકાને જઈને શયખથી મળ્યો અને અત્યંત આદર અને સન્માન વ્યકત કર્યા."

**"અમીર મુહમ્મદ ઈબ્ને સઉદ જો શયખ કી દાઅવત સે પહેલે ભી હુસ્ને અખ્લાક મેં મશહૂર થા. અપની બીવી કી ગુફતગૂ સે મુતઅસ્સિર હુવા ઔર ઉસ કે દિલ મેં શયખ કી મહોબ્બત ઘર કર ગઈ. સબ કે ઈસરાર સે ઉસને મિલને મેં પહલ કી ઔર અખ્લાકો–અકીદત સે પઝીરાઈ કી."**

(હવાલા માટે જુઓ :– (૧) **"મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ"** પેજ નં. ૩૯ અને ૪૦, લેખક :– મસ્ઉદઆલમ નદવી. (૨) **"ઉન્વાનુલ–મજદ–ફી–તારીખે–નજદ"** ભાગ–૧, પેજ નં. ૧૨, લેખક :– ઉસ્માન ઈબ્ને બશર નજદી)

**–: અનુવાદ :–**

"અમીર મુહમ્મદ ઈબ્ને સઉદ કે જે શયખની ચળવળ પહેલાં પણ સદ–વર્તનમાં પ્રખ્યાત હતો. પોતાની

પત્નિની વાતચીતથી પ્રભાવિત થયો અને દિલમાં શયખની મહોબ્બત ઘર કરી ગઈ. બધાના આગ્રહના કારણે તેણે શયખ સાથે મુલાકાત કરવામાં પહેલ કરી અને સંસ્કાર તથા અકીદત વ્યકત કર્યા."

ઉપરોકત વર્ણનીય હવાલાઓથી એ વાત પુરવાર થઈ કે ઈબ્ને સઉદને શયખે નજદીનો સમર્થક અને સહાયક બનાવવામાં ઈબ્ને સઉદની પત્નિએ મહત્વનો ભાગ ભજવેલો. **વહાબી મઝહબની ચળવળ**માં આરંભથી જ સ્ત્રીઓ મહત્વનો ભાગ ભજવતી આવી છે. અગાઉ વર્ણન કર્યું એ મુજબ શયખે નજદીને વટલાવવા માટે અંગ્રેજ જાસૂસ **મિસ્ટર હમફ્રે**એ પણ **સફિયા** અને **આસિયા** નામની બે રૂપ લલનાઓનો ઉપયોગ કરેલો. તે બન્ને રૂપ સુંદરીઓએ શયખે નજદીને પોતાના મોહપાશમાં સપડાવીને તેના **'ઈમાન'** અને 'અમલ'ને ભ્રષ્ટ કરી દીધેલા.

અહીં આશ્ચર્ય તો એ વાતનું થઈ રહ્યું છે કે શયખે નજદીના અકીદા મુજબ અલ્લાહની મદદ મેળવવા માટે અંબિયાએ કિરામ અને બુઝુર્ગાને દીનનો વસીલો લેવો અને તેઓની શફાઅતની ઈચ્છા કરવી ગુમરાહી છે. પણ ઈબ્ને સઉદની મદદ મેળવવા માટે ઈબ્ને સઉદની પત્નિને વસીલો બનાવી તેણી મારફત ઈબ્ને સઉદ સમક્ષ સિફારીશ કરાવવામાં આવી રહી છે.

ઈબ્ને સઉદની પત્નિ દ્વારા આયોજિત ઈબ્ને સઉદ અને શયખે નજદીની મુલાકાત સફળ રહી. ઈબ્ને સઉદે શયખે નજદીને વચન આપ્યું કે હૂં તમારી ચળવળને તન–મન–ધનથી મદદ કરવા તૈયાર છું. બલ્કે તમારા વિરોધીઓ સાથે યુદ્ધ કરવામાં પણ પાછી પાની નહીં કરૂં. આવી રીતે ઈબ્ને સઉદ વચનબદ્ધ થયો અને તેણે શયખે નજદીના હાથ ઉપર બયઅત પણ કરી.

શયખે નજદી અને ઈબ્ને સઉદ વચ્ચે થએલ **'કરાર'**નો પ્રસંગ **હિજરી સન ૧૧૫૯** પ્રમાણે **ઈ.સ. ૧૭૪૫**માં થએલો, તે વખતે શયખે નજદીની વય **૪૨ વર્ષ** ની હતી.

આ કિતાબના **પેજ નં. ૫૭** ઉપર વર્ણન કર્યા મુજબ શયખે નજદીએ **હિ.સ. ૧૧૪૩**માં નવા મઝહબની ખુલ્લમ ખુલ્લા જાહેરાત કરેલી, તે જાહેરાતના **૧૩ વર્ષ** પછી તેને **ઈબ્ને સઉદ** જેવા શક્તિશાળી રાજવીનો ટેકો મળી રહ્યો છે. ઈબ્ને સઉદ સાથે શયખે નજદીના થએલા **"કરાર"** પછી વહાબી—નજદી ચળવળ અતિ—વેગવંતી બની. મઝહબ અને રાજકારણના મિશ્રણ દ્વારા તૈયાર કરાએલી નિતીએ અનિતીના તમામ શિખરો સર કરી લીધા.

ઈબ્ને સઉદ સાથે થએલા **"કરાર"** બાદ શયખે નજદીએ કાયમી ધોરણે **દરઈય્ય** શહેરને પોતાની ચળવળનું મૂખ્ય મથક બનાવી દીધું. શયખે નજદીએ ઈબ્ને સઉદની શકિતનો ભરપૂર ફાયદો ઉપાડયો અને પોતાનો વિરોધ કરનાર, સુન્ની મુસ્લિમોની ગરદનો ઉપર ઈબ્ને સઉદ મારફત આડેધડ તલવારો વીંઝાવી. **મઝહબ શયખે નજદીનો અને તલવાર ઈબ્ને સઉદની** આ ગઠબંધન એટલો ગાઢ હતો કે શયખે નજદીનો ઈશારો થતાં જ ઈબ્ને સઉદ પોતાના વિશાળ લશકર સાથે વિરોધીઓ ઉપર તૂટી પડતો અને તેઓનું સત્યાનાશ કાઢી નાખતો.

દરઈય્યમાં શયખે નજદીએ કાયમી નિવાસ કર્યાની વાત સર્વત્ર પ્રસરી ગઈ અને સાથે સાથે એ વાત પણ કે ઈબ્ને સઉદે ભરપૂર ટેકો જાહેર કર્યો છે. આ વાતની જાણ શયખે નજદીના જન્મ સ્થળ **ઉયયના**માં રહેલા શયખ ના સમર્થકોને થઈ, તો તેઓ ધીરે ધીરે ત્યાંથી **દરઈય્યા** તરફ આવવા લાગ્યા

અને એક વિશાળ સંખ્યા તેના અનુયાયીઓની ભેગી થઈ ગઈ. શયખે નજદી પ્રત્યે અમુક લોકોની સહાનુભુતિ ઈબ્ને સઉદના ટેકાના કારણે હતી કેમકે ઈબ્ને સઉદ ઘણો જ શકિતશાળી રાજવી હતો. વિપૂલ ધનની સાથે સાથે વિશાળ લશકર અને શસ્ત્ર સરંજામના કારણે તેની જબરી ધાક હતી. અમુક લોકો શયખે નજદીના ગંદા અકીદાઓના કારણે તેનાથી સખ્ત નફરત કરતા હતા. પણ શયખે નજદીનો ખુલ્લમ ખુલ્લા વિરોધ કરવાથી ડરતા હતા. કેમકે ઈબ્ને સઉદની સજાવેલી તલવાર પલ–ભરમાં માથું ઘડથી અલગ કરી દેતી.

અમુક તકવાદીઓ અને કમજોર ઈમાન રાખનારા અને સ્વાર્થી લોકો શયખે નજદીની ચળવળમાં ભળી ગયા, પણ તે સમયનો વિશાળ મુસ્લિમ સમુદાય શયખે નજદીનું અનુકરણ કરવાથી અળગો જ રહ્યો. બલ્કે, ઘણા લોકોએ ઈબ્ને સઉદનો ક્રોધ વહોરીને પણ વહાબી મઝહબનો વિરોધ કર્યો. પરિણામે તેઓ ઈબ્ને સઉદના અત્યાચારના ભોગ બન્યા અને જે યાતનાઓ ભોગવી છે તે એટલી ભયંકર છે. કે તેનું વર્ણન ઈતિહાસમાં વાંચતી વખતે એવું લાગે છે, કે ઈતિહાસના પૃષ્ઠોથી લોહીના આંસૂ ટપકી પડશે.

# તબલીગી જમાઅત કા ફરેબ

ચોર બનત હૈં દીન રહેબર, દીન કી તબ્લીગ કરતે હૈં,
જાહીલ, અનપઢ, ગુમરાહ, બેદીન, કોમ કે નાસેહ બનતે હૈં.
ઈલ્મે નબી કે હૈં યે મુન્કિર, ઈલ્મે શૈતાં કે કાઈલ,
શાને નબી મેં કરકે તૌહીન દીન સે મુરતદ હોતે હૈં.
લમ્બા કુરતા, લમ્બી ડાળી, ઘુટને તક હૈ પાજામા,
ગટટા કરકે પેશાની પર સર કો ખૂબ રગડતે હૈ.
ચીલ્લા ચીલ્લી, ફેરાફેરી, ગસ્તે કરીયા, શહેરો ગલી,
કારે શૈતાં કરને કો યે નામે મઝહબ જાતે હૈં.
ખાના,પકાના,સોના,ઉઠના,નહાના,ધોના,મસ્જીદ મેં
મસ્જીદ કો તો હોટલ સમજે ડેરા વહીં લગાતે હૈં.
બુગ્ઝે નબી સે કાલે દિલ કી કાલક ચેહરે પર ફૈલી,
પડે નઝર તો લાહૌલ પઢલો મનહૂસ સૂરત રખતે હૈં.
નિકલે તીર કમાન સે જૈસે, વૈસે નિકલેં ઈમાં સે,
નહીં ઉતરતા હલક કે નીચે–કુરઆં ગર યે પઢતે હૈં.
હઝારો બિદઅત ખુદ યે કરતે, ફિર ભી ઉનકા શેવા હૈ,
હુબ્બે નબી કી જાઈઝ રસ્મેં શિર્કો બિદઅત કહતે હૈં.
કહતે હૈ યે જાઈઝ નહી હૈ ન્યાઝે ગૌષે આઝમ ભી,
ખાને ન્યાઝ મીલે ઈનકો દો–દો હાથ સે ખાતે હૈં.
લમ્બી નમાઝેં, લમ્બે સજદે, ઉનકે વિર્દો વઝાઈફ કો,
દેખ કે મો'મીન ભોલેભાલે જાલ મેં ઉનકે ફંસતે હૈં.
મીઠી–મીઠી બાતે કરને દીન કી દાવત દેતે હૈં,
જાલ મેં અપની ફંસા કે યે ઠગ દોલતે ઈમાં લૂટતે હૈં.
પહુંચી જહાં ભી ઈનકી ટોલી કૌમ કે ટુકડે હોતે હૈં,
ચૈન સે જીને વાલો કો ભી, જાજા કે યે લડાતે હૈં.
આગા હોજા, ઈમાં વાલે, દીન કે ડાકૂ આએ હૈ,
આ'લા હઝરત વાલે ઉનકો ગાઉં સે અપને ભગાતે હૈં.

ફૈઝે રઝા સે **'મસ્રૂફ'** વાકિફ ઈને કે સારે ફરેબોં સે,
કહે જો આવો બહરે હુજ્જત, ભાગે ઔર મુકરતે હૈં.

Design by : **BS Graphics**-Porbandar (GUJ.) Mob.: 9374206914